**આજનો સુવિચાર**

હસતુ મન અને હસતો ચહેરો, આ જ જીવનની અસલ સંપત્તિ છે!

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૨૩૭ જૂનાગઢ તા.૧૯-૦૯-૨૦૨૪ ગુરૂવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 237, Junagadh : Date : 19 September, 2024, Thursday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay


## અમેરીકી ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજદર ઘટાડાતા શેરબજારમાં જોરદાર તેજી : ૮૦૦ પોઈન્ટનાં ઉછાળા સાથે સેન્સેકસ ઓલટાઈમ હાઈ

મુંબઈતા.૧૯
અમેરિકાએ ચાર વર્ષનાં ગાળા બાદ વ્યાજદરમાં ૦.૫૦ ટકાનો ઘટાડો કર્યાને પગલે ભારતીય શેરબજારમાં તેજીનો નવો જુવાળ સર્જાયો હતો. સેન્સેકસ ૮૦૦ પોઈન્ટના ઉછાળા સાથે નવી ઉંચાઈએ પહોંચ્યો છે. માર્કેટ કેપીટલાઈઝેશન રૂા.૪૭૦ લાખ કરોડને વટાવી ગયુ હતું. ભારતીય શેરબજાર લાંબા વખતથી તેજીમાં ધમધમી જ રહ્યું છે. ત્યારે વધુ એક પોઝીટીવ કારણ મળ્યુ હતું. અમેરીકી ફેડરલ રીઝર્વ દ્વારા ૦.૫૦ ટકાનો વ્યાજદર ઘટાડો જાહેર કરવામાં આવ્યો હતો તેને પગલે વિશ્વભરની માર્કેટોમાં જોરદાર ઉછાળો નોંધાયો હતો. બે મહિનામાં રાષ્ટ્રપતિપદની ચૂંટણી ધરાવતા અમેરિકામાં છેલ્લા મહિનાઓમાં મોંઘવારીનો દર સાડા ત્રણ વર્ષના તળીયે આવી જ ગયો છે.

એટલે સેન્ટ્રલ બેંક વ્યાજદર ઘટાડશે તે નિશ્ચિત ગણાતુ હતું. કેટલી માત્રામાં વ્યાજ ઘટાડાય છે તેના પર મીટ માંડવામાં આવી હતી. ગતરાત્રે કરેલી જાહેરાત મુજબ તેમાં ૦.૫૦ ટકાનો ઘટાડો કરવામાં આવ્યો હતો. ૨૦૨૦ પછી ચાર વર્ષે વિશ્વની મહાસતાએ વ્યાજદર ઘટાડયો છે. અમેરિકી કદમથી વિશ્વભરનાં શેરબજારમાં પોઝીટીવ પ્રત્યાઘાત પડયા હતા અને તેની અસરે ભારતીય માર્કેટ પણ રેકોર્ડબ્રેક તેજીના માર્ગે આગળ ધપ્યુ હતું.વોલ સ્ટ્રીટમાં ઉછાળા બાદ હોંગકોંગ, જાપાન, સહીતના એશીયન બજારોમાં તેજી થઈ હતી. ભારતીય શેરબજારોમાં બેંક, ફાઈનાન્સ કંપનીઓ, આઈટી, ઓટોમોબાઈલ્સ, રીયાલીટી મેટલ સહીત તમામ ક્ષેત્રોનાં શેરો ઉછળ્યા હતા. એકસીસ બેંક, બજાજ ફાઈનાન્સ, ભારતી એરટેલ, એચડીએફસી બેંક, આઈસીઆઈસીઆઈ બેંક, ઈન્ડુસઈન્ડ બેંક,કોટક બેંક, ઈન્ફોસીસ એનટીપીસી,



રીલાયન્સ, સ્ટેટ બેંક, ટાટા મોટર્સ, ટીસીએસ, ટાઈટન સહિતના શેરોમાં ઉછાળો હતો. મુંબઈ શેરબજારનો સેન્સીટીવ ઈન્ડેકસ ૭૮૮ પોઈન્ટના ઉછાળાથી ૮૩૭૩૭ હતો તે ઉંચામાં ૮૩૭૫૬ હતો. નેશનલ સ્ટોક એકસચેંજનો નીફટી ૨૨૧ પોઈન્ટના ઉછાળાથી ૨૫૫૯૮ હતો તે ઉંચામાં ૨૫૬૦૮ હતો.જોરદાર તેજીની અસરે ઈન્વેસ્ટરોને ધરખમ કમાણી થઈ હોય તેમ બીએસઈનું માર્કેટ કેપીટલાઈઝેશન રૂા.૪૭૦ લાખ કરોડને વટાવીને નવી ટોચે પહોંચ્યુ હતું.

## દેશભરમાં પાંચ કરોડ પીએમ વાઈફાઈ હોટસ્પોટ લગાવાશે

નવી દિલ્હી, તા.૧૯:
વડાપ્રધાન મોદી દેશના દરેક નાગરિકને ડિજિટલ રીતે જોડવા માંગે છે. જો કે, મોંઘા રિચાર્જ પ્લાન આ પ્રયાસને અવરોધે છે. આ જ કારણ છે કે મોદી સરકાર એક નવી યોજના લઈને આવી છે, જે અંતર્ગત દેશભરમાં પાંચ કરોડ **PM-Wi-Fi** હોટસ્પોટ લગાવવામાં આવશે. આ માટે સરકારે પીએમ-વાની ફ્રેમવર્ક ગાઈડલાઈન્સમાં સુધારો કર્યો છે. સરકારના આ ફેરફાર બાદ કોઈપણ નાગરિક પોતાના વિસ્તારમાં વ્યકિતગત વાઈ-ફાઈ હોટસ્પોટ સ્થાપિત કરી શકશે. વાસ્તવમાં હાલ સમગ્ર દેશમાં મોબાઈલ ટાવર દ્વારા મોબાઈલ ડેટા ઉપલબ્ધ કરાવવામાં આવી રહ્યો છે. પરંતુ દેશના ઘણા એવા વિસ્તારો છે જ્યાં મોબાઈલ ટાવરની હાજરી ઓછી છે. આવી સ્થિતિમાં મોબાઈલમાં નેટવર્ક નથી. તેથી મોબાઈલ કોલિંગ અને ઈન્ટરનેટ ઉપયોગમાં સમસ્યા છે. પરંતુ હવે પીએમ વાણી વાઈપ્રફાઈ યોજના દ્વારા સરકાર દરેક વિસ્તારમાં બ્રોડબેન્ડ વાઈ-ફાઈ હોટસ્પોટ બનાવી રહી છે, જે મોટા વિસ્તારમાં પોસાય તેવા ભાવે ઈન્ટરનેટ સુવિધા પૂરી પાડશે. સરકારનું માનવું છે કે આ પરિવર્તનની મોટી અસર મોબાઈલ ઈન્ટરનેટની દુનિયામાં જોવા મળશે. આ સાથે દેશભરમાં લાખો માઈક્રો વાઈ-ફાઈ હોટસ્પોટ બનાવવામાં આવશે. આ સાથે મોબાઈલ ટાવરની સરખામણીમાં બ્રોડબેન્ડ દ્વારા સસ્તો ઈન્ટરનેટ ડેટા ઉપલબ્ધ કરાવવામાં આવશે.

## વૈજ્ઞાનિકોની પાંચ દાયકાની મહેનત રંગ લાવી : નવું પાંચમું બ્લડ ગ્રુપ શોધાયું

લંડન તા.૧૯
યુકેની સંસ્થા એનએચએસ બ્લડ એન્ડ ટ્રાન્સપ્લાન્ટના વૈજ્ઞાનિકોએ એક નવા રકત સમુહ (બ્લડ ગ્રુપની) શોધ કરી છે. જે અનેક ગંભીર બિમારીઓથી લોકોને બચાવવામાં મદદગાર સાબિત થશે. આ નવા રકત સમુહને એમએએલ નામ આપવામાં આવ્યું છે. જેની શોધ ૧૯૭૨ માં પહેલીવાર એએનડબલ્યુ જે બ્લડ ગ્રુપ એન્ટીજનથી શરૂ થઈ હતી. લગભગ ૫૦ વર્ષ બાદ હવે તેમાં સફળતા મળી છે. સંશોધન કરનાર એક વૈજ્ઞાનિકે તેને દુર્લભ બતાવ્યું છે. બ્રિસ્ટલ યુનિવર્સીટીએ પણ આ કામમાં વૈજ્ઞાનિકોને મદદ કરી છે. ખરેખર તો દરેક માણસના શરીરમાં અલગ અલગ ચાર પ્રકારનાં બ્લડ ગ્રુપ મળે છે હવે વૈજ્ઞાનિકોએ પાંચમા બ્લડ ગ્રુપની શોધ કરી લીધી છે. આ નવા અને દુર્લભ ગ્રુપનાં રકતની જાણકારી તો વૈજ્ઞાનિકોને ૧૯૭૨ થી જ હતી પણ માણસો માટે કેવી રીતે મદદરૂપ થઈ શકે છે તેના પર સંશોધન થઈ રહ્યું હતું

## વન નેશન - વન ઈલેકશન : ૧૭ રાજયોમાં ત્રણ વર્ષ અથવા તેનાથી ઓછા સમય માટે સરકાર રહેશે

નવી દિલ્હી, તા.૧૯:
કેન્દ્રીય કેબિનેટે એક દેશ, એક ચૂંટણીના પ્રસ્તાવને મંજૂરી આપી દીધી છે. પૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદની અધ્યક્ષતાવાળી સમિતિની ભલામણોને સ્વીકારવામાં આવી હતી. મંગળવારે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું હતુ કે એક રાષ્ટ્ર, એક ચૂંટણી આ સરકારના કાર્યકાળ દરમિયાન લાગુ કરવામાં આવશે. જો ૨૦૨૯થી એકસાથે ચૂંટણી યોજાવાની હોય તો તેના માટેની પ્રક્રિયા અત્યારથી જ શરૂ કરવી પડશે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે સરકારના ૧૦૦ દિવસ પૂર્ણ થવા પર પ્રેસ કોન્ફરન્સ દરમિયાન કહ્યું હતું કે આ સરકારમાં એક દેશ, એક ચૂંટણી લાગુ કરવામાં આવશે. આ છેલ્લી ત્રણ લોકસભા ચૂંટણીમાં ભાજપનું મેનિફેસ્ટો વચન રહ્યું છે. પરંતુ તેનો અમલ કેવી રીતે થશે, કયારે થશે અને શા માટે થઈ રહ્યું છે આવા અનેક પ્રશ્નો છે. કોંગ્રેસે 'એક રાષ્ટ્ર, એક ચૂંટણી'ને બંધારણની વિરુદ્ધ ગણાવી છે.

ગત વર્ષે, મોદી સરકારે કોવિંદ સમિતિની રચના કરી હતી જે એક સાથે લોકસભા, રાજય વિધાનસભાઓ અને મ્યુનિસિપલ કોર્પોરેશનોની ચૂંટણીઓ યોજવાના માર્ગો સૂચવી હતી.

પૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદની આગેવાની હેઠળની આ સમિતિએ લોકસભા ચૂંટણી પહેલા આ વર્ષે માર્ચમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને પોતાનો રિપોર્ટ સોંપ્યો હતો, જેમાં વિવિધ બંધારણીય સુધારાની ભલામણ કરવામાં આવી હતી. આ સમિતિએ ભલામણ કરી હતી કે લોકસભા અને રાજય વિધાનસભાની ચૂંટણીઓ એકસાથે કરાવી શકાય અને સ્થાનિક સંસ્થાઓની ચૂંટણી ૧૦૦ દિવસની અંદર યોજવામાં આવે.

લોકસભામાં ભાજપ પાસે ૨૪૦ બેઠકો છે. બહુમતી માટે તેને ટીડીપી, જનતા દળ (યુનાઈટેડ) અને લોક જનશકતિ પાર્ટી (રામ




વિલાસ) જેવા સાથી પક્ષો પર નિર્ભર રહેવું પડશે. હવે સવાલો પણ ઉઠી રહ્યા છે કે શું એકસાથે ચૂંટણી કરાવવાની ભાજપની યોજનાને સાથી પક્ષોનું સમર્થન મળશે કે નહીં પરંતુ ભાજપ કેમ્પનું કહેવું છે કે આ તમામ સહયોગીઓ સમર્થન આપવા તૈયાર છે.

## લેબનોનમાં પેજર વિસ્ફોટ બાદ હવે વોકીટોકી અને સોલાર સીસ્ટમમાં પણ ધડાકા : કુલ મૃત્યુઆંક ૩૨ : ૩૫૦૦થી વધુ ઘાયલ

બૈરૂત તા. ૧૯
લેબનોનની રાજધાની બેરૂત સહિત અનેક શહેરોમાં સતત બીજા દિવસે પણ વિસ્ફોટ થયા હતા. પેજર-વોકી ટોકી બાદ સોલર સિસ્ટમમાં બ્લાસ્ટ કરવામાં આવ્યો હતો. લેબનોનમાં અત્યાર સુધી કુલ ૩૨નાં મોત થયા છે, જયારે ૩૫૦૦થી વધુ ઘાયલ થયા છે. મૃત્યુઆંક હજુ વધી શકે છે.

૧૭ સપ્ટેમ્બરે લેબનોનમાં હજારો પેજર બ્લાસ્ટમાં ઓછામાં ઓછા ૧૨ લોકો માર્યા ગયા હતા અને ૨,૮૦૦થી વધુ ઘાયલ થયા હતા. આ રીતે લેબનોનમાં બે દિવસમાં કુલ ૩૨ લોકોએ જીવ ગુમાવ્યા છે.

લેબનોનમાં, ઈરાન સમર્થિત સંગઠન હિઝબુલ્લાહના લડવૈયાઓ એકબીજા સાથે વાતચીત કરવા પેજર અને વોકી-ટોકીનો ઉપયોગ કરે છે. હિઝબુલ્લાહે આ હુમલાઓ માટે ઈઝરાયલને જવાબદાર ઠેરવ્યું છે. બીજી તરફ યુએન સિક્યુરિટી કાઉન્સિલે શુક્રવારે આ મામલે ઈમરજન્સી બેઠક બોલાવી છે બેરૂત સહિત અનેક શહેરોમાં ઘરોની સોલર સિસ્ટમમાં પણ વિસ્ફોટ થયા હતા. જણાવવામાં આવી રહ્યું છે કે બુધવારે બપોરે અચાનક થયેલા આ વિસ્ફોટો બાદ લોકો ભયભીત થઈ ગયા છે અને રસ્તાઓ પર એકઠા થઈ ગયા. લેબનોનનાં ટાયરે શહેરમાં સોલર સિસ્ટમમાં વિસ્ફોટ થતાં એક પરિવારના પાંચ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે.

લેબનીઝ સરકારે સિવિલ ડિફેન્સના સભ્યોને રસ્તા પર ઉતાર્યા છે. વિસ્ફોટમાં નુકસાન થયેલા ઘરોમાંથી લોકોને ખસેડવામાં આવી રહ્યા છે.

## બિહારમાં ભૂમાફિયાઓએ દલિત કોલોનીનાં ૮૦ ઘરો આગમાં ફુંકી માર્યા : અંધાધુંધ ફાયરીંગ કર્યુ : ૧૦ની ધરપકડ

નવાદા તા. ૧૯
ગતરાત્રે ૮ કલાકે બિહારના નવાદામાં એક દલિત કોલોનીમાં ગુંડાઓએ ૮૦ ઘરોને આગ ચાંપી દીધી હતી. આરોપીઓએ ગોળીબાર પણ કર્યો હતો. લોકોને માર પણ મારવામાં આવ્યો હતો. આ પછી અહીં તણાવ છે. ગામમાં પરિસ્થિતિને કાબૂમાં લેવા માટે પાંચ પોલીસ સ્ટેશનની પોલીસ તહેનાત કરવામાં આવી છે. ૧૦ લોકોની ધરપકડ કરવામાં આવી છે. આ ઘટનાનું કારણ જમીન વિવાદ હોવાનું કહેવાય છે.

આગમાં પશુઓ પણ સળગી ગયા હતા, પરંતુ કોઈ જાનહાનિ થઈ ન હતી મામલો નવાદા જિલ્લાના મુફસિલ પોલીસ સ્ટેશન વિસ્તારના દાદૌરની કૃષ્ણ નગર દલિત કોલોનીનો છે. ફાયર વિભાગની ગાડીઓ ઘટના સ્થળે પહોંચી હતી. ભારે જહેમતથી આગને કાબુમાં લેવામાં આવી હતી. જો કે ત્યાં સુધીમાં ઘરમાં રાખેલ સામાન બળીને રાખ થઈ ગયો હતો.આ કાચા ઘરો બનેલા હતા. ઘટનાનું કારણ જમીન વિવાદ છે. દલિત પરિવારોની ગામમાં મોટી જમીન છે. આ જમીન બાબતે સામે પક્ષે તકરાર ચાલી રહી છે. તેની સુનાવણી કોર્ટમાં ચાલી રહી છે. પીડિતોના પરિવારજનોનો આરોપ છે ગત મોડી સાંજે ગુંડાઓએ તેમના પર અચાનક હુમલો કર્યો હતો. ઘરોમાં આગ લગાડવામાં આવી હતી અને ગોળીબાર કર્યો હતો.

ગ્રામજનોનો આરોપ છે કે 'બુધવારે સાંજે લગભગ ૮ વાગ્યે પ્રાણ બિધાના નંદુ પાસવાન સહિત સેંકડો લોકોએ મળીને ગામ પર હુમલો કર્યો હતો. આ સાથે તેઓએ ગોળીઓ પણ વરસાવી હતી. આ દરમિયાન અનેક ગ્રામજનોને પણ માર મારવામાં આવ્યો હતો. આ પછી ૮૦-૮૫ ઘરોને આગ ચાંપી દેવામાં આવી હતી.

## દેશભરમાં આગામી ૪૫ દિવસમાં ૩૫ લાખ લગ્ન યોજાશે : રૂા. ૪.૨૫ લાખ કરોડ ખર્ચાશે

### લગ્નનાં મામલે ભારત વિશ્વનું સૌથી બીજુ મોટુ માર્કેટ : દેશમાં દર વર્ષે ૧ કરોડ લગ્નોમાં રૂા. ૧૦.૮૮ લાખ કરોડનો ખર્ચ કરવામાં આવે છે

નવી દિલ્હી, તા.૧૯:
એક અહેવાલ મુજબ, ૨૦૨૪-૨૫ના બજેટમાં સોના પરની આયાત ડ્યૂટી ૧૫ ટકાથી ઘટાડીને ૬ ટકા કરવાથી લગ્નો પરના મોટા ખર્ચને વેગ મળશે. ખાસ કરીને સોનાની ખરીદીમાં જોરદાર વધારો જોવા મળી શકે છે.

દેશમાં આ વર્ષે નવેમ્બરથી ડિસેમ્બરના મધ્ય સુધી એટલે કે દોઢ મહિનામાં ૩૫ લાખ લગ્નો થશે, જેના પર ૪.૨૫ લાખ કરોડ રૂપિયા ખર્ચ થવાનો અંદાજ છે. એક વર્ષ પહેલા સમાન સમયગાળામાં ૩૨ લાખ લગ્ન થયા હતા. અગાઉ ૧૫ જાન્યુઆરીથી ૧૫ જુલાઈની વચ્ચે દેશમાં ૪૨ લાખથી વધુ લગ્નો પર ૫.૫ લાખ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો હતો. રિપોર્ટ અનુસાર લગ્નોના મામલે ભારત વિશ્વનું બીજું સૌથી મોટું માર્કેટ છે. દેશમાં દર વર્ષે લગભગ એક કરોડ લગ્નો થાય છે. ધ ઈકોનોમિસ્ટને ટાંકીને અહેવાલમાં જણાવાયું છે કે આ ક્ષેત્ર ભારતનો ચોથો સૌથી મોટો ઉદ્યોગ છે, જે લાખો નોકરીઓ પ્રદાન કરે છે. દર વર્ષે દેશમાં લગ્નો પરનો ખર્ચ વધીને ૧૩૦ અબજ ડોલર (રૂ. ૧૦.૮૮ લાખ કરોડ) થાય છે.

## આવકવેરા કાનૂનમાં ધરખમ સુધારા કરવા તૈયારી

નવી દિલ્હી, તા. ૧૯
દેશમાં ફોજદારી ધારા સહિતના કાનુનોમાં ધરમુળથી સુધાર્યા કર્યા બાદ હવે મોદી સરકાર આગામી બજેટમાં આવક વેરા કાનુનમાં પણ મોટા સુધારાની જાહેરાત કરશે. ઈન્કમટેકસ એકટ ૧૯૬૧ની સમીક્ષા કરવા મોદી સરકારે ૨૦૧૭માં એક નિષ્ણાંત કમીટીની નિયુકિત કરી હતી અને તેમાં સીધા કરવેરા સંદર્ભમાં જે કંઈ વર્તમાન પરિસ્થિતિ મુજબ સુધારા જરૂરી છે તે સુચવવા અને સમગ્ર આવકવેરા કાનુનને સરળ બનાવવા માટે ચીફ ઈક્રમટેકસ કમિશ્નર વી.કે.ગુપ્તાના અધ્યક્ષપદે હેઠળની કમીટીએ તેનો રીપોર્ટ નાણામંત્રીને સુપ્રત કરી દીધો છે.

હવે તેના પર આખરી સમીક્ષાનું કામકાજ ચાલી રહ્યું છે તથા નાણામંત્રી નિર્મલા સિતારામન કેન્દ્રીય બજેટમાં તેની જાહેરાત કરશે. દાયકાઓ જુના આવકવેરા કાનુનમાં હાલની પરિસ્થિતિ મુજબ અનેક સુધારા જરૂરી બની ગયા હતા અને ખાસ કરીને આવકવેરામાં જે વેરા મુકિત મળે છે અને જે ડિડકશન થાય છે તેનું ડુપ્લીકેશન અટકાવવા અને સમગ્ર સિસ્ટમને આંતરરાષ્ટ્રીય ધારાધોરણ મુજબ ઢાળવા અને કોમ્પ્યુટરાઈઝેશનને મહત્વ આપવા પ્રક્રિયા હાથ ધરાઈ હતી.

## યુનોમાં ઈઝરાયેલ વિરૂધ્ધ ઠરાવ પસાર થયો : ભારત મતદાનથી અળગુ રહયું

નવી દિલ્હી તા. ૧૯
એક મહત્વપૂર્ણ કાર્યવાહીમાં યુનાઈટેડ નેશન્સ જનરલ એસેમ્બલીએ બુધવારે પેલેસ્ટાઈન દ્વારા પ્રસ્તાવિત ડ્રાફ્ટ ઠરાવને અપનાવ્યો હતો, જેમાં ઈઝરાયેલને કબજા હેઠળના પેલેસ્ટિનિયન પ્રદેશોમાં તેની "ગેરકાયદેસર હાજરી" સમાપ્ત કરવાની માંગ કરવામાં આવી હતી.

આ પ્રસ્તાવને ૧૨૪ મતોનું સમર્થન મળ્યું હતું, જ્યારે ભારત સહિત ૪૩ દેશોએ વોટિંગથી દૂર રહ્યા હતા. જયારે ઈઝરાયેલ, અમેરિકા અને અન્ય ૧૨ દેશોએ તેની વિરુદ્ધમાં વોટ આપ્યો. યુએનજીએમાંથી ઠરાવ પસાર કર્યા બાદ ઈઝરાયેલ વૈશ્વિક મંચ પર અલગ પડી ગયું છે. યુએનજીની બેઠક માટે વૈશ્વિક નેતાઓ ન્યૂયોર્ક પહોંચી રહ્યા છે ત્યારે આ ઠરાવ પસાર કરવામાં આવ્યો છે.

### આંધ્રપ્રદેશમાં જગન રેડ્ડી સરકારનાં શાસન વખતે

## તીરૂમાલા મંદિરનાં લાડુમાં પ્રાણીજ ચરબીનો ઉપયોગ કરાતો હતો ચંદ્રાબાબુ નાયડુનાં આરોપથી તિર્થયાત્રીઓમાં ખળભળાટ



વિજયવાડા તા. ૧૯
મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડુએ આરોપ લગાવ્યો છે કે જગનમોહન રેડ્ડીના કાર્યકાળ દરમિયાન તિરુમાલા વેંકટેશ્વર સ્વામી મંદિરમાં ઉપલબ્ધ તિરુમાલા લાડુ પ્રાણીઓની ચરબીમાંથી બનાવવામાં આવ્યા હતા

આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડુએ જગનમોહન રેડ્ડી સરકાર પર આ મોટો આરોપ લગાવ્યો છે. આ આરોપ બાદ રાજયના રાજકારણમાં ગરમાવો આવી ગયો છે. મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડુએ આરોપ લગાવ્યો કે જગનમોહન રેડ્ડીના કાર્યકાળ દરમિયાન તિરુમાલા વેંકટેશ્વર સ્વામી મંદિરમાં ઉપલબ્ધ તિરુમાલા લાડુ પ્રાણીઓની ચરબીમાંથી બનાવવામાં આવ્યા હતા.

મહત્વની વાત એ છે કે તિરુમાલા મંદિર હિન્દુ સમુદાયના લોકો માટે પવિત્ર પૂજા સ્થાનોમાંથી એક છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, છેલ્લા ઘણા સમયથી તિરુમાલામાં આપવામાં આવતા પ્રસાદની ગુણવત્તાને લઈને ફરિયાદો આવી છે.

આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડુએ કહ્યું, 'જગન સરકારે તિરુમાલાના દરેક પાસાને નષ્ટ કરવાનું કામ કર્યું. ખૂબ જ અણગમો અને દુઃખ સાથે કહેવું પડે છે કે તિરુમાલા લાડુ તૈયાર કરવા માટે પ્રાણીની ચરબીનો ઉપયોગ કરવામાં આવતો હતો અને તેના કારણે ઉત્પાદનની ગુણવત્તા સંપૂર્ણપણે બગડી ગઈ હતી. અમે સત્તામાં આવતાની સાથે જ લાડુ માટે શુદ્ધ ઘીનો ઉપયોગ તાત્કાલિક અસરથી લાગુ કર્યો.

લાડુ બનાવવામાં ચરબીનો ઉપયોગ થતો હોવાના આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડુના આક્ષેપ બાદ તીર્થયાત્રીમાં ખળભળાટ મચી ગયો છે. અનુમાન લગાવવામાં આવી રહ્યું છે કે આ મામલો ખૂબ ગંભીર બની શકે છે. સાથે જ આ મામલે તપાસની માંગ પણ ઉઠવા લાગી છે. આ દાવા પછી હિન્દુ મતદારોમાં આંધ્રપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી અને **YSR** કોંગ્રેસની છબીને પણ ભારે નુકસાન થઈ શકે છે.


Since 1983
શંખ બ્રાન્ડ મસાલા
ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૬ ૨૩૦૨૩

• મરચું
• હળદર
• ધાણાજીરૂ
• ગરમ મસાલો




ઈન્ટરનેશનલ ગોલ્ડ સ્ટાર એવોર્ડ વિજેતા
જોષી દાદા
મો. ૯૯૧૩૫ ૧૧૭૩૭
૯૪૨૮૦ ૨૬૯૬૮
નક્ષત્ર – જ્યોતિષ
શું તમારૂ સગપણ થતું નથી ?
શું તમારો ધંધો મંદો ચાલે છે ?
શું તમારા ઘરમાં કલેશ અને અશાંતિ રહે છે ?
શું તમો વારંવાર બિમાર પડો છો ?
આ બધી સમસ્યાઓનું એકજ જગ્યાએ સચોટ નિવારણ
આદિ ગુરૂ જગત ગુરૂ શંકરાચાર્ય રચિત સૌદર્ય લહેરી આધારીત દરેક પ્રયોગ દ્વારા યંત્રથી અને અનુષ્ઠાનથી દરેક વિધી વિધાન કાર્ય કરવામાં આવશે.
કૈલાશ એપાર્ટમેન્ટ, દુકાન નં. ૮, તળાવ દરવાજા, શાકમાર્કેટ, જૂનાગઢ
ફોન કરીને અવશ્ય આવવું

સોપારીનું કટીંગ રીટેઈલમાં મળશે
અમારી સ્પેશ્યલ જુની મોરો સોપારીનું કટીંગ ફકત ૨૫૦ ગ્રામ લઈ અને ખાત્રી કરો
તમે જ કહેશો કે વાહ ભઈ વાહ
મોરો સોપારી કટીંગ
૧ કિલોના ફકત રૂા.૬૦૦
આ રીટેઈલ માટે છે
નહી આવો તો જરૂર અફસોસ
જૂનાગઢ
મો.૯૩૭૬૬૦ ૫૫૬૨

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો




તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

# કેશોદ પોલીસ દ્વારા 'ત્રણ વાત તમારી, ત્રણ વાત અમારી' અંતર્ગત સંવાદ કાર્યક્રમ યોજાયો



(પ્રતિનિધિ દ્વારા)
કેશોદ તા.૧૯

ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ અને ગૃહમંત્રી હર્ષ સંઘવી દ્વારા એકાદ વર્ષ પહેલાં ગુજરાત પોલીસના પોલીસ કોમ્યુનિટી પોર્ટલ 'ત્રણ વાત તમારી ત્રણ વાત અમારી'નું લોન્ચિંગ કરવામાં આવ્યું છે. ત્યારથી પોલીસ અધિકારીઓ સીધો લોકો સાથે સંવાદ યોજી કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે અનુરૂપ સુચનાઓ આપવામાં આવે છે. જૂનાગઢ જીલ્લા પોલીસ વડા હર્ષદ મહેતાની ઉપસ્થિતિમાં કેશોદ ખાતે ત્રણ વાત તમારી, ત્રણ વાત અમારી અંતર્ગત સંવાદ કાર્યક્રમ યોજાયો હતો. જૂનાગઢ જીલ્લા પોલીસ વડા હર્ષદ મહેતાનું પુષ્પગુચ્છ આપી સ્વાગત કેશોદ પોલીસ વિભાગના ડીવાયએસપી બી સી ઠકકર પોલીસ ઈન્સપેકટર પી. એ. જાદવ દ્વારા પુષ્પગુચ્છ આપી સ્વાગત કરવામાં આવ્યાં બાદ શાબ્દિક સ્વાગત ડીવાયએસપી બી. સી. ઠકકર દ્વારા કરવામાં આવ્યું હતું. રાજ્ય સરકાર દ્વારા પોલીસ વિભાગના વરિષ્ઠ અધિકારીઓથી લઈને નાનામાં નાના પોલીસ કર્મી સુધી સૌ પ્રજાહિત અને સમાજ જીવનની શાંતિ- સુરક્ષાની સમાન વિચારધારા સાથે કાર્યરત રહી ડ્રગ્સના દૂષણ સામે ઝીરો ટોલરન્સની નીતિથી પેશ આવી ડ્રગ પેડલર્સના મૂળ સુધી પહોંચી દુષણ દુર કરવા ઉપરાંત સાયબર ક્રાઈમ હેઠળ નાનાં અને મધ્યમ વર્ગના લોકો છેતરપિંડીના ભોગ બની રહ્યાં છે જેમાં જાગૃતતા લાવવા અને ગુનાખોરી અટકાવવા અને ગુનેગારની ઓળખ મેળવી ધોરણસરની કાર્યવાહી કરવામાં અને કાયદાકીય રીતે માહિતગાર કરી સામાન્ય લોકોનો વિશ્વાસ મેળવવા કેશોદ ખાતે લોકસંવાદ કાર્યક્રમ યોજાયો હતો. જૂનાગઢ જીલ્લા પોલીસ તંત્ર ની સાથે કેશોદ પોલીસ વિભાગ શ્રેષ્ઠ કામગીરી કરી રહ્યું છે. ટેકનોલોજીનો મહત્તમ ઉપયોગ અને અન્ય વિભાગો સાથે પોલીસ દળના સંકલન કરી લોકોની સુખાકારી માટે કેશોદ પોલીસ દ્વારા લોકોને જાગૃત કરવામાં આવી રહ્યાં છે. કેશોદ શહેર અને આસપાસના વિસ્તારમાં કેશોદ પોલીસ વિભાગનું મહત્વનું યોગદાન રહ્યું છે પરિણામ સ્વરૂપે કેશોદ આસપાસના વિસ્તારમાં ઔદ્યોગિક એકમો અને વ્યવસાયિક ક્ષેત્રે પ્રગતિ થઈ રહી છે. જૂનાગઢ જીલ્લા પોલીસની આગવી પહેલરૂપ પોલીસ કોમ્યુનિટી પોર્ટલ 'ત્રણ વાત તમારી, ત્રણ વાત અમારી' અંતર્ગત નાગરિકોના પ્રશ્નોનું સીધુ નિરાકરણ આવે અને પોલીસની સમાજ પાસે અપેક્ષાઓ, માહિતીની જાણકારી તેમજ અન્ય પોલીસ કાર્યવાહીમાં મદદરૂપ થઈ શકાય એનો યોજાયેલા લોક સંવાદ કાર્યક્રમમાં પોલીસ વિભાગના અધિકારીઓ અને નગર શ્રેષ્ઠીઓ ઉપસ્થિત રહ્યાં હતાં જીલ્લા પોલીસ વડા હર્ષદ મહેતા દ્વારા ડ્રગ્સના દૂષણ સામે ઝીરો ટોલરન્સથી પેશ આવીને મૂળ સુધી પહોંચવાની સાથે સમગ્ર જીલ્લાના યુવાધનને ડ્રગ્સના દુષણથી બચાવવા પોલીસતંત્ર સકારાત્મક ભૂમિકા નિભાવે છે ત્યારે પ્રજાજનો તરફથી સહકાર મળે, ઓટીપી મેળવી થતાં સાયબર ક્રાઈમ ઘટાડવા જાગૃત બનવા છેતરપિંડીનો ભોગ બનો તો તુરંત પોલીસ કંટ્રોલ રૂમને જાણ કરી ગુનેગારોના મુળ સુધી પહોંચવા મદદરૂપ થવા અને સીસીટીવી કેમેરા લોકભાગીદારીથી લગાવી ગુનેગારને ઝડપી લેવામાં મદદરૂપ થવા અપીલ કરી હતી. કેશોદ પોલીસ વિભાગના પ્રશ્નોમાં નગર શ્રેષ્ઠીઓ દ્વારા રજૂ કરવામાં આવેલ જેમાં મુખ્યત્વે બાઈક ચોરીનાં ગુનાઓ માટે ક્રાઈમ બ્રાન્ચની ટીમ દ્વારા આરોપીઓને ઝડપી લેવા ખાત્રી આપી હતી, કેશોદ વિસ્તારમાં સગીરાને લલચાવી ફોસલાવીને દુષ્કર્મ આચરવામાં હોટેલ ગેસ્ટ હાઉસ અને ઘરઘરાઉ ચાલતી પ્રવૃત્તિઓ અટકાવવા કડક સુચના આપવામાં આવી હતી અને સગીર વયના વિધાર્થીઓ દ્વારા મોટરસાયકલનો ઉપયોગ શૈક્ષણિક સંકુલ સુધી આવવા જવામાં કરવામાં આવે છે એ દિશામાં વાલીઓ વિધાર્થીઓને જાગૃત કરવા અને અંતે ધોરણસરની કાર્યવાહી કરવા સુચના આપી હતી તદઉપરાંત વ્યવસાયિક પ્રતિષ્ઠાન ધરાવતાં વેપારીઓ પાસેથી જે છેતરપિંડીની પધ્ધતિથી કામ કરતાં લોકોને ઓળખી ધોરણસરની કાર્યવાહી કરવા સુચના આપી હતી, કેશોદના ચારચોક વિસ્તારમાં ચાલતાં અંડરબ્રીજના કામને કારણે જાહેર કરવામાં આવેલ ડાયવર્ઝન ઉપર સર્જાતી ટ્રાફિક સમસ્યા દૂર કરવા સુચના આપી હતી, કેશોદ શહેરમાં મહત્વનાં પ્રશ્નોમાં સવારે નવ વાગ્યાથી રાત્રીના નવ વાગ્યા સુધી ભારે વાહનોની પ્રવેશબંધી ફરમાવવાની સાથે પાર્કિંગ માટે નોનહોકીગ અને હોકીંગ ઝોન જાહેર કરવાની સાથે મુખ્ય માર્ગો ઉપર એકી તારીખે જમણી બાજુએ અને બેકી તારીખે ડાબી બાજુ પાર્કિંગ માટે પીળા કલરના પટ્ટા લગાવી અમલવારી કરવામાં આવે તો અડધોઅડધ સમસ્યાઓ ઉકેલી શકાય તેમ છે. જૂનાગઢ જીલ્લા પોલીસ વડા હર્ષદ મહેતા દ્વારા કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે નગર શ્રેષ્ઠીઓ દ્વારા રજૂ કરવામાં આવેલ સુચનો ધ્યાને લઈ કોઈ જાતની શેહશરમ રાખ્યાં વગર ધોરણસરની કાર્યવાહી કરવા ડીવાયએસપી બી. સી. ઠકકરના માર્ગદર્શન હેઠળ કેશોદ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેકટર પી. એ. જાદવને સુચના આપી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડો. ભુપેન્દ્રભાઈ જોષીએ કર્યું હતું.

# ભાટીયા ખાતે વિનામૂલ્યે દંતયજ્ઞ યોજાયો : મોટી સંખ્યામાં દર્દીઓએ લાભ લીધો





(પ્રતિનિધિ દ્વારા)
જામ ખંભાળિયા તા.૧૯

દેવભૂમિ દ્વારકા જિલ્લાના ભાટીયા ખાતે આવેલી લોહાણા મહાજન વાડી ખાતે તાજેતરમાં બે દિવસ માટે વિના મૂલ્યે દંતયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનો લાભ મોટી સંખ્યામાં દર્દીઓએ લીધો હતો. ભાટીયાની જાણીતી સેવા સંસ્થા કિશોર ચેરીટેબલ ટ્રસ્ટ તથા ખંભાળિયાની સંસ્થા માનવ સેવા સમિતિના ઉપક્રમે યોજવામાં આવેલી આ સેવાકીય પ્રવૃતિમાં લંડન (યુ.કે.) સ્માઈલ સ્ટાર ડોકટરોની ટીમ દ્વારા દાંતની તમામ પ્રકારની સારવાર વિના મૂલ્યે કરી આપવામાં આવી હતી. સતત બે દિવસની આ સેવાકીય પ્રવૃતિના દાતા સ્વ. રમેશભાઈ, સ્વ. જગદીશભાઈ, સ્વ. ડો. સુરેશભાઈ બદીયાણી પરિવાર રહ્યા હતા. દાતા પરિવારના નિમિષાબેન તથા મીતેશભાઈ તેમજ ડોકટરોની ટીમનું કિશોર ચેરીટેબલ ટ્રસ્ટ પ્રમુખ કિશોરભાઈ દતાણીએ ફૂલહારથી સ્વાગત સન્માન કર્યું હતું આ. કેમ્પનો લાભ ૨૬૫ દર્દીઓએ લીધો હતો. આ સમગ્ર સેવા પ્રવૃત્તિ માટે ખંભાળિયા માનવ સેવા સમિતિના પ્રમુખ ધીરેનભાઈ બદીયાણી, મનુભાઈ પાબારી, વિમલભાઈ સાયાણી, દિલીપભાઈ વીઠલાણી, સુભાષભાઈ બારોટ, અભિભાઈ સવજાણી તેમજ તેમની ટીમ ઉપસ્થિત રહી હતી. આ આયોજનમાં સેવાભાવી અગ્રણી દ્વારકાદાસભાઈ રાયચુરા (મોટાભાઈ) ખાસ ઉપસ્થિત રહ્યા હતા. જે માટે કમિટીના દેવેનભાઈ લાલ, ડાડુભાઈ, જીવણભાઈ, મણીભાઈ, સાહિલ દતાણી, વિગેરેએ નોંધપાત્ર જહેમત ઉઠાવી હતી. જે તમામનો સંસ્થાના પ્રમુખ કિશોરભાઈ દતાણીએ આભાર વ્યક્ત કર્યો હતો.

# શ્રી પ્રેમાનંદ સ્કૂલના વિદ્યાર્થીઓ દ્વારા ઈકો ફ્રેન્ડલી ગણપતિ ઉત્સવ ઉજવાયો





(પ્રતિનિધિ દ્વારા)
જૂનાગઢ તા.૧૯

શહેરમાં સર્વત્ર ગણેશ મહોત્સવનો સુંદર માહોલ હતો. લોકોના ઘરથી લઈ સામાજિક લેવલ સુધી અનેક જગ્યાએ ગણપતિની સ્થાપના અને પૂજા અર્ચના થઈ હતી. થોડા જુદા પ્રકારની ગણેશ વંદના શ્રી પ્રેમાનંદ સ્કૂલના વિદ્યાર્થીઓ દ્વારા છેલ્લા ઘણા વર્ષોથી કરવામાં આવે છે. ત્યાં ઉજવાય છે ઈકો ફ્રેન્ડલી ગણપતિ મહોત્સવ. આ મહોત્સવની ખાસિયત એ છે કે ગણપતિની મૂર્તિ માત્ર માટીમાંથી જ બનાવવામાં આવે છે અને એ પણ વિદ્યાર્થીઓ દ્વારા જ સંસ્થાના ડાયરેકટર ડો. માતંગ પુરોહિતના જણાવ્યા મુજબ આ વર્ષે ૩૨૫થી વધારે વિદ્યાર્થીઓ દ્વારા પોતાના ઘરે માતા-પિતા સાથે મળીને માટીના ગણપતી બનાવવામાં આવ્યા. તેને એક દિવસ માટે પ્રેમાનંદ સ્કૂલમાં લાવવામાં આવે છે. ત્યાં તેનું પૂજન અર્ચન આરતી વગેરે થાય છે અને ત્યારબાદ આ જ માટીની મૂર્તિઓ પુરા માન સન્માન સાથે વિદ્યાર્થીઓ પોતાના ઘરે પરત લઈ જાય છે. વિદ્યાર્થીનો પરિવાર પોતાની ઈચ્છા મુજબના દિવસો સુધી આ મૂર્તિનું પૂજન અર્ચન કરે છે. અને ત્યારબાદ તેમણે ઘરમાં જ આ મૂર્તિનું વિસર્જન કરવાનું રહે છે. વિસર્જન બાદ એ પાણી ઘરના તુલસી ક્યારે અને આસપાસના મંદિરમાં આવેલા વૃક્ષોને કે અન્યત્ર વૃક્ષોને પધરાવે છે. થોડા વર્ષો પહેલા ૨૫ - ૩૦ વિદ્યાર્થીઓ દ્વારા આવી મૂર્તિ બનાવવામાં આવતી. ત્યાંથી શરૂ કરી આજે ૩૨૫ જેટલા વિદ્યાર્થીઓ અને તેના પરિવારો આ શુભ સંકલ્પમાં જોડાયા છે. પૂજ્ય શ્રી મુક્તાનંદજી બાપુ તથા શ્રી ગિજુભાઈ ભરાડ સાહેબ દ્વારા સંચાલિત શ્રી પ્રેમાનંદ સ્કૂલ એ સાચા અર્થમાં વિદ્યાર્થીઓને અભ્યાસક્રમની સાથે સાથે જીવન શિક્ષણના પાઠ શીખવી રહી છે. કુદરતમાંથી લીધેલું નુકસાન કર્યા વગર કુદરતને પરત આપવું એ પ્રકારના સંસ્કારોનું સિંચન આવા ઈકો ફ્રેન્ડલી ગણપતિ મહોત્સવ દ્વારા વિદ્યાર્થીઓમાં કરવામાં આવે છે. આ સાથે જ વિદ્યાર્થીઓ સંકલ્પ પણ લે છે કે "ભવિષ્યમાં પોતાના ઘરે પણ જો ગણપતિ સ્થાપન કરશે તો એ માત્ર માટીના ગણપતિનું જ સ્થાપન કરશે અને કરાવશે."તારીખ ૧૦ અને ૧૧ સપ્ટેમ્બર ના રોજ વિવિધ ત્રણ તબક્કાઓમાં યોજાયેલ આ ઈકો ફ્રેન્ડલી ગણપતિ મહોત્સવ ૨૦૨૪ માં મુખ્ય અતિથિ તરીકે નિસર્ગ નેચર કલબના ડો. પાર્થભાઈ ગણાત્રા તથા વસુંધરા ફાઉન્ડેશનના શ્રી પ્રણવભાઈ વઘાસિયા ઉપસ્થિત રહ્યા હતા. તેઓએ વિદ્યાર્થીઓને માટીના ગણેશનું મહત્ત્વ, સસ્ટેઈનેબલ લીવીંગ, માનવજાતનું ભવિષ્ય અને કુદરત વગેરે જેવી બાબતો ઉપર જ્ઞાન આપ્યું હતું. આ સુંદર કાર્ય બદલ સ્કૂલ મેનેજમેન્ટને અભિનંદન પાઠવ્યા હતા. પૂજ્ય મુક્તાનંદજી બાપુ તથા ગિજુભાઈ ભરાડે પણ હાજરી આપી વિદ્યાર્થી તથા તેમના પરિવારોને ગણપતિ ઉત્સવની શુભકામનાઓ પાઠવી હતી.

# ભેસાણ તાલુકાનો સ્વાગત ઓનલાઇન ફરિયાદ નીવારણ કાર્યક્રમ તા.૨૫ સપ્ટેમ્બરના યોજાશે

(પ્રતિનિધિ દ્વારા)
જૂનાગઢ તા.૧૯

મુખ્યમંત્રી દ્વારા લોકોના પડતર પ્રશ્નોના ઉકેલ માટે અને તાલુકા કક્ષાના પ્રશ્નોના ઉકેલ તેમજ લોકોએ તેમની ફરિયાદ રજૂ કરવા ઉચ્ચ કક્ષા સુધી ન જવું પડે તે માટે તાલુકા કક્ષાએ સ્વાગત ઓનલાઈન કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યુ છે. જેમાં ભેસાણ તાલુકા માટે સ્વાગત ઓનલાઈલ કાર્યક્રમ તા.૨૫-૦૯-૨૦૨૪ (બુધવાર) સવારે ૧૧ કલાકે મામલતદાર કચેરી, ભેસાણ તાલુકા ખાતે યોજાશે. આ કાર્યક્રમમાં અરજદાર મુદત બાદની અરજીઓ, અસ્પષ્ટ રજૂઆત વાળી અરજીઓ, કચેરીના એક કરતા વધુ વિભાગીય પ્રશ્નો, સુવાચ્ય ન હોય તેવી અરજીઓ, નામ-સરનામા વગરની અરજીઓ, વ્યક્તિગત આક્ષેપોવાળી અરજીઓ, નીતિ વિષયક પ્રશ્નો, ચાલુ સરકારી કર્મચારીના સેવા વિષાયક પ્રશ્નો, કોર્ટ મેટર, દિવાની પ્રકારની ખાનગી તકરારો, અપીલ થવા પાત્ર કેસો વાળી અરજીઓ, અરજદારને સ્વયં સ્પર્શતા ન હોય તેવા પ્રશ્નો, અરજદારે તેમની રજૂઆત અંગે સંબંધિત કચેરી/ખાતાનો એકવાર પણ સંપર્ક કર્યા સિવાય પ્રથમ વખત સીધા જ આ કાર્યક્રમમાં રજૂ કરેલ પ્રશ્ન તથા અગાઉના સ્વગાત કાર્યક્રમમાં રજૂ થયેલ પ્રશ્નો આ કાર્યક્રમમાં અરજીઓ રજૂ થઈ શકશે નહી તેમ ભેસાણ મામલતદારની એક અખબારી યાદીમાં જણાવાયું છે.

# વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિન પ્રસંગે માંગરોળના મેખડી, લોએજ ગામે વિવિધ કાર્યક્રમો યોજાયા



(નિલેશ રાજપરા દ્વારા)
માંગરોળ તા.૧૯

પ્રધાન સેવક નરેન્દ્રભાઈ મોદીના જન્મ દિવસ નિમિતે માંગરોળ તાલુકાના મેખડી ગામે સેવાસેતું કાર્યક્રમ તેમજ લોએજ ગામેયુવા ભાજપદ્વારાફ્રીનિદાનકેમ્પ મુક્તાનંદસ્વામીજીના આર્શીવચન સાથે યોજવામાં આવેલ. જેમાં કેશોદ ધારાસભ્ય દેવાભાઈ માલમ, તાલુકા પંચાયત પ્રમુખ ભાવેશભાઈ ડાભી, જિલ્લા યુવા ભાજપ પ્રમુખ અશોકભાઈ રાઠોડ, તા. ભાજપ પ્રમુખ દાનાભાઈ બાલસ, તાલુકા પંચાયત સભ્ય ગોવાભાઈ ચાંડેરા, પાંચાભાઈ ડાકી, સરપંચ વિરમભાઈ ઓડેદરા, તાલુકા યુવા ભાજપ પ્રમુખ રવિભાઈ નંદાણીયા, રીધમ ગોસ્વામી રાજુભાઈ છેલાણા તાલુકા ભાજપ મહામંત્રી દાનાભાઈ ખાંભલા વગેરે અન્ય ગામોના સરપંચઓ તેમજ પ્રાંત અધિકારી મામલતદાર સરકારી તંત્ર સાથે હાજર રહેલ. સ્વસ્છ ભારત સ્વસ્થ ભારતના સૂત્ર સાથે રેલી તેમજ "સ્વચ્છતા અભિયાન, એક પેડમાં કે નામ વૃક્ષારોપણ, સાથે સેવા સેતુ- ૨૦૨૪" વગેરે કાર્યક્રમની મેખડી ગામે શરૂઆત કરવામાં આવી એ સેવાનો અનેક લોકોએ અરજદારોએ લાભ લિધો સૌ લોકો, કાર્યકર્તા 'સ્વચ્છતા હી સેવા' સેવા સેતુ ૨૦૨૪ અભિયાનમાં જોડાઈ, આપણા ગામ તાલુકા અને રાજ્યને સ્વચ્છ અને નિર્મળ સ્વસ્થ બનાવવા સહયોગી બનીએ તેવા આશય સાથે કાર્યક્રમ સંપન્ન થયેલ હતો.

# ચોરવાડના ડાડેરી ગામે અજાણ્યા શખ્સે દુકાન સળગાવી ૨.૫૦ લાખનું નુકશાન કર્યાની ફરીયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)
જૂનાગઢ તા.૧૯

ચોરવાડના ડાડેરી ગામે આછીદ્રા રોડ પર આવેલ દુકાનમાં કોઈ અજાણ્યા શખ્સો આગ લગાવી કરીયાણાના માલ સામાન સહિત ૨.૫૦ લાખનું નુકશાન કર્યાની ફરીયાદ ચોરવાડ પોલીસ મથકે નોંધાઈ છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર ચોરવાડ પોલીસ મથકે ભુપતભાઈ હરદાસભાઈ રામે અજાણ્યા શખ્સ વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, આરોપીએ ફરીયાદીની જય માતાજી પાન એન્ડ પ્રોવિઝન સ્ટોર નામની દુકાને નુકશાન પહોંચાડવાના ઈરાદાથી આ કામના ફરી.ની જય માતાજી પાન એન્ડ પ્રોવિઝન સ્ટોર નામની દુકાને ઉપરનુ સીમેન્ટનુ પતરુ તોડી કાણુ પાડી જવલનશીલ પ્રવાહી નાખી દુકાનમાં આગ લગાડેલ, જેથી તેમાં રાખેલ બે ફીજ, તથા કરીયાણાનો માલ સામાન, તેલના ડબા નંગ-૨૦, વેસણ કટા નંગ- ૫, પશુનો ખોળ કટા નંગ-૧૦, ગોળના ડબા નંગ-૧૦, સોપારી કટા નંગ-૨, મરમરા, નમકીન સહિત ઈલેકટ્રીક સરસામાન તથા ઠંડા પીણાનો સર સામાન મળી કુલ ૨,૫૦,૦૦૦ રૂપીયાનુ નુકશાન કર્યાની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ખંભાળિયાના સલાયા વિસ્તારમાં વ્યાપક સફાઈ કાર્ય કરાયું





(પ્રતિનિધિ દ્વારા)
જામ ખંભાળિયા તા.૧૯

"સ્વચ્છતા હી સેવા" અભિયાનને અનુલક્ષીને સરકાર દ્વારા તા.૧૭થી ૩૧ ઓક્ટોબર સુધી વિશેષ સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. જે અંતર્ગત ખંભાળિયા તાલુકાના સલાયા ગામે નગરપાલિકા વિસ્તારમાં આવેલા બસ સ્ટેન્ડ રોડ, બંદર રોડ અને જુમ્મા મસ્જીદ ખાતે સફાઈ કામગીરી કરવામાં આવી હતી. અહીંથી કચરો એકત્ર કરીને દુર કર્યા બાદ જંતુનાશક દવાનો છંટકાવ પણ કરાયો હતો.

# કેશોદ શહેરમાં રખડતાં ભટકતાં પશુઓનાં ત્રાસમાંથી મુક્ત કરાવવા રજુઆત



(પ્રતિનિધિ દ્વારા)
કેશોદ તા.૧૯

કેશોદ શહેર મધ્યે પસાર થતાં મુખ્ય માર્ગો અને મુખ્ય બજારોમાં રખડતાં ભટકતાં પશુઓનાં ત્રાસથી શહેરીજનોને મુક્ત કરાવવા કોંગી આગેવાન ભરતભાઈ લાડાણીની આગેવાની હેઠળ કેશોદ નગરપાલિકા કચેરીમાં લેખિતમાં રજુઆત કરવામાં આવી હતી અને માંગણી કરવામાં આવી છે કે શહેરમાં ગમે તે વિસ્તારમાં નજર કરો ત્યાં રખડતાં ભટકતાં પશુઓ અડીંગો જમાવીને બેઠાં હોય છે અને વાહનચાલકો રાહદારીઓને આવવા જવામાં પારાવાર મુશ્કેલીઓ સહન કરવી પડે છે.

નામદાર હાઈકોર્ટ દ્વારા કરવામાં આવેલ હુકમ મુજબ ચુસ્તપણે અમલવારી કરવામાં આવતી ન હોવાથી શહેરમાં એક હજારથી વધારે રખડતાં ભટકતાં નધણીયાતા પશુઓ મુખ્ય માર્ગો અને બજારો ઉપરાંત સોસાયટી વિસ્તારમાં રખડતાં હોય જેઓને કારણે છાશવારે આકસ્મિક ઘટનાઓ બને છે. કેશોદ શહેરમાં રખડતાં ભટકતાં આખલાઓને કારણે શહેરીજનો વેપારીઓની માલ મિલ્કતને નુકસાન થવાની સાથે સાથે શહેરીજનો ગંભીર રીતે ઈજાગ્રસ્ત પણ બને છે ત્યારે કેશોદ નગરપાલિકા દ્વારા વહેલાસર નામદાર હાઈકોર્ટના હુકમની અમલવારી કરાવવામાં આવે એવી માંગણી કરી છે. કેશોદ શહેરના મુખ્ય માર્ગો ઉપર ઉભાં રહેતાં ફેરિયાઓ અને પથારાવાળા દ્વારા બગડેલા ખાધ પદાર્થો ફેકવામાં આવતાં હોય પુરતો ખોરાક મળી જતો હોય રોડ ઉપર વધારે પશુઓ જોવા મળે છે ત્યારે કેશોદ નગરપાલિકા દ્વારા સફાઈ કામદારોની ટીમ બનાવી રોડ ઉપર બેસી રહેતાં પશુઓને હટાવવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. જાણવા મળતી માહિતી મુજબ બિમાર પશુઓને સારવાર આપી છોડી દેવામાં આવતાં અને દુધ આપવાનું બંધ કરી દેતાં દુઝાણા પશુઓને પશુપાલકો દ્વારા છોડી દેવામાં આવતાં શહેરમાં રખડતાં ભટકતાં પશુઓની સંખ્યામાં વધારો જોવા મળી રહ્યો છે. શ્વાન અને આખલાઓનું ખસીકરણ કરવામાં પશુ ડોકટરોની ટીમ સાથે બંદોબસ્ત માગવામાં આવતો હોય બંન્ને કચેરીઓ નું સંકલન થતું ન હોવાથી ઘણાં વર્ષોથી ખસીકરણ કાર્યક્રમ કેશોદ શહેરી વિસ્તારમાં થઈ શક્યો નથી. કેશોદ નગરપાલિકા દ્વારા રખડતાં ભટકતાં નધણીયાતા પશુઓ માટે શું નકકર કાર્યવાહી કરવામાં આવે છે એ તો આવનારા દિવસોમાં ખબર પડશે.

# એકસાલી ધોરણે જેતલવડ ગામે ઘાસ વાઢીને લઈ જવા જાહેર હરાજી

(પ્રતિનિધિ દ્વારા)
જૂનાગઢ તા.૧૯

વિસાવદર તાલુકાના જેતલવડ ગામે દાતારના ધડા તરીકે ઓળખાતી ઘાસની વીડી સર્વે નં. ૫૭ હેક્ટર ૪૦-૪૬-૮૮આવેલ છે. આ વીડીમાંથી ઘાસ વાઢીને લઈ જવા અંગે જાહેર હરરાજીથી એકસાલી ધોરણે વર્ષ ૨૦૨૪એક વર્ષ માટે લઈ જવા હરાજી થી નિકાલ કરવાનો થાય છે. જે એકસાલી હરાજી ગ્રામપંચાયત કચેરી જેતલવડ તા.૨૩/૦૯/૨૦૨૪ ના રોજ બપોરે ૧૫:૦૦ કલાકે રાખવામાં આવેલ છે. રસ ધરાવતા ઈસમોએ સંબંધિત તારીખે સમય અને સ્થળે હાજર રહેવા નોંધ લેવી. હરાજીની શરતે ભરવાની થતી ડિપોઝિટ ૨૩/૦૯/૨૦૨૪ના રોજ ૧૧:૦૦ થી ૨:૦૦ વાગ્યા સુધીમાં ભરવાની રહેશે. આ અંગે વધુ માહિતી તથા હરાજીની શરતો ગ્રામપંચાયત કચેરી જેતલવડ તથા મામલતદાર કચેરી વિસાવદર ખાતેથી જાણી શકાશે. તેમ મામલતદાર વિસાવદરની એક અખબારી યાદીમાં જણાવાયું છે.

# નાળિયેરીના વાર્ષિક ફળ ઉતારી લઈ જવા માંગરોળ ખાતે જાહેર હરાજી

(પ્રતિનિધિ દ્વારા)
જૂનાગઢ તા.૧૯

બાગાયત ખાતા હસ્તકની નિશાતબાગ નર્સરી ખાતે વર્ષ ૨૦૨૪-૨૫ના સમયગાળા માટે નાળિયેરીના વાર્ષિક ફળો ઉતારી લઈ જવા ના ઈજારા માટે જાહેર હરાજી થી આપવાના થાય છે. જેથી લાગતા વળગતા ઈસમો, પાર્ટીઓ, ઈજારાદારોને સિઝનલ તથા વાર્ષિક ફળો ઉતારી લઈ જવાના ઈજારાઓ જાહેર હરાજીથી આપવાના થાય છે જાહેર હરાજી નો સમય તારીખ ૨૦/૦૯/૨૦૨૪ના રોજ ૧૫:૦૦ કલાકે ફળ નર્સરી, રાણીબાગ, માંગરોળ ખાતે રાખવામાં આવેલ છે. રસ ધરાવતા દરેક ઈસમોને હાજર રહેવા જાણ કરવામાં આવે છે. હરાજીની માંગણી કરનાર દરેક ઈસમે રૂ. ૨૦૦૦ ડિપોઝિટ જમા કરાવી માંગણી કરી શકશે. જાહેર હરાજીની શરતો બોલીઓ હરાજીના સમયે વાંચી સંભળાવવામાં આવશે. ફળપાકની પરિસ્થિતિ કચેરી સમય દરમિયાન નર્સરીમાં જોઈ શકાશે. તેમ બાગાયત અધિકારી ફળ રોપા ઉછેર કેન્દ્ર માંગરોળની એક અખબારી યાદીમાં જણાવાયું છે.

‘સ્વચ્છતા હી સેવા’ પખવાડિયાની ઉજવણી કાર્યક્રમ અંતર્ગત

# જૂનાગઢ મહાનગરપાલિકા દ્વારા શહેરના જાહેર શૈચાલયો, રિક્ષા સ્ટેન્ડ, પીકઅપ સ્ટેન્ડ તથા ધોરીમાર્ગોની સફાઈ અને શેરી નાટક




જૂનાગઢ, તા.૧૯ ૨જી ઓક્ટોબર મહાત્મા ગાંધીજીની જન્મ જયંતી નિમિતે શ્રદ્ધાંજલિ અર્પણ કરવા સમ્રગ ભારતમાં સ્વચ્છતા માટેના જન આંદોલનની ઉજવણી કરવામાં આવે છે તેમજ આ દિવસને સ્વચ્છ ભારત દિવસ (SBD) તરીકે ઉજવવામાં આવે છે. સ્વચ્છતા માટેના સ્વૈચ્છિક અને સામુહિક પ્રયાસોને મજબુત કરવા "સ્વચ્છતા હી સેવા" (SHS) પખવાડિયાની ઉજવણી કરવામાં આવી રહી છે. આ કાર્યક્રમ અંતર્ગત માન. કમિશનર શ્રી ડો.ઓમ પ્રકાશ (IAS)ના માર્ગદર્શન અને માન.નાયબ કમિશનરશ્રી એ.એસ.ઝાપડા (GAS), આસિ. કમિશ્નર જયેશભાઈપી.વાજા તથા સેક્રેટરી અને સેનીટેશન સુપ્રિટેન્ડેન્ટ કલ્પેશભાઈ જી. ટોલીયાની સુચના અન્વયે સુપરવાઈઝર રાજેશભાઈ ત્રિવેદી, ધર્મેશભાઈ ચુડાસમા, મનીષભાઈ દોશી અને ભરતભાઈ ગૌસ્વામી દ્વારા શહેરમાં દૈનિક જુદી જુદી થીમ સાથે ખાસ સફાઈ અભિયાન શરૂ કરવામાં આવેલ,જેમાં આજ તા.૧૮/૮/૨૦૨૪ના રોજ શહેરના જાહેર શૌચાલયો, રીક્ષા સ્ટેન્ડ, પીકઅપ સ્ટેન્ડતથા ધોરીમાર્ગોની સફાઈ અને સ્વચ્છતા જન જાગૃતિ માટે શેરી નાટકો કરવામાં આવ્યા,આ કાર્યક્રમના માધ્યમથી શહેરને સ્વચ્છ રાખવામાં મનપા જુનાગઢ દ્વારા શહેરી જનોને અનુરોધ કરવામાં આવ્યો હતો.

# જમજીરના ધોધ નજીક રાજકોટના દંપતીએ જન્મ દિવસ ઉજવી સોશ્યલ મીડિયામાં ફોટો વાયરલ કરવો ભારે પડિયો

## પોલીસે જીલ્લા મેજીસ્ટ્રેટના જાહેર નામના ભંગની પોલીસ ફરિયાદ નોંધાઈ

(પ્રતિનિધિ દ્વારા)

ઉના, તા.૧૯ ગીરગઢડા તાલુકાના જામવાળા ગીરથી કોડીનાર જતા રોડ ઉપર ઘાટવડ ગામની સીમમાં જમજિરનો પ્રાચીન ધોધ આવેલ છે. જેમાં જમજીર હોમ સ્ટે નામનું હોમ રિસોર્ટ આવેલ છે તેમાં રાજકોટના દંપતી સંજયભાઈ પોલાભાઈ પીપળીયા અને તેની પત્ની સરોજબેન સંજયભાઈ પીપળીયા ઉતરેલ અને જમજીરના ધોધની સાવ નજીક જન્મ દિવસની ઉજવણી કેક કાપી કરી હતી અને કેક અને ટેબલની વ્યવસ્થા જમજીર સ્ટ્રીટના સંચાલક ફાલ્ગુનસિહજી ધર્મેન્દ્રસિંહજી ઝાલા રે. ઘાટવડ તા. કોડીનારે કરી આપી હતી. ટેબલ ધોધથી સાવ નજીક ૧૦ થી ૨૦ મીટરના અંતરે રાખેલ હતું અને જન્મ દિવસની ઉજવણીનો ફોટો સોશ્યલ મીડિયા ફેસબુકમાં મૂકી વાયરલ કરેલ હતો જે ફોટો કોડીનારના મામલતદારને જાણ થતાં કોડીનાર મામલતદાર કચેરીના સર્કલ ઈન્સ્પેકટર અને મહેસૂલ મંત્રીએ તપાસ કરી રિપોર્ટ મામલતદારને આપતા મામલતદારે કોડીનાર પોલીસ સ્ટેશનમાં અરજી પોલીસ સ્ટેશનમાં આપતા કોડીનાર પોલીસ સ્ટેશનના કર્મચારી પોલીસ હેડ કોન્સ્ટેબલ હરેન્દ્રસિહ ભીખુભાઈ ગોહીલ પોતે ફરિયાદી બની રાજકોટના પતિ અને પત્ની અને હોટલના સંચાલક સામે ગીર સોમનાથ જિલ્લા કલેકટરના જાહેર નામનો ભંગ કરેલનો ગુના કલમ બી.એન.એસ.૨૨૩ મુજબ દાખલ કરી કોડીનાર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી તપાસ શરૂ કરી છે. ગીર સોમનાથ જીલ્લા મેજિસ્ટ્રેટ જાહેરનામામાં જણાવેલ કે ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના ઘાટવડ ગામની સીમમાં શિંગોડા નદી ઉપર જમજીરના ધોધમાં કોઈ વ્યક્તિઓએ ધોધમાં નાહવા માટે ઊંડા ધોધ પાસે પ્રવેશ કરવો નહિ. ધોધના આરાની કોતર ઉપર સેલ્ફી લેવા અને ફોટા પાડવા માટે પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.



# ડો.સુભાષ યુનિવર્સીટી, સ્કુલ ઓફ ફાર્મસી ખાતે બે દિવસીય ફાર્માસ્યુટિકલ સાધનો આધારિત ટ્રેનિંગ પ્રોગ્રામ યોજાયો




જૂનાગઢ, તા.૧૯ ડો.સુભાષ યુનિવર્સીટી, સ્કુલ ઓફ ફાર્મસી ખાતે યોજાયો બે દિવસીય ફાર્માસ્યુટિકલ સાધનો આધારિત ટ્રેનિંગ પ્રોગ્રામ જૂનાગઢની ડૉ. સુભાષ યુનિવર્સિટી ખાતે તા. ૧૨ - ૧૩ સપ્ટેમ્બર ૨૦૨૪ ના રોજ સ્કૂલ ઓફ ફાર્મસી દ્વારા ટ્રેનિંગ પ્રોગ્રામ યોજાયો હતો. બે દિવસીય આ પ્રોગ્રામનું આયોજન ડૉ. સુભાષ યુનિવર્સિટી તેમજ બી. વી. પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદના સંયુક્ત ઉપક્રમે થયું હતું. જેમાં થીયરી સાથે પ્રેક્ટીકલ માર્ગદર્શન પણ આપવામાં આવ્યું હતું. આ તકે બી. વી. પટેલ એજ્યુકેશન ટ્રસ્ટના ડાયરેક્ટર ડૉ. મનીષ નિવસારકર તેમજ ડેપ્યુટી ડાયરેક્ટર ડૉ. નીતા શ્રીવાસ્તવ એ વિશેષ હાજરી આપી વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો. જેમાં સૌરાષ્ટ્રની જુદી જુદી ફાર્મસી કોલેજના વિદ્યાર્થીઓએ લાભ પ્રાપ્ત કર્યો હતો. પ્રોગ્રામના પ્રથમ દિવસે મોહિત માખેચા તેમજ બીજા દિવસે ડો. નિશા પરીખ એ વિદ્યાર્થીઓને માર્ગદર્શન અને તાલીમ આપી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા પ્રોગ્રામ કોર્ડીનેટર પ્રોફ. કિરણ રાઠોડ સહીતની ટીમે ભારી જહેમત ઉઠાવી હતી. આ વિશેષ સફળતા બદલ સંસ્થાના પ્રમુખ જવાહરભાઈ ચાવડા, યુનિવર્સીટીના પ્રમુખ રાજભાઈ ચાવડા તેમજ પ્રોવોસ્ટ ડો.દિપક પટેલએ શુભેચ્છાઓ પાઠવી હતી.

# માતૃશ્રી એમ.જી. ભુવા કન્યા વિદ્યા મંદિર - જોષીપુરા ખાતે સ્વચ્છતા હી સેવા અભિયાન અંતર્ગત સ્વચ્છતા ઝૂંબેશનું આયોજન કરવામાં આવ્યું



જૂનાગઢ, તા.૧૯ ભારતના માનનીય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા ૦૨, ઓકટોબર, ૨૦૧૪ના રોજ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની જન્મ જયંતિ નિમિત્તે સ્વચ્છ ભારત અભિયાનની શરૂઆત કરવામાં આવી હતી. આ અભિયાન અંતર્ગત સમગ્ર ભારતમાં સ્વચ્છતા પ્રત્યે લોકોમાં જાગૃતિ આવી છે અને આજે સ્વચ્છતા અભિયાન એક જન આંદોલનના રૂપમાં પરિવર્તિત બન્યું છે. આ વર્ષે સ્વચ્છ ભારત મિશનના ૧૦ વર્ષની ઉજવણીના ભાગરૂપે મહાત્મા ગાંધીજીની જન્મ જયંતિને “સ્વચ્છ ભારત દિવસ” તરીકે ઉજવાશે. જે અન્વયે રાજ્ય સરકાર દ્વારા નિર્મળ ગુજરાતની કામગીરીને પ્રાધાન્ય આપવા માટે તા.૧૪ સપ્ટેમ્બર થી તા.૩૧ ઓક્ટોબર સુધી “સ્વચ્છતા હી સેવા” અભિયાન અંતર્ગત સ્વચ્છતા ઝૂંબેશ હાથ ધરવાનું આયોજન કરવામાં આવ્યું છે. જેની મુખ્ય થીમ “સ્વભાવ સ્વચ્છત્તા-સંસ્કાર સ્વચ્છત્તા” રાખવામાં આવી છે. માતૃશ્રી એમ.જી.ભુવા કન્યા વિદ્યા મંદિર-જોષીપુરા, જૂનાગઢ ખાતે સરકારશ્રી દ્વારા આયોજિત “સ્વચ્છતા પખવાડા-૨૦૨૪” અંતર્ગત સ્વચ્છતા જાગૃતિ દિવસ, સમુદાય જાગૃતિ દિવસ, ગ્રીન સ્કૂલ દિવસ, સ્વચ્છતા ભાગીદારી દિવસ, વ્યક્તિગત સ્વચ્છતા દિવસ, હેન્ડવોશ દિવસ, સ્વચ્છ શાળા પ્રદર્શન દિવસ અને સ્વચ્છતા શપથ દિવસનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તકે શાળાનાં આચાર્ય સુશ્રી જયશ્રીબેન રંગોલિયા, સુપરવાઈઝરો સુશ્રી પ્રભાબેન બુટાણી અને સુશ્રી અલ્પાબેન ડાંગર સહિતના શિક્ષકોના માર્ગદર્શન હેઠળ યોજાયેલ સફાઈ ઝૂંબેશ, ક્વિઝ, રંગોળી, ચિત્ર, સૂત્ર અને નિબંધ લેખન સહિતની જુદી જુદી પ્રવૃતિઓમાં બહોળી સંખ્યામાં સહભાગી થયેલ વિદ્યાર્થિનીઓને પુરસ્કારથી પ્રોત્સાહિત કરવામાં આવી હતી.

શાળાની આવી પ્રવૃત્તિઓને સંસ્થાના ચેરમેનશ્રી જે.કે.ઠેસિયા સાહેબ, જોઈન્ટ મેનેજિંગ ટ્રસ્ટી સુશ્રી મૃણાલીનીબેન ગોધાણી, કેમ્પસ ડાયરેકટર સી.પી.રાણપરિયા સાહેબ સહિતના ટ્રસ્ટીઓ, વિદ્યાગુરૂશ્રીઓ અને શાળા પરિવારે બિરદાવી હતી.

# ‘સ્વચ્છતા હી સેવા’ અભિયાન અંતર્ગત ખંભાળિયા નગરપાલિકામાં સ્વચ્છતા રેલી યોજાઈ

(પ્રતિનિધિ દ્વારા)




જામ ખંભાળિયા, તા. ૧૯ ‘સ્વભાવ સ્વચ્છતા - સંસ્કાર સ્વચ્છતા’ થીમ સાથે સમગ્ર દેશમાં ’સ્વચ્છતા હી સેવા’ અભિયાનનો શુભારંભ કરવામાં આવ્યો છે. ત્યારે ગુજરાત સરકાર દ્વારા આ અભિયાન તેમજ નિર્મળ ગુજરાતને સાંકળી લઈને તા. ૩૧ ઓક્ટોબર સુધી સફાઈ ઝુંબેશનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉપક્રમે ખંભાળિયા ખાતે સ્વચ્છતા રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.

નગરપાલિકા દ્વારા જી.વી.જે. સ્કુલ તેમજ દા.સુ. ગર્લ્સ હાઈસ્કુલ તેમજ એસ.એન.ડી.ટી. સ્કુલના સહયોગથી આયોજીત આ રેલીમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. નગરપાલિકા ઉદ્યાનથી શરુ થયેલ આ રેલીમાં ‘પ્લાસ્ટિક મુક્ત ભારત’, ’સ્વચ્છ ભારત- સ્વસ્થ ભારત’ નારાઓ લગાવી અને પ્લેકાર્ડ હાથમાં લઈ ખંભાળિયાના રાજમાર્ગો ઉપર નીકળેલાં સ્વચ્છાગ્રહી છાત્રોએ નાગરીકોનું ધ્યાન ખેંચ્યું હતું અને તેમને સ્વચ્છતાપ્રદ આદતો અપનાવવા પ્રેર્યાં હતાં. વિદ્યાર્થીઓએ ‘હું છું સ્વચ્છાગ્રહી’ સેલ્ફી પોઈન્ટ ઉપર ફોટા પડાવીને સ્વચ્છતા અપનાવવા પ્રતિબદ્ધતા દર્શાવી હતી.

# એ . આર . ભટ્ટ કોલેજ ઉનામાં ગણપતિ ઉત્સવની ઉજવણી કરવામાં આવી

(નિરવ ગઢીયા દ્વારા)

ઉના, તા.૧૯ એ .આર. ભટ્ટ કોલેજ ઉના ખાતે ગણપતિ ઉત્સવનું આયોજન કરવામાંઆવ્યું હતું. એ. આર. ભટ્ટ. કોલેજ ઉનામાં છેલ્લા ૧૪ વર્ષથી ગણપતિ સ્થાપના કરવામાં આવે છે. આ વર્ષો પણ ધામધૂમથી ગણપતિની સ્થાપના કોલેજ માં કરવામાં આવી હતી.

આ ઉત્સવમાં કોલેજમાં વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આરતી ડેકોરેશન, મેહન્દી સ્પર્ધા, કાર્ડ મેકિંગ, આરોગ્ય વિભાગ દ્વારા ‘તમાકું નિષેધ’ અંતર્ગત નિબંધ સ્પર્ધા અને પોસ્ટર પેઈન્ટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

આ ઉત્સવમાં અંનકોટ અને કથા જેવા કાર્યક્રમો પણ ઉત્સાહભેર કરવામાં આવ્યા હતા. ગણપતિ વિસર્જનના દિવસે ઉના વિસ્તારના પી. આઈ. રાણા સાહેબ અને તેમની ટીમ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. અને વિદ્યાર્થીનો ઉત્સાહ વધર્યો હતો . આ ઉત્સવ માં કોલેજના ટ્રસ્ટી જીતેન્દ્રભાઈ ભટ્ટ, કોલેજના કેમ્પસ ડાયરેકટર પણ ઉપસ્થિત રહ્યા હતા .

આ કાર્યક્રમ ને સફળ બનાવવા કોલેજના પ્રિન્સિપાલ મેનેજમેંટ સ્ટાફ તેમજ અશ્વિનભાઈ ડાભી અને વિદ્યાર્થીઓએ ભારે જહેમત ઉપાડી હતી.

# શ્રાદ્ધના દિવસોમાં શું ન કરવું જોઈએ

પિતૃ પક્ષ, મહાલય કે શ્રાદ્ધ પક્ષમાં શુભ કાર્યો કે માંગલિક કાર્ય ન કરવા જોઈએ તે આપણે સૌ જાણીએ છીએ. શ્રાદ્ધ પક્ષની મર્યાદા સમજી લોકો આવા કાર્યો કરવાનું ટાળે છે. પરંતુ આ બીજી પણ કેટલીક બાબતોની ખાસ સંભાળ રાખવી જોઈએ. જો તેમાં બેદરકારી રહી જાય તો આપણા પૂર્વજો નારાજ થાય છે અથવા તો તેનાથી તેમને દુઃખ થાય છે.

શ્રાદ્ધના દિવસોમાં ઘરમાં કે પરિવારમાં કોઈપણ જાતના કંકાસથી દૂર રહેવું જોઈએ. ઘરના બાળકોને માર મારવો કે તેમને ધમકાવવા ન જોઈએ. આ સમય દરમિયાન ઘરની સ્ત્રીઓને દુઃખ પહોંચાડવું કે તેમનું અપમાન કરવું તેને સૌથી ખરાબ કૃત્ય માનવામાં આવ્યું છે. પિતૃ દેવતાઓ આ સમયે તમારી પાસે શાંતિ મેળવવાની અપેક્ષાએ આવે છે ત્યારે આવા પ્રકારના વર્તનથી તે આશીર્વાદ દેવાના બદલે નારાજ થઈને જાય છે. તેથી ઊલટું પરિવારમાં સ્નેહ સંપ જોઈને તે પ્રસન્ન થઈ આર્શીવાદ આપીને જાય છે.

આ સમયમાં ખરાબ કર્મો કરવા, ખોટું બોલવું, સટ્ટો કે જુગાર રમવું, અપશબ્દ બોલવો, કોઈની સાથે છળકપટ કરવું, બ્રહ્મચર્યનું પાલન ન કરવુ, અ પવિત્ર આહાર ખાવા પીવા જેવા કર્મો કરવાથી પણ પિતૃ દેવતાઓ અત્યંત નારાજ થાય છે. શ્રાદ્ધના દિવસે પરિવાર ના સભ્યો ને આમંત્રણ દેવામાં ભેદભાવ રાખવો, આમંત્રણ દેવાનું ટાળવું, પરિવારની દીકરી - જમાઈ કે તેમના બાળકો ને આમંત્રણ દેવાનું ટાળવું, પરિવારના કોઈ પણ સભ્યની હાંસી ઉડાવવી, પરિવારના સભ્યોમાં કોઈને મહેણા મારવા કે તેમના પર કટાક્ષ કરવો જેવા કાર્યોથી દૂર રહેવું જોઈએ.

શ્રાદ્ધ કર્મ કરતી વખતે પિતૃ દેવતાઓનું મન કર્મ વચન થી સ્મરણ કરવું જોઈએ. શ્રાદ્ધાદિક ક્રિયાઓ શ્રદ્ધા સાથે એકાગ્ર ચિતે કરવી જોઈએ. તેમાં ઉપયોગમાં લેવા આવતા પદાર્થો પવિત્ર અને શુદ્ધ હોવા જોઈએ, શ્રદ્ધાદિક કર્મો માં ઉતાવળ ન કરતા શાંતિથી ધીરજ રાખીને કરવા જોઈએ. આ કર્મમાં કોઈપણ પ્રકારની શંકા રાખ્યા વિના વિશ્વાસથી શ્રાદ્ધ કર્મ કરવું જોઈએ. આ દિવસે ઘરના આંગણે આવેલા કાગડા, ગાય, કુતરા, અચાનક આવી ચડેલા અતિથિ કે ભિક્ષુકને ભૂખ્યા પાછા જવા દેવા જોઈએ નહીં. એમાં પણ જો અચાનક કોઈ અતિથિ આવી ચડે તો તેનો વિશેષ આદર સત્કાર કરી તેને પણ ભોજન વિના જવા દેવા જોઈએ નહીં. આ દિવસે ભૂલથી પણ કોઈનું અપમાન કરવું જોઈએ નહીં.


શ્રાદ્ધના દિવસે ઘરના સભ્યોના કપડા ધોઈ શકાય નહીં. તેની સાથે માથું ધોવાની પણ મનાઈ છે. આ દિવસે વાળ, દાઢી કે નખ કાપવાની પણ મનાઈ છે. સાબુ, શેમ્પૂ કે માથાના કોઈપણ પ્રકારના તેલનો ઉપયોગ કરી શકાય નહીં.

જ્યારે ઘરમાં કોઈની શ્રાદ્ધની તિથિ હોય ત્યારે તે દિવસે યાત્રા કરવાનું ટાળવું જોઈએ. આ દિવસે મુસાફરી કરવાની મનાઈ છે જો શક્ય હોય તો બહારગામ હોઈએ તો પણ આ દિવસે પોતાના નિવાસસ્થાને પાછા પહોંચી આવવાનો પ્રયત્ન કરવો જોઈએ.

આજે આધુનિક યુગમાં સંયુક્ત કુટુંબ માં રહેનારા પરિવારોની સંખ્યા ઘટી રહી છે. સામાન્ય રીતે તેની પાછળના ઘણા કારણો હોઈ શકે. પરંતુ જો બે ભાઈ કે તેથી વધુ ભાઈઓ હોય અને અલગ અલગ રહેતા હોય તો પણ શ્રાદ્ધના દિવસે સૌ એ સાથે મળી અને શ્રાદ્ધ કર્મ કરવું જોઈએ. શક્ય હોય તો બંને ટાઈમ પરિવારના તમામ સભ્યોએ સાથે મળી અને ભોજન ગ્રહણ કરવું જોઈએ.

જો શ્રાદ્ધમાં તર્પણ અને પિંડદાન ની વિધિ કરવામાં આવે તો તર્પણ બને ત્યાં સુધી ત્રાંબાના પાત્રમાં જ કરવું જોઈએ. તેની અવેજીમાં પિત્તળના પાત્ર ચાલે પરંતુ કોઈ પણ સંજોગોમાં લોખંડ કે સ્ટીલ ના પાત્રમાં તર્પણ કરવું જોઈએ નહીં. તેવી જ રીતે પિંડદાન કરવાનું હોય તો ભૂમિ માતા સદાય પવિત્ર છે તેમ છતાં ગાયના છાણ થી લિપ્યા વિનાની ભૂમિ પર પિંડદાન કોઈપણ કાળે કરવું જોઈએ નહીં.

-દેવેન કનકચંદ્ર વ્યાસ



અમે ડુપ્લીકેટ ઘીના લાડવા પંદર દિવસ ખાધા હવે તમે ડુપ્લીકેટ દુધની ખીર પુરી સાથે પંદર દિવસ ખાજો !



ઘરમાં એકતા રહેવા નથી દેતી અને પક્ષમાં અસંતુષ્ટો !

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

## તંત્રી લેખ

# કારગિલ પર સ્વીકારોક્તિ

જે સત્યને ભારત વારંવાર દોહરાવતું રહ્યું છે કે કારગિલ યુદ્ધમાં પાકિસ્તાની સૈનિકોની ભૂમિકા રહી છે, એ સત્યને પાક સેના પ્રમુખે પચીસ વર્ષ બાદ સ્વીકાર્યું છે. પાકિસ્તાનની આ સફાઈ એવા સમયે આવી છે જ્યારે ભારતે કારગિલ વિજય દિવસની ૨૫મી વર્ષગાંઠ થોડા દિવસ પહેલાં જ ઉજવી છે. ગત શુક્રવારે પાકિસ્તાનના રક્ષા અને શહીદ દિવસના પ્રસંગે સેના પ્રમુખ સૈયદ આસિમ મુનીરની સ્વીકારોક્તિના ઘણા અર્થ છે. જોકે મુનીરે ગોળગોળ રીતે ભારત અને પાકિસ્તાન વચ્ચે થયેલ યુદ્ધો સહિત કારગિલમાં હજારો સૈનિકો માર્યા ગયા બાદ કહી. અસલમાં ૧૯૯૯ના કારગિલ સંઘર્ષને લઈને પાકિસ્તાનના કોઈ શીર્ષ સૈન્ય અધિકારીની પહેલી જાહેર સ્વીકારોક્તિ છે કે આ યુદ્ધમાં પાકિસ્તાની સેના સામેલ હતી. અત્યાર સુધી પાકિસ્તાન દલીલ કરતું આવ્યું છે કે કારગિલમાં કાશ્મીર માટે લડનારા લોકો સામેલ હતા. જોકે આ વર્ષની શરૂઆતમાં પૂર્વ વડાપ્રધાન નવાઝ શરીફે કારગિલનું નામ લીધા વિના એ સ્વીકાર્યું હતું કે ઈસ્લામાબાદે ૧૯૯૯માં થયેલ આ સમજૂતીનું ઉલ્લંઘન કર્યું હતું, જેના પર તેમના અને તત્કાલીન વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીના હસ્તાક્ષર હતા. એ સ્વીકાર્ય તથ્ય છે કે કારગિલ હુમલાનું દુસ્સાહસ જનરલ પરવેઝ મુશર્રફ દ્વારા રચાયેલ ષડયંત્ર અંતર્ગત જ થયું છે. અસલમાં પાકિસ્તાની સેનાએ બાંગ્લાદેશ યુદ્ધમાં મળેલ શરમજનક હારનો બદલો લેવાનો અસફળ પ્રયાસ જ કર્યો હતો.

એકંદરે પાકિસ્તાન સેના પ્રમુખની કારગિલ યુદ્ધમાં સેનામાં સામેલ થવાની સ્વીકારોક્તિના છૂપા નિહિતાર્થ પણ હોઈ શકે છે. પરંતુ પ્રશ્ન ટાઈમિંગને લઈને છે કે આખરે શું કારણ હતું કે કે પાકિસ્તાને આ ત્યારે સ્વીકાર્યું જ્યારે ભારત કારગિલ વિજયના પચીસ વર્ષ પૂરા થતાં ઉજવણી કરી ચૂક્યું છે. પરંતુ સ્પષ્ટ છે કે પાકિસ્તાનમાં લોકતંત્ર સેનાના સકંજામાં સંપૂર્ણ રીતે જકડાયેલો છે. સત્તા પર બેઠેલ શરીફ બંધુઓ પર સેનાનો પૂરો દબદબો છે. ત્યાં જ પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાન જેલના સળિયા પાછળ છે. અસલમાં, પાકિસ્તાની દુનિયાને એ દેખાડવાનો પ્રયાસ કરી શકે છે કે તે પોતાની ભૂતકાળની ભૂલોને સ્વીકારી રહ્યું છે અને પોતાની ઐતિહાસિક ભૂલોથી બોધપાઠ શીખવા ઉત્સુક છે. ત્યારે જ પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફે આ જ કાર્યક્રમમાં કહ્યું હતું કે પાકિસ્તાન પોતાના તમામ પડોશીઓ સાથે બહેતર સંબંધ બનાવવા માગે છે. સંભવ છે કે પાકિસ્તાન આગામી મહિને ઈસ્લામાબાદમાં થનારી એસસીઓ બેઠક માટે માહોલ બનાવવાનો પ્રયાસ કરી રહ્યું હોય. જેમાં તે ભારતીય વડાપ્રધાન નરેન્દ્ર મોદી ભાગ લે તેવી આશા રાખે છે. પરંતુ ભારત પાકિસ્તાનની વાતો પર સહજ રીતે વિશ્વાસ કરી લે તેનો કોઈ તાર્કિક આધાર નથી દેખાતો. બંને દેશો વચ્ચે અવિશ્વાસની ખાઈ ગત દિવસોમાં સતત પહોળી થતી રહી છે. ખાસ કરીને ગત દિવસોમાં જમ્મુ ક્ષેત્રમાં પાકિસ્તાન પ્રશિક્ષિત આતંકવાદીઓ દ્વારા ભારતીય સૈનિકો પર સતત કરવામાં આવેલ હુમલામાં તેની ભૂમિકાને લઈને. નિશ્ચિતપણે જનરલ મુનીરે એલઓસીને પાર આતંકી હુમલામાં પાકિસ્તાની સેનાની ભૂમિકાને સ્પષ્ટ કરવા માટે કહેવું જોઈએ.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

જે ભગવાનના શરણે હોય તેને કોઈ ચિંતા નથી રહેતી.

- ઋગ્વેદ

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૬, પા.અર્દીબહેસ્ત-૧૩૯૪, મુ. રબી-ઉલ્લ-અવ્વલ-૧૪૪૬, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૧, ભાદરવા વદ-૨ બીજનું શ્રાધ્ધ, પંચક (સાંજે ૭:૧૫ ક.થી સમાપ્ત) તા.૧૯ સપ્ટેમ્બર ૨૦૨૪, ગુરૂવાર, પારસી તા.૬, મુસ્લિમ તા.૧૫, ઉત્તરાભાદ્રપ્રદા નક્ષત્ર, વૃધ્ધિ યોગ, તૈતિલ કરણ, સૂ.ઉ.૬:૩૯, સૂ.અ.૬:૫૦ આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી મીન (દ ચ ઝ થ), પરોઢે ૫:૧૫ ક. પછી જન્મેલા બાળકની રાશી મેષ (અ લ ઈ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: નવિન મુલાકાત લાભદાયી નીવડે. જીવનસાથીનું આરોગ્ય સંભાળવું.
વૃષભ: મનની મુરાદ બર આવે. માનસિક આનંદ-ઉત્સાહ વિશષ રહે.
મિથુન: આવકમાં વૃધ્ધિ થાય. ધંધા-વ્યવસાયમાં લાભ થાય.
કર્ક: નવિન આયોજનમાં સફળતા મળે. કાર્યબોજમાં હળવાશ અનુભવાય.
સિંહ: ગુપ્ત ચિંતા સતાવે, આરોગ્ય જોખમાય, ગૃહવિવાદના ભોગ બનવું પડે.
કન્યા: વડીલ વર્ગ કે ઉપરી અધિકારીના સહકારથી લાભ મળે. નવિન યોજના પાર પડે.
તુલા: વાણી ચાતુર્યથી કામ સફળ થાય. આકસ્મીક ધન લાભ.
વૃશ્ચિક: મિલન-મુલાકાતમાં સફળતા મળે. માંગલિક કાર્યનું આયોજન થાય.
ધન: નવું સાહસ ન કરવું હિતાવહ. વ્યર્થ દોડા-દોડી રહે.
મકર: કોર્ટ-કચેરીના કાર્યમાં સફળતા મળે. વિરોધીઓને પીછેહટ કરવી પડે.
કુંભ: યશ, માન, કીર્તિમાં વધારો થાય. સાસરા પક્ષ તરફથી લાભ મળે.
મીન: દાન-ધર્મ પાછળ ધન વ્યય થાય. અટકેલા કાર્યોમાં પ્રગતિ થાય.

# શ્રી રણછોડદાસજી બાપુ ચેરીટેબલ હોસ્પિટલ રાજકોટ દ્વારા તેમજ જૂનાગઢ સ્વામિનારાયણ મુખ્યમંદિર જવાહર રોડના સહયોગથી વિના મૂલ્યે શ્રી સદ્‌ગુરૂ નેત્રયજ્ઞ

(પ્રતિનિધિ દ્વારા)
જૂનાગઢ તા.૧૯

જૂનાગઢ રાજકોટના પ.પૂ. શ્રી રણછોડદાસબાપુ આશ્રમ દ્વારા જૂનાગઢ સ્વામિનારાયણ મુખ્ય મંદિર, જવાહર રોડના સહયોગ, સહકાર થકી દર માસની તા.૨૨ ના રોજ કેમ્પનું આયોજન કરવામાં આવે છે.

કેમ્પનો સમય સવારે ૯ થી ૧૧:૩૦ વાગ્યા સુધી. સ્વામિનારાયણ મુખ્ય મંદિર, જવાહર રોડ ઉતારા વિભાગમાં હોય છે. તો આ કેમ્પનો મોતિયાના દર્દી ભગવાનએ લાભ લેવા વિનંતી. કેમ્પમાં ડોકટરને બતાવ્યા પછી જો આંખમાં મોતિયો હોય તો કેમ્પના સ્થળથી પ.પૂ. સદ્‌ગુરૂ રણછોડદાસજી, રાજકોટ હોસ્પિટલમાં લઈ જવાની વિનામૂલ્યે સેવા આપવામાં આવે છે. ઓપરેશન ફેકો મશીન દ્વારા ટાંકા વગરનું સારામાં સારા સોફ્ટ ફોલ્ડેબલ લેન્સ (નેત્રમણી) સાથે વિનામૂલ્યે કરી આપવામાં આવશે અને ઓપરેશન થઈ ગયા બાદ બીજા દિવસે દર્દી ભગવાનને જૂનાગઢ કેમ્પના સ્થળે વિનામૂલ્યે પરત મૂકી જવામાં આવશે. તો આ કેમ્પનો જરૂરીયાત વાળા દર્દી ભગવાને લાભ લેવા વિનંતી. આ કેમ્પને સફળ બનાવવા માટે બાબુભાઈ ચૌહાણ તથા મનુભાઈ સોની, માધવ સોની, દિલીપ ચૌહાણ, નટુભાઈ ટાંક, વિરમભાઈ મંત્રી, લવજીભાઈ ટાંક, લક્ષ્મીદાસભાઈ ટાંક, રમેશભાઈ મીસ્ત્રી, દિલીપભાઈ મારૂ, રાજુભાઈ ઉનડકટ અને બાલાભાઈ તન્નારાણા સર્વે જહેમત ઉઠાવી રહેલ છે. તો આ કેમ્પનો લાભ લેવા એક યાદીમાં જણાવેલ છે.

# ખંભાળિયા માર્કેટિંગ યાર્ડના નવા ચેરમેન તરીકે ચંદુબા પી. જાડેજા રીપીટ થયા : આવકાર



(પ્રતિનિધિ દ્વારા)
જામ ખંભાળિયા તા.૧૯

ખંભાળિયા માર્કેટીંગ યાર્ડના પ્રમુખપદની પ્રથમ ટર્મની મુદત મંગળવારે પુર્ણ થયેલ થતા અહીંના નાયબ નિયામક અને જિલ્લા રજીસ્ટ્રારના અધ્યક્ષસ્થાને પ્રમુખ પદની બીજી ટર્મની ચુંટણી માટે ખાસ બેઠક અહીંના માર્કેટિંગ યાર્ડ ખાતે યોજવામાં આવી હતી. જેમાં માર્કેટીંગ યાર્ડના પૂર્વ પ્રમુખ પી.એસ. જાડેજાના ધર્મપત્ની અને યાર્ડના વર્તમાન પ્રમુખ ચંદુબા પ્રતાપસિંહ જાડેજાની પુન: બિનહરીફ વરણી કરવામાં આવી હતી. આ વચ્ચે ઉલ્લેખનીય છે કે વરસો અગાઉ ખૂબ જ ખખડધજ અને દેવાના ડુંગર તળે ડૂબેલા અહીંના માર્કેટીંગ યાર્ડમાં પી.એસ. જાડેજા અને તેમના સાથી સભ્યોએ વર્ષ ૨૦૦૮માં પ્રથમ વખત માર્કેટીંગ યાર્ડમાં ચુંટાઈને સત્તા સંભાળ્યા બાદ તેઓએ સાથે મળીને માર્કેટીંગ યાર્ડને દાખલારૂપ વહીવટી કાબેલિયત વડે અકલ્પનીય રીતે વિકાસના સર્વોચ્ચ શિખરે પહોંચાડ્યું છે. હાલમાં માર્કેટિંગ યાર્ડમાં ચંદુબા પી. જાડેજા પ્રમુખપદે છે. પરંતુ યાર્ડના સર્વાંગી વિકાસના ખરા યશભાગી પી.એસ. જાડેજા અને તેમની ટીમના સર્વે સાથી ડાયરેક્ટરો છે. કારણ કે તેઓ બધા અલગ અલગ ક્ષેત્રોમાં કુશળ વહીવટી નેતૃત્વ કરે છે અને માર્કેટિંગ યાર્ડના વિકાસ માટે સકારાત્મક રીતે દોરવણી કરે છે. વર્ષ ૧૯૮૫ ના સમયગાળામાં જયારે યાર્ડ બનાવવામાં આવ્યું હતું, ત્યારથી ૪૦ દુકાનો વર્ષો સુધી બંધ હાલતમાં જ રહી હતી. કારણ કે ખેડૂતો યાર્ડમાં માલ વેચવા માટે આવવા જ તૈયાર નહોતા... પણ આજની પરિસ્થિતિમાં અહીં બીજી વધારાની ૭૪ દુકાનો બનાવવામાં આવી છે, અને આજે કુલ ૧૧૪ દુકાનો ચાલુ છે. જેમાં કમીશન એજન્ટો અને અન્ય વેપારીઓ ધંધો કરે છે. કોઈ નવા વેપારીને અહીં ધંધો શરુ કરવો હોય તો રૂ. ૧૫ થી ૨૦ લાખ પ્રીમિયમ આપવા છતાં યાર્ડ માં દુકાન મળે તેમ નથી. અહીંના યાર્ડમાં ખેડૂતોને તેમની ઉપજના મહત્તમ ભાવ મળે છે. આમ, આવક મોટા પ્રમાણમાં થતી હોય, દરેક વેપારીને મોટા પ્રમાણમાં ધંધો મળી રહે છે. રાજ્ય સરકારના સહકાર અને કૃષિ કલ્યાણ વિભાગ ધ્વારા સમગ્ર રાજયમાંથી માત્ર બે જ માર્કેટ યાર્ડને મગફળી પ્રોસેસીંગ યુનિટ સ્થાપવા માટે ૫૦ ટકા સહાય આપવાનો લક્ષ્યાંક હતો તે પૈકી એક ખંભાળિયાનું યાર્ડ છે. જે આ બધાના ટીમ વર્કનું પરિણામ છે. આ ચુંટણીની કાર્યવાહી દરમ્યાન યાર્ડના ડાયરેક્ટરો પ્રતાપસિંહ સીદુભા જાડેજા, ચંદુબા પ્રતાપસિંહ જાડેજા, જે.ડી. નકુમ, ભીખુભા દજુભા જાડેજા, પ્રભાતસિંહ ગગુભા જાડેજા, પ્રભાતભાઈ કારૂભાઈ ચાવડા, મહાવિરસિંહ માનસંગજી જાડેજા, વિરેનભાઈ એભાભાઈ કરમુર, પંકજભાઈ રૂડાચ, બાબુભાઈ ગોજીયા, રામભાઈ કણજારીયા, અશોકકુમાર વિઠલાણી વિજયભાઈ નકુમ, સીદાભાઈ કારીયા, પરબતભાઈ છૂછર, વિજયસિંહ સોઢા, સહકારી અધિકારી(બજાર). ચુંટણીની કાર્યવાહી પુર્ણ થયા બાદ નવનિયુક્ત પ્રમુખને ઉપસ્થિતોએ અભિનંદન પાઠવી, શુભેચ્છાઓ આપી હતી. આ સાથે નવનિયુક્ત ચેરમેનની વરણી તેમજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસને અનુલક્ષીને માર્કેટિંગ યાર્ડ પરિસરમાં ઉપસ્થિત મહાનુભાવો દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

# વડાપ્રધાનના જન્મદિવસ નિમિત્તે ખંભાળિયા ભાજપ દ્વારા નેત્રહીન અને દિવ્યાંગો સાથે ઉજવણી કરાઈ



(પ્રતિનિધિ દ્વારા)
જામ ખંભાળિયા તા.૧૯

ગુજરાતના સપૂત અને દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ૭૫ મા જન્મદિવસ નિમિતે ખંભાળિયામાં જિલ્લા ભાજપની સુચના મુજબ સેવા પખવાડિયાની ઉજવણીના ભાગરૂપે મંગળવારે ખંભાળિયા શહેર ભાજપ દ્વારા અહીંના જલારામ મંદિર ખાતે ખાસ ઉજવણી કરવામાં આવી હતી. જેમ જિલ્લા અંધજન મંડળના પરસોતમ નકુમ, ભાયાભાઈ નંદાણીયા અને વિકલાંગ કલ્યાણકારી ટ્રસ્ટના મનીષભાઈ ચંદારાણા અને પ્રવીણભાઈ વાઘેલાની આગેવાની હેઠળ ૩૦ થી વધુ નેત્રહીન પ્રજ્ઞાચક્ષુ અને દિવ્યાંગ ભાઈ-બહેનોએ ઉપસ્થિત રહીને વડાપ્રધાન મોદીના દીર્ઘાયુ માટે પ્રાર્થના કરી હતી. સાથે દિવ્યાંગ બાળકોના હાથે કેક કપાવીને ઉપસ્થિતોના મોં મીઠા કરાવ્યા હતા. અહીં સદસ્યતા અભિયાન અંતર્ગત દિવ્યાંગ ભાઈ-બહેનોએ સદસ્યતા સ્વીકારી હતી. આ કાર્યક્રમમાં જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી મયુરભાઈ ગઢવીએ પ્રાસંગિક ઉદબોધન કરીને માર્ગદર્શન આપી, ૫૦૦ થી વધુ સદસ્ય બનાવનારનું સન્માન કરી, સર્વેને શુભેચ્છા પાઠવી હતી. જેમાં જિલ્લા ભાજપ મહામંત્રી યુવરાજસિંહ વાઢેર, શહેર ભાજપ મહામંત્રી અને કાર્યક્રમ ઈન્ચાર્જ ઈન્દ્રજીતસિંહ પરમાર અને પિયુષભાઈ કણજારીયા, નગરપાલિકા પ્રમુખ રચનાબેન મોટાણી, કારોબારી ચેરમેન રેખાબેન ખેતીયા, પી.એમ. ગઢવી, ગીતાબા જાડેજા, નિમિષાબેન નકુમ, જીગ્નેશભાઈ પરમાર, મુકેશભાઈ કાનાણી, ભવ્ય ગોકાણી, મિલનભાઈ કિરતસાતા, વિશાલ કુંડલિયા, હેમલ મહેતા, રેખાબેન ઝીલકા, પ્રવીણ જમજોડ, હસુભાઈ ધોળકિયા, સહિતના આગેવાનો, કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

# કલ્યાણપુરમાં બાઈક ચોરી પ્રકરણનો આરોપી ઝડપાયો : બે મોટરસાયકલ કબજે

(પ્રતિનિધિ દ્વારા)
જામ ખંભાળિયા તા.૧૯

દેવભૂમિ દ્વારકા જિલ્લાની સ્થાનિક ગુના શોધક શાખા દ્વારા કલ્યાણપુર અને રાજકોટમાં બાઈક ચોરી પ્રકરણમાં સંડોવાયેલા દેવળીયાના આરોપીને ઝડપી લઈ, કાર્યવાહી કરવામાં આવી હતી. જિલ્લા એલ.સી.બી. પી.આઈ. કે.કે. ગોહિલના વડપણ હેઠળ એલ.સી.બી.ની ટીમ દ્વારા હાથ ધરવામાં આવેલા પેટ્રોલિંગ દરમિયાન એ.એસ.આઈ. ભરતભાઈ ચાવડા લાખાભાઈ પિંડારીયા અને દિનેશભાઈ માડમને મળેલી ચોક્કસ બાતમીના આધારે જામ દેવળીયાથી કલ્યાણપુર તરફ જતા માર્ગ પર મોટરસાયકલ લઈને નીકળેલા હેપ્પીન સંજયભાઈ અંકલેશ્વરીયા (ઉ.વ. ૨૧, રહે. દેવળીયા, તા. કલ્યાણપુર) ને અટકાવી તેની પૂછપરછ કરતા તેના દ્વારા અગાઉ કરવામાં આવેલી બે મોટરસાયકલની ચોરીની કબુલાત આપી હતી. આ પ્રકરણમાં પોલીસે આરોપી પાસેથી સ્પ્લેન્ડર અને એકટીવા મોટરસાયકલ અને ૫,૦૦૦ રૂપિયાનો મોબાઈલ ફોન મળી, કુલ રૂા. ૧.૦૫ લાખના મુદ્દામાલ સાથે તેની અટકાયત કરી હતી.

# દ્વારકા ખાતે ઓસડ શરાફી સહકારી મહિલા મંડળી લી.ની વાર્ષિક સાધારણ સભા યોજાઈ





(પ્રતિનિધિ દ્વારા)
દ્વારકા તા.૧૯

શ્રી વિરામભા આશાભા કુમાર છાત્રાલયમાં શ્રી ઓસડ મહિલા શરાફી સહકારી મંડળી લી.ની ૧૧મી સાધારણ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સભામાં ગ્રામીણ બેંકના રીજનલ મેનેજર જે.બી. બોરીચા અને અન્ય ગ્રામીણ બેંકનાં અધિકારી, સહકાર ભારતીમાંથી પ્રદેશ મહામંત્રી વિનોદભાઈ બોરેચા, પ્રદેશ મંત્રી નયનાબેન મકવાણા, ગુજરાત પ્રદેશમાંથી પ્રમુખ ચીમનભાઈ ડોબરીયા, રાજકોટથી તેમજ સુઝલોન CSRમાંથી સૌરાષ્ટ્ર મેનેજર નીતેશભાઈ પિંડારીયા, ગુજરાત યોગ બોર્ડમાંથી જિલ્લા કોર્ડીનેટર ધનાભા જડિયા તથા શનિભાઈ પુરોહિત ઉપરાંત ગ્રામ્ય વિકાસ ટ્રસ્ટનાં ટ્રસ્ટી પ્રો. ડી.એસ. કેર અને શરાફી તથા જીવીટીનાં કાર્યકરો અને કારોબારી સભ્યો તેમજ ઓખા મંડળનાં શહેરી અને ગ્રામ્ય વિસ્તારનાં ૫૮૦ જેટલા શેર હોલ્ડર સભ્યો હાજર રહ્યા હતા. ગત વર્ષ ઠરાવ કામગીરી અને ઉત્તકૃષ્ટ કામગીરી માટે બહેનોને પ્રોત્સાહક ઈનામ આપવામાં આવ્યા હતા. આ ઓસડ સંગઠનનું નાણાકીય માળખું વિસ્તારનાં વંચિત અને ગરીબ બહેનોને અલગ અલગ હેતુ માટે ખાસ બહેનોનાં આર્થિક સ્વાયતતા માટે ધિરાણ આપે છે અને બહેનોને ટેકો પૂરો પાડે છે.

# પ્લાસવામાંથી નકલી ડોકટર ઝડપાયો




(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)
જૂનાગઢ તા. ૧૯

જૂનાગઢ ક્રાઈમ બ્રાંચે પ્લાસવા ગામે મેલડીમાની ગારી પાસે મકાનમાં આવેલ જૂનાગઢનો ઈદ્રીશભાઈ ઈસ્માઈલભાઈ પોલાદીયા ઘાંચી (ઉ.વ. ૩૮) (રહે. બ્લોચવાડા જૂનાગઢ) દુકાન ભાડે રાખી પોતે ડોકટરની કોઈ ડીગ્રી ધરાવતો ન હોવા છતાં આ દુકાનમાં દવાખાનું ખોલી દુકાનમાં એલોપેથી દવાઓ જેવી કે એન્ટીબાયોટીકસ, સ્ટીરોઈડ વગેરેનો જથ્થો રાખી ડોકટર તરીકે પ્રેકટીશ કરી દુકાને આવતા ગ્રાહકોને તપાસી પોતે ડોકટર તરીકે દવાઓ આપતો હતો. આ શખ્સ કોઈ જાતની ડીગ્રી કે લાયસન્સ વગર દવાખાનું ખોલી પોતાની ડોકટર તરીકે ઓળખ આપી લોકોને તપાસી દવાઓ વેચી દવાખાનુ ચલાવતા હાજર મળી આવેલ હતો. જેથી પોલીસે અલગ અલગ એલોપેથી દવાનો જથ્થો કુલ કિંમત રૂા. ૪૭,૩૬૮.૫, રોકડ રૂા. ૭૨૬૦, મોબાઈલ કિં. રૂા. ૧૦ હજાર મળી કુલ રૂા. ૬૪,૬૨૮.૫ નો મુદામાલ કબ્જે કરી તાલુકા પોલીસમાં ગુનો નોંધાવેલ છે.

આ કામગીરીમાં ક્રાઈમ બ્રાંચનાં પીઆઈ જે.જે. પટેલ, સામતભાઈ બારીયા, યશપાલસિંહ જાડેજા, આઝાદસિંહ સીસોદીયા, ઈન્દ્રજીતસિંહ ઝાલા, મયુરભાઈ કોડીયાતર, પેરોલ ફર્લો સ્કવોડનાં દિપકભાઈ બડવા, વનરાજભાઈ ચાવડા, જયેશભાઈ બામણીયા વગેરે જોડાયેલ હતાં.

# સયુંકત નૈતિક માનવ અધિકાર સમિતિની આગામી દિવસોમાં મળશે મહત્વની બેઠક

## રાષ્ટ્રીય અધ્યક્ષ નિલેશભાઈ જોષી અને રાષ્ટ્રીય મહિલા અધ્યક્ષ એષાબેન શાહ હોદેદારો સાથે કરશે વાર્તાલાપ અને ચર્ચા વિચારણા









(પ્રતિનિધિ દ્વારા)
જૂનાગઢ તા.૧૮

સયુંકત નૈતિક માનવ અધિકાર સમિતિના ગુજરાત રાજય પ્રિન્ટ મીડિયા પ્રમુખ પાર્થભાઈ પંડ્યા દ્વારા જણાવવામાં આવ્યું હતું કે આગામી તારીખ ૨૯ સપ્ટેમ્બરના રોજ બનાસકાંઠા જિલ્લા ખાતે મહત્વની કોર કમિટીની બેઠક મળશે. આ બેઠકમાં કમિટી દ્વારા મહત્વના નિર્ણયો તેમજ આગળ કરવાના કાર્યોની ચર્ચા કરવામાં આવશે એની સાથે સંગઠન વધુમાં વધુ કંઈ રીતે મજબૂત થાય તેની ચર્ચા પણ થશે. આ બેઠકમાં રાષ્ટ્રીય હોદેદારઓ, ગુજરાત રાજયના હોદેદારઓ તેમજ સૌરાષ્ટ્ર અને તમામ જિલ્લાના હોદેદારો પણ ઉપસ્થિત રહેશે તેમ એક અખબારી યાદીમાં જણાવેલ છે.

# દિલ્હીના નવા CM આતિશીએ એકવાર ઈરાક યુધ્ધ સામે રેલી કાઢી અને ગ્રામીણ ભારતમાં કામ કર્યું, પછી AAPમાં જોડાયા



નવી દિલ્હી, તા.૧૯

૨૦૧૧-૧૨માં રાજકીય રીતે તોફાની સમયગાળો જયારે ઈન્ડિયા અગેઈન્સ્ટ કરપ્શન ચળવળથી શહેરી ભારતીયો રોમાંચિત હતા, અસાધારણ શૈક્ષણિક રેકોર્ડ ધરાવતો એક યુવા કાર્યકર્તા ભોપાલથી ૨૫ કિલોમીટર દૂર એક ગામમાં ગ્રામ સ્વરાજના ગાંધીવાદી સિદ્ધાંતનો પ્રયોગ કરવામાં વ્યસ્ત હતો. દિલ્હી યુનિવર્સિટીના ઈતિહાસકાર દંપતી વિજયસિંહ અને ત્રિપતા વાહીના પુત્રી એવા આતિશી માર્લેના સિંહ તેમના કટ્ટર -ડાબેરી રાજકીય અને નાગરિક અધિકારોની સક્રિયતા માટે દિલ્હીના શૈક્ષણિક વર્તુળોમાં વ્યાપકપણે જાણીતા છે. ભલે તેનો ચહેરો અન્ના હજારે હોય અથવા તેનું મગજ અરવિંદ કેજરીવાલ હોય પણ તેઓ આંદોલનના મુખ્ય કલાકારો સાથે દૂરથી પણ સંકળાયેલા ન હતા. ઈન્ડિયા અગેઈન્સ્ટ કરપ્શન આમ આદમી પાર્ટી (AAP)માં રૂપાંતર થઈ તેના મહિનાઓ પહેલાં ભોપાલમાં આતિશી કેજરીવાલના સૌથી નજીકના લેફ્ટનન્ટ મનિષ સિસોદિયાને તેમની આગેવાની હેઠળની સ્વયંસેવકોની બેઠકમાં મળ્યા હતા. યોગેન્દ્ર યાદવ અને પ્રશાંત ભૂષણને ધ્યાનમાં લેતા આતિશીએ ચળવળ તરફ ત્વરિત ખેંચાણ અનુભવ્યું કારણ કે, તે આ બંને કાર્યકર્તાઓથી પરિચિત હતી અને આ બંને પણ આંદોલનના ચહેરા હતા. AAP સાથે તેના સ્વયંસેવક કાર્ય સમાપ્ત થયા પછી ગ્રામ સ્વરાજ પ્રોજેક્ટમાં પાછા ફરવાના ઈરાદાથી ૨૦૧૨ની શિયાળામાં આતિશી તેના વતન, દિલ્હી પરત ફર્યા અને ૧૨ વર્ષ પછી તે હવે દિલ્હીના આઠમા મુખ્યમંત્રી તરીકે ચાર્જ લેવા માટે તૈયાર છે. આ પહેલાં માત્ર બે મહિલાઓ ટોચના પદ ઉપર રહી છે ભારતીય જનતા પાર્ટીના સુષ્મા સ્વરાજ કુલ મળીને ૫૨ દિવસ માટે અને કોંગ્રેસની શીલા દીક્ષિત સતત ત્રણ ટર્મ માટે.

**આતિશીનું જીવન :**

ભારતીય સામ્યવાદી ગદર પાર્ટી સાથે સંકળાયેલા સિંઘ-વાહીની નાની પુત્રી તરીકે જન્મેલી આતિશીની આગળ શૈક્ષણિક કારકિર્દી ઉજ્જવળ હતી. સેન્ટ સ્ટીફન્સ કોલેજમાં બેચલર ઓફ આર્ટસ (ઈતિહાસ)ની વિદ્યાર્થિની તે ૨૦૦૧માં તેના વિષયમાં દિલ્હી યુનિવર્સિટી ટોપર તરીકે ઉભરી, તેણે ઓક્સફર્ડ યુનિવર્સિટીમાંથી પ્રાચીન અને આધુનિક ઈતિહાસમાં માસ્ટર્સ કર્યું. ઓક્સફર્ડ ખાતે તેણી રાધાકૃષ્ણન-ચેવેનિંગ શિષ્યવૃત્તિ પ્રાપ્તકર્તા હતી. તદુપરાંત ૨૦૦૫માં તે વર્ષે ભારતના છ રોડ્સ વિદ્વાનોમાંના એક હતી, તેમણે ઓક્સફર્ડ યુનિવર્સિટીની મેગડાલેન કોલેજમાંથી શૈક્ષણિક સંશોધનમાં MA મેળવ્યું વચ્ચે એક વર્ષ સુધી તેમણે કર્ણાટકની ઋષિ વેલી સ્કૂલમાં ભણાવ્યું. તેમણે ૨૦૧૮માં એક મુલાકાતમાં મીડિયાને જણાવ્યું હતું કે, ઓક્સફર્ડમાં આતિશી ઈરાક વિરોધી યુદ્ધ ચળવળમાં પણ 'ઘણી સક્રિય' હતી. મેગડાલેનથી પરત ફર્યા પછી આતિશીએ તેનો ગ્રામ સ્વરાજ પ્રયોગ શરૂ કર્યો, જે ૨૦૧૨માં તેના રાજકીય પ્રવેશ સુધી ચાલુ રહ્યો. ગામમાં પંચાયત શાસન અને સજીવ ખેતી, અન્ય ક્ષેત્રો સહિત આતિશીએ એક જૂથ સાથે સંયુક્ત રીતે જેમાં તેના પતિ પ્રવીણસિંહનો સમાવેશ થતો હતો, તેણે સ્થાનિક સમુદાય સાથે શિક્ષણના ક્ષેત્રોમાં કામ કર્યું.

**AAPમાં તેમનો ઉદય :**

AAP સાથે તે પહેલાં દિવસથી મુખ્ય વ્યૂહરચનાકારોમાંની એક હતી. ૨૦૧૩માં જયારે AAPએ દિલ્હીમાં તેની પ્રથમ વિધાનસભા ચૂંટણી લડી ત્યારે તે AAPની ઢંઢેરાની મુસદ્દા સમિતિનો ભાગ હતી. AAPના પ્રવક્તા તરીકે તેમની ઘણી ઓફિસોમાં સતત હાજરી હતી પછી તે નોર્થ એવેન્યુ હોય કે ઈસ્ટ પટેલ નગર ઓફિસ, જે AAPએ તેના શરૂઆતના વર્ષોમાં ચલાવ્યું હતું. ૨૦૧૫ની દિલ્હી વિધાનસભાની ચૂંટણીઓ પછી કેજરીવાલના વફાદાર અને યાદવ ભૂષણના અનુયાયીઓ વચ્ચે AAPમાં ફાટી નીકળેલી આંતરકલહ, જે વૈચારિક રીતે આકારહીન રહીને કારણે પક્ષમાં તેમની કારકિર્દી પાટા ઉપરથી ઉતરી જવાનો ખતરો પેદા થયો. જો કે, ભૂષણ શિબિરના સભ્ય તરીકે લાંબા સમયથી જોવામાં આવતા આતિશી જેમણે શરૂઆતમાં મૌન પસંદ કર્યું હતું, તે સમયે કેજરીવાલની બાજુમાં રહીને ભૂષણ અને યાદવને એક પત્ર મોકલીને બધાને આશ્ચર્યચકિત કર્યા હતા અને કહ્યું હતું કે, તે 'અમારી રાજકીય સંબંધમાં પરિવર્તન ચિહ્નિત કરશે.' આતિશીએ લખ્યું કે, 'મને નથી લાગતું કે અમારા માર્ગો હવે એક બની શકે છે', બે લડાયક શિબિરો વચ્ચેની વાટાઘાટો તોડવા બદલ તે ભૂષણ પર 'ગુસ્સે' હતી. તેમણે પત્રમાં ઉમેર્યું, 'મારા AAPમાં જોડાવાનું એક કારણ એ હતું કે, તે સમયે પ્રશાંતજીની હાજરીએ મને ખાતરી આપી હતી કે, AAP ક્રોની મૂડીવાદ અને સામ્યવાદ સામેની લડાઈ જારી રાખશે. આજે હું માનું છું કે, AAP હજી પણ તે શકિત છે અને હવે પ્રશાંતજી આ દળનો ભાગ ન હોઈ શકે, પરંતુ તેની વિરૂધ્ધ ઊભા છે', જે યાદવ-ભૂષણનધ્ પાર્ટીએ તેમના પ્રવક્તાઓની પેનલ પદ પરથી હટાવ્યાના એક અઠવાડિયા પછી પહોંચ્યો. આમ AAPમાં તેમની બીજી ઈનિંગની શરૂઆત થઈ, પાર્ટીએ ત્યાં સુધીમાં લગભગ તમામ અસંતુષ્ટોને દૂર કર્યા, કેજરીવાલને નિર્વિવાદ નેતા તરીકે ઊભરી આવ્યા. તેમણે સિસોદિયા કે જેમણે શિક્ષણ પ્રધાન તરીકેનો ચાર્જ સંભાળ્યો હતો. તેમના કાર્યાલયમાં ૧ રૂપિયાનો ટોકન પગાર લઈને શિક્ષણ સલાહકાર તરીકે કામ કરવાનું શરૂ કર્યું. જેમણે તેમની સલાહકાર ભૂમિકામાં તેમણે દિલ્હીના શિક્ષણ ક્ષેત્રને સુધારવા માટે AAP સરકાર દ્વારા હાથ ધરવામાં આવેલી ઘણી પહેલો અમલમાં મૂકી. એપ્રિલ ૨૦૧૮માં તેમની પોસ્ટની રચના માટે પૂર્વ મંજૂરીના અભાવને ટાંકીને કેન્દ્રએ આતિશી સહિત દિલ્હી સરકારના જુદા-જુદા વિભાગોમાં સલાહકારની ભૂમિકા નિભાવતા નવ વ્યક્તિઓને તેમની પોસ્ટ્સમાંથી દૂર કર્યા. ત્રણ મહિના પછી આતિશી AAPના ઉચ્ચ નિર્ણય લેતી સંસ્થા રાજકીય બાબતોની સમિતિ (PAC)ના સભ્યને પૂર્વ દિલ્હી સંસદીય મતવિસ્તાર માટે AAPના પ્રભારી તરીકે નામ આપવામાં આવ્યું હતું, જે બેઠક ઉપરથી તેમની ૨૦૧૯ લોકસભા ચૂંટણી પ્રચારની ચૂપ ચાપ શરૂઆતને ચિહ્નિત કરે છે. ચૂંટણી પ્રચારમાં તેમણે તેમની અટક માર્લેનાને ઉતારી દીધી, જે તેના માતા-પિતા, માર્ક્સ અને લેનિન દ્વારા પ્રેરિત હતી અને તેના રાજપૂત-ક્ષત્રિય મૂળને ઉછેરતી હતી. તેમનું પગલું, કથિત રીતે, તેમને ખ્રિસ્તી તરીકે ચિહ્નિત કરવાના હેતુથી ભાજપના કથિત ઝુંબેશનો પ્રતિભાવ હતો. તે ચૂંટણીમાં બીજેપીના ગૌતમ ગંભીર અને તે સમયે કોંગ્રેસી એવા અરવિંદરસિંહ લવલી પછી ત્રીજા સ્થાને રહ્યા. આતિશી ૨૦૨૦ની દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં ચૂંટણી મેદાનમાં પરત ફર્યા, આ વખતે તે કાલકાજી મતવિસ્તારમાંથી વિજેતા તરીકે ઉભરી આવ્યા. માર્ચ ૨૦૨૩માં આતિશી, સૌરભ ભારદ્વાજ સાથે બે અલગ-અલગ કેસોમાં જેલમાં ગયેલા સિસોદિયા અને સત્યેન્દ્ર જૈનના રાજીનામા પછી દિલ્હી કેબિનેટમાં મંત્રી તરીકે સામેલ કરવામાં આવ્યા હતા. મંત્રી તરીકે આતિશીએ ધીમેધીમે શિક્ષણથી માંડીને નાણાં, કાયદાથી લઈને PWD અને આવકથી લઈને પાણી સુધીના અનેક હેવીવેઈટ પોર્ટફોલિયોનો હવાલો સંભાળ્યો. સ્વાભાવિક રીતે આ વર્ષે માર્ચમાં એક્સાઈઝ પોલિસી કેસમાં કેજરીવાલની ધરપકડ પછી, તેમને તેમના રાજીનામાની ઘટનામાં તેમની સંભવિત વિકલ્પ તરીકે વ્યાપકપણે જોવામાં આવ્યા હતા. રવિવારે જ્યારે કેજરીવાલે જામીન ઉપર જેલમાંથી બહાર નીકળીને રાજીનામું આપવાના નિર્ણયની જાહેરાત કરી અને દિલ્હીમાં આગામી વિધાનસભા ચૂંટણી સુધી તેમના સ્થાને નવા સીએમનો અભિષેક કર્યો, ત્યારે સ્પષ્ટ હતું કે, આતિશી આ પદ સંભાળશે. મંગળવારે કેજરીવાલે દિલ્હીને તેના નવા મુખ્યપ્રધાન આપતા AAP વિધાનસભ્ય સંસ્થાની બેઠકમાં તેમના નામની દરખાસ્ત કરી અને બધાએ હાથ ઉપર કરી તેને સ્વીકૃતિ આપી.

## દિલ્હીનાં આગામી મહિલા મુખ્યમંત્રી બની રહેલાં આતિશી માર્લેના કોણ છે ?

નવી દિલ્હી, તા.૧૯

આમ આદમી પાર્ટીના નેતા અને દિલ્હી સરકારમાં એકમાત્ર મહિલા આતિશી માર્લેના દિલ્હીના નવા મુખ્યમંત્રી બનવાની તૈયારીમાં છે. પાર્ટીના મુખ્ય નેતા અને વર્તમાન મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે મંગળવારે રાજીનામું આપ્યું હતું અને દિલ્હી વિધાનસભાની ચૂંટણીના થોડા મહિનાઓ પહેલાં જ ટોચના પદ પર આતિશીની પસંદગી કરી હતી. લગભગ એક દાયકા સુધી દિલ્હીનું નેતૃત્વ કરનાર અરવિંદ કેજરીવાલે મંગળવારે મુખ્યમંત્રી પદ છોડવાનો નિર્ણય લીધો હતો. કોઈ સ્પષ્ટ સેકન્ડ-ઈન-કમાન્ડ વિન આતિશી આ પડકારજનક સમયમાં પક્ષ અને સરકાર બંનેનું નેતૃત્વ કરવા માટે અગ્રેસર તરીકે ઉભરી આવ્યા છે. આતિશીના નામનો પ્રસ્તાવ કેજરીવાલે પોતે કર્યો હતો અને રેસમાં અન્ય વરિષ્ઠ આપ નેતાઓ હોવા છતાં તેમણે જ પાર્ટીના ધારાસભ્યોનું સમર્થન મેળવ્યું હતું. આતિશીએ આપમાં મુખ્ય ભૂમિકા ભજવી છે ખાસ કરીને કેજરીવાલની ધરપકડ પછી. સાથી નેતા સૌરભ ભારદ્વાજ સાથે તેમણે લોકસભાની ચૂંટણી દરમ્યાન પક્ષના પ્રયાસોની જવાબદારી સંભાળવા માટે આગળ વધ્યા હતા તે સમયગાળા દરમ્યાન તેઓ તેનો સૌથી વધુ દેખાતો ચહેરો બની ગયા હતા. તેમના મીડિયા દેખાવ, ભાષણો અને સક્રિય વલણે તેમને આપ અને સમગ્ર દિલ્હીમાં એક જાણીતી વ્યક્તિ બનાવી દીધા છે. સામાન્ય ચૂંટણીઓ પછી આતિશી સતત ચર્ચામાં રહ્યા. જૂનમાં તેમણે હરિયાણા સરકારના દરરોજ ૧૦ કરોડ ગેલન પાણી રોકવાના નિર્ણય સામે અનિશ્ચિત ભૂખ હડતાળ કરીને હેડલાઈન્સમાં ચમક્યા જેના કારણે દિલ્હીમાં પાણીની મોટી કટોકટી સર્જાઈ હતી. આ વિરોધે નિર્ણાયક મુદ્દાઓનો સામનો કરવા માટેની તેમની પ્રતિબદ્ધતાને પ્રકાશિત કરી અને તેમ છતાં તેમની તબિયત બગડ્યા પછી તેમને હોસ્પિટલમાં દાખલ કરવા પડ્યા, હડતાળે દિલ્હીના રહેવાસીઓ માટે લડવૈયા તરીકેની તેની પ્રતિષ્ઠાને મજબૂત બનાવી હતી.

**આતિશી કયા પોર્ટફોલિયોનું સંચાલન કરે છે ? :**

આતિશી હાલમાં આપ સરકારમાં શિક્ષણ, નાણાં, આયોજન, PWD, પાણી, ઊર્જા અને જનસંપર્ક સહિત અનેક મુખ્ય મંત્રાલયોની દેખરેખ રાખે છે. તેમનું સૌથી નોંધપાત્ર યોગદાન શિક્ષણ ક્ષેત્રમાં રહ્યું છે જે આપ સરકાર માટે મુખ્ય ધ્યાન ધરાવતું ક્ષેત્ર છે. આપે હંમેશા શિક્ષણને તેની ટોચની પ્રાથમિકતાઓમાંની એક તરીકે દર્શાવ્યું છે, ખાસ કરીને દિલ્હીની સરકારી શાળાઓના ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને અભ્યાસક્રમને અપગ્રેડ કરવાના તેના પ્રયાસો સામેલ છે. શિક્ષણ મંત્રી તરીકે આતિશીએ આ સુધારાઓમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. તેમણે અગાઉ પૂર્વ શિક્ષણપ્રધાન મનિષ સિસોદિયાના સલાહકાર તરીકે સેવા આપી હતી અને તેમના કાર્યકાળ દરમ્યાન તેમણે 'હેપ્પીનેસ અભ્યાસક્રમ' અને 'ઉદ્યોગ સાહસિકતા માઈન્ડસેટ અભ્યાસક્રમ' જેવી મોટી પહેલો શરૂ કરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી જે વિદ્યાર્થીઓની ભાવનાત્મક સુખાકારી અને કૌશલ્ય વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

**વિદ્વાન અને કેળવણીકાર :**

આપના સૌથી શિક્ષિત સભ્યોમાંના એક આતિશી રોડ્સ સ્કોલર છે જેમણે સેન્ટ સ્ટીફન્સ કોલેજ, દિલ્હી યુનિવર્સિટી અને બાદમાં

ઓક્સફર્ડ યુનિવર્સિટીમાં અભ્યાસ કર્યો છે. તેમની મજબૂત શૈક્ષણિક પૃષ્ઠભૂમિ અને ખાસ કરીને શિક્ષણ અને નીતિમાં આપના શહેરી, મધ્યમ-વર્ગના મતદાર આધારને અપીલ કરી છે. રાજકારણમાં પ્રવેશતા પહેલાં આતિશીએ મધ્યપ્રદેશના એક નાનકડા ગામમાં સાત વર્ષ વિતાવ્યા જ્યાં તેમણે વિવિધ બિન-લાભકારી સંસ્થાઓ સાથે ઓર્ગેનિક ખેતી અને શૈક્ષણિક પહેલ ઉપર કામ કર્યું હતું. આ અનુભવે તેમને પાયાના મુદ્દાઓ વિશેની સમજણને આકાર આપ્યો અને આખરે તેમને આપમાં તેમની શરૂઆતથી જોડાવાનું કારણ આપ્યું. તેઓ ૨૦૧૩ની વિધાનસભા ચૂંટણી માટે પાર્ટીની મેનિફેસ્ટો ડ્રાફ્ટિંગ કમિટીના મુખ્ય સભ્ય હતા અને તેમની પ્રારંભિક નીતિઓને આકાર આપવામાં ભૂમિકા ભજવી હતી.

**દિલ્હી માટે આનો અર્થ શું છે ? :**

મુખ્યમંત્રી તરીકે આતિશીની નિમણૂક નિર્ણાયક સમયે આવી છે. દિલ્હીની વિધાનસભાની ચૂંટણીઓ નજીકમાં હોવાથી તેમને માત્ર સરકાર ચલાવવાની જ નહીં પરંતુ રાજકીય અનિશ્ચિતતાના સમયગાળા દરમ્યાન પક્ષનું નેતૃત્વ કરવાનો તાત્કાલિક પડકારનો સામનો કરવો પડ્યો છે. ગવર્નન્સ અને આપની ચૂંટણી વ્યૂહરચના બંનેને સંભાળવાની તેમની ક્ષમતાને નજીકથી જોવામાં આવશે. શિક્ષણમાં તેમનો ટ્રેક રેકોર્ડ, કટોકટી દરમ્યાન તેણીનું નેતૃત્વ અને શહેરી મતદારો સાથે જોડાણ કરવાની તેમની ક્ષમતાએ તેમને આપને આગળ લઈ જવા માટે મજબૂત ઉમેદવાર બનાવે છે. જો કે, અરવિંદ કેજરીવાલના પેંગડામાં પગ નાખવા અને તાજેતરના મહિનાઓમાં આપને ઘેરી લેનાર રાજકીય અશાંતિને નેવિગેટ કરવાના દબાણ સાથે આતિશીના નેતૃત્વની આગામી મહિનાઓમાં કસોટી થશે.

# રાજ્યમાં ખેડૂત ખરાઈ માટે રેકર્ડ ચકાસણીમાં એપ્રિલ ૧૯૯૫થી જ મહેસૂલી રેકર્ડ ધ્યાને લેવાશે

ગાંધીનગર, તા.૧૯

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં ખેતીની જમીનના વેચાણના કિસ્સાઓ માટે ડિજિટાઈઝેશન અને પારદર્શી ઓનલાઈન પ્રક્રિયાને વેગ આપતા મહત્ત્વપૂર્ણ નિર્ણય કર્યા છે. રાજ્યમાં ખેતીની જમીનના વેચાણના કિસ્સાઓમાં વેચાણ નોંધ હક્કપત્રકમાં દાખલ કરતી વખતે વેચાણ લેનાર ખેડૂત ખાતેદાર પાસેથી ૧૯૫૧-૫૨થી ખેડૂત હોવા અંગે ખેડૂત ખરાઈ પ્રમાણપત્રનો આગ્રહ રાખવાની પ્રથા રાજ્યમાં અમલમાં છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સમક્ષ એવી રજૂઆતો આવી હતી કે, બિન ખેતીની પરવાનગી દરમ્યાન મૂળથી ખેડૂત ખાતેદારની ચકાસણીના કિસ્સાઓમાં રેકર્ડની બિન ઉપલબ્ધતા અને બિન ખેતી મંજુરીના કેસોમાં વિલંબને કારણે ખેડૂતો અને અરજદારોને અનેક સમસ્યાઓ નડે છે. ૧૯૫૧-૫૨થી બિનખેતી પરવાનગી સમયે જયારે મૂળથી ખેડૂત ખાતેદાર હોવાના આધાર પૂરાવાઓ માંગવામાં આવે છે, ત્યારે આવા પુરાવાઓ જિલ્લા વિસ્તરણ, પૂર જેવી આકસ્મિક કુદરતી આપત્તિઓ, તેમ જ વડીલો અને હાલ ખરીદ કરનારાઓ દ્વારા જૂના માણસોના ખેડૂત હોવાના પુરાવાઓ અપ્રાપ્ય હોવાને કારણે વેચાણ-નોંધો તેમ જ બિનખેતી અરજીઓ ખેડૂત ખરાઈના મુદ્દે દફતરે કરવાના કે નામંજૂર કરવાના કિસ્સાઓ રાજ્ય સરકારના ધ્યાનમાં આવ્યા છે. આના પરિણામે મૂળ ખેડૂત ખરાઈ બાબતે મૂળથી રેકર્ડની ચકાસણી કરવા બાબતે રેકર્ડની બિનઉપલબ્ધતાના કારણે વેચાણ-નોંધો અને બિનખેતી મંજૂરીઓના કેસોમાં સરળીકરણ કરવાના હેતુથી મુખ્યમંત્રીએ મહત્ત્વપૂર્ણ નિર્ણયો કર્યા છે. તદઅનુસાર, ખેતીની જમીનની વેચાણ નોંધ પ્રમાણિત કરવા અંગેના નિર્ણયમાં ખેડૂત ખરાઈની ચકાસણીમાં તા. ૬ એપ્રિલ ૧૯૯૫ પછીના રેકર્ડને જ ધ્યાનમાં લેવાનું રહેશે. એટલું જ નહીં, આવી ખરાઈ કરતી વખતે ૬ એપ્રિલ ૧૯૯૫ પહેલાંના સમયે ધારણ કરેલી કોઈ જમીનના કિસ્સામાં અરજદાર જમીન મૂળથી કેવી રીતે ધારણ કરે છે તેની ચકાસણી કરવાની બાબતો ખેતીની જમીનની હવે પછી વેચાણની નોંધ મંજૂર કરવાના તબક્કે લાગુ પડશે નહીં. ખેડૂત હોવા અંગેના ઉપલબ્ધ ઓનલાઈન રેકર્ડ તપાસીને સક્ષમ મહેસૂલી સત્તાઅધિકારીએ ખેડૂત ખરાઈ કરી આપવા નોંધ પ્રમાણિત કરવાનો નિર્ણય કરશે. વેચાણ નોંધ પ્રમાણિત કરવા અંગેનો નિર્ણય કરતી વખતે ખેડૂત ખરાઈ પ્રમાણપત્રનો આગ્રહ રાખવાનો રહેશે નહીં. જોકે આવી ખેતીની જમીનની હક્કપત્રકમાં વેચાણ નોંધ દાખલ કરતી વખતે ખેડૂત ખાતેદારે પોતે ખેડૂત ખાતેદાર હોવાનું સોગંદનામુ નિયત નમુનામાં રજૂ કરવાનું રહેશે. મુખ્યમંત્રીએ વધુમાં એવો મહત્ત્વપૂર્ણ નિર્ણય કર્યો છે કે, મૂળથી જૂની શરતની હોય તથા ખેતીથી ખેતીના હેતુ માટે જૂની શરત થયેલા હોય, પરંતુ બિનખેતી માટે પ્રિમિયમને પાત્ર હોય તેવી જમીનો માટે જ્યારે બિનખેતી માટેની અરજી આવે, ત્યારે માત્ર ખેડૂત ખરાઈના હેતુસર ૬ એપ્રિલ ૧૯૯૫ પછીનું જ રેકર્ડ ધ્યાને લેવાનું રહેશે. આવી પરવાનગી વખતે કબ્જેદારો પાસેથી "ફક્ત બિનખેતી વિષયક પરવાનગી આપવાની અરજી હોવાનું તેમજ આ પરવાનગીથી માલીકીપણા-ટાઈટલ કે અન્ય કોઈ બાબતે વિસંગતતા જણાય તો કાયદેસરની કાર્યવાહી કરવાપાત્ર રહેશે." એ પ્રકારનું સોગંદનામું કલેક્ટરશ્રીઓએ મેળવી લેવાનું રહેશે. બિનખેતી પરવાનગી અંગેની અન્ય જોગવાઈઓ યથાવત રહેશે તથા તેનો ચુસ્તપણે અમલ તમામ સક્ષમ સત્તાધિકારીઓએ કરાવવાનો રહેશે. હાલ જે કેસોમાં ખેડૂત ખાતેદારના દરજ્જા બાબતે લીટીગેશન કે તપાસ પડતર છે તેવા કિસ્સાઓમાં આ જોગવાઈઓ લાગુ પડશે નહીં.

# મણિપુર પોલીસે મશીનગન ખરીદી છે પણ શા માટે ?


નવી દિલ્હી તા.૧૯

મણિપુર ફરી એકવાર હિંસાની આગમાં સળગી રહ્યું છે. લોકો વિવિધ જગ્યાએ વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. કેન્દ્ર અને રાજ્ય સરકારોએ વંશીય સંઘર્ષને અંકુશમાં લેવા માટે સુરક્ષા દળોની તૈનાતી વધારી છે. આતંકવાદીઓ દ્વારા વધતા હુમલાઓ વચ્ચે મણિપુર પોલીસ મીડિયમ મશીન ગન (MMG) મેળવી રહી છે. પોલીસ વિભાગે ભારતીય સેના પાસેથી એમએમજીની તાલીમ આપવા માટે મદદ માંગી છે. હવે મોટો પ્રશ્ન એ થાય છે કે, શું મણિપુરમાં કંઈક મોટું થવાનું છે ? ૭.૬૨ દ્વદ્વ મધ્યમ મશીનગનનો ઉપયોગ સામાન્ય રીતે પોલીસ દળો અને કેન્દ્રીય સશસ્ત્ર અર્ધલશ્કરી દળો દ્વારા કરવામાં આવતો નથી. આ હથિયારનો ઉપયોગ યુદ્ધના મેદાનમાં દુશ્મનો ઉપર ગોળીઓ વરસાવવા માટે થાય છે. આ વખતે મણિપુરમાં બદમાશો દ્વારા ડ્રોન અને અત્યાધુનિક હથિયારોનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે, જેના કારણે સરકારની ઊંઘ ઉડી રહી છે. આવી સ્થિતિમાં શક્ય છે કે, મણિપુર પોલીસને બદમાશોનો સામનો કરવા માટે એમએમજી જેવા ખતરનાક આધુનિક હથિયારોથી સજ્જ કરવાની તૈયારી ચાલી રહી છે. આ અંગે મણિપુર પોલીસ ઉપર આરોપ લગાવવામાં આવી રહ્યો છે કે, આ હથિયારનો ઉપયોગ મેઈતેઈ અને કુકી સમુદાયો વચ્ચે ચાલી રહેલી સાંપ્રદાયિક હિંસાનો સામનો કરવા માટે થઈ શકે છે.

# આગ્રાને હેરિટેજ સિટી જાહેર કરવાની માંગણી કરતી અરજી કાઢી નાખતી સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હી, તા.૧૯

ઐતિહાસિક પ્રેમના પ્રત્યેક સંબંધ વારસાગત ભવ્ય ઈમારત તાજમહાલ જ્યાં છે એ આગ્રારા શહેરને હેરિટેજ સિટી જાહેર કરવાની માંગણી કરતી એક અરજી સુપ્રીમ કોર્ટે આજે નકારી કાઢી હતી. સુપ્રીમનું એવું માનવું છે કે હેરિટેજ સિટી જાહેર કરવાથી પણ આ શહેરને કોઈ ખાસ લાભ મળે એવું અદાલત માનતી નથી. દંતકથા સમાન અભૂતપૂર્વ તાજમહાલ અને તેની આસપાસના વિસ્તારોના નિભાવ સુરક્ષા અને જતન માટે ૧૯૮૪માં થયેલી એક પીઆઈએલ પર નવી અરજી થઈ હતી જેમાં આગ્રાની હેરિટેજ સિટી જાહેર કરવા સુપ્રીમને વિનંતી કરવામાં આવી હતી પણ આ અરજી જસ્ટિસ અભય ઓકા અને જસ્ટિસ ઉજલ ભુયાનની બેંચ દ્વારા કાઢી નાખવામાં આવી હતી. અદાલત દ્વારા એવો અભિપ્રાય આપવામાં આવ્યો હતો કે આવું કરવાથી શહેરને કોઈ ખાસ વધારાનો દરજ્જો પડી જશે એ દર્શાવતી કોઈ હકીકતો અદાલત સમક્ષ મૂકવામાં આવી નથી એટલે અદાલત આવી કોઈ જાહેરાત કરી શકે નહીં. અરજદારે સુપ્રીમમાં એવી દલીલ કરી હતી કે આગ્રાનો ૧૦૦૦ વર્ષ જૂનો ઈતિહાસ છે અને અનેક ઐતિહાસિક સ્મારકો અહીં આવેલા હોવાથી તેને હેરિટેજ સિટી જાહેર કરવાની જરૂર છે. ત્યારે અદાલતે પૂછ્યું હતું કે આવી જાહેરાત કરવાથી શહેરને શું વધારાનો લાભ મળશે અને કાયદામાં આ માટેની કેવી જોગવાઈ છે એ વિગતો જાહેરાતથી કોઈ મદદ ન મળતી હોય તો આવી કવાયત કરવાનું વ્યર્થ રહેશે. સુપ્રીમે દર્શાવ્યું હતું કે તાજમહાલની સુરક્ષા અને તેના નિભાવ તથા જતન માટે તથા



આખા અદાલત જાણવા માંગે છે. અરજદારે કહ્યું હતું કે હેરિટેજ સિટી જાહેર કરવાથી પ્રવાસનને વેગ મળશે વધુ રોજગારી ઊભી થશે અને સમગ્ર વિસ્તારનું જતન અને સુરક્ષા થશે ત્યારે જસ્ટિસ ઓકાય વળી એવી ટકોર કરી હતી કે જે શહેરો સ્માર્ટ સિટી જાહેર થયા છે તેમાં કશું સ્માર્ટ જોવા મળતું નથી. એવું જ આગ્રહ બાબતમાં કહી શકીએ હેરિટેજ જાહેર થવાથી વધુ શું ફાયદો થશે ? શું આ જાહેરાત કરવાથી આગરા શહેર એકદમ સ્વચ્છ બની જશે ? જો આવી તાજ ઝોનના રક્ષણ માટેની બાબત અત્યારે સુપ્રીમ કોર્ટના ધ્યાનમાં જ છે અને એ અંગે સુપ્રીમ કામગીરી કરી રહી છે. જાહેર થયેલો તાજ ઝોન ૧૦૪૦૦ ચોરસ કિલો મીટર વિસ્તારમાં પથરાયેલો છે જેમાં આગરા જિલ્લા ઉપરાંત ફિરોઝાબાદ તેમજ મથુરા અને હાથરસ પણ છે અને રાજસ્થાનનો ભરતપુર જિલ્લો પણ આ ઝોનમાં સામેલ છે એટલે સુપ્રીમ કોર્ટ તેના નિભાવ અને સંરક્ષણ માટેની કામગીરી ઉપર નજર રાખી રહી છે.

# મણિપુરમાં હવે ડ્રોન અને રોકેટ લોન્ચરથી હુમલા થઈ રહ્યા છે

ઈમ્ફાલ, તા.૧૯

છેલ્લા ૧ વર્ષ ૪ મહિનાથી મણિપુર હિંસાની આગમાં સળગી રહ્યું છે. મણિપુરમાં હજુ પણ જનજીવન સામાન્ય નથી થયું. દરરોજ ક્યાંકને ક્યાંક હિંસાની આગ જોવા મળી રહી છે અને તેમાં ઘણાં નિર્દોષ લોકો હોમાઈ રહ્યાં છે. જેમ-જેમ સમય વીતી રહ્યો છે, તેમ- તેમ સાથે હિંસાનું રૂપ પણ મોટું થઈ રહ્યું છે. કાલ સુધી જે લોકો હાથમાં દંડા લઈને તોડફોડ અને હિંસા કરતા હતાં તે લોકો હવે ડ્રોન અને રૉકેટ લૉન્ચરથી હુમલો કરી રહ્યાં છે. જો કે, સૌથી મોટો મોટો પ્રશ્ન એ છે કે, આ વિદ્રોહીઓ પાસે મોડર્ન વેપન આવે છે ક્યાંથી ? હાઈટેક શસ્ત્ર ભંડાર તેમને આપી કોણ રહ્યું છે ? આકાંશી આતંક સાંભળીને તમને નવાઈ લાગી રહી હશે, પરંતુ મણિપુર છેલ્લા ઘણાં દિવસોથી આ સહન કરી રહ્યું છે. ઈમ્ફાલ વેસ્ટમાં આવેલું કદમબન છેલ્લા આ ડ્રોન હુમલા સહન કરી રહ્યું છે. ૨ સપ્ટેમ્બરે અહીં પહેલો ડ્રોન બોમ્બ એટેક થયો હતો. સૌથી વધારે જોખમ KPI વિસ્તારમાં છે. આ વિસ્તારમાં એક બાજુ નાગા વસ્તી રહે છે તો બીજી બાજુ કુકી વસ્તી અને ઉપરથી એટેક થઈ રહ્યાં છે. આ જ વિસ્તારમાં કાંગપોપકી વિસ્તાર છે જ્યાં સિગાદમ ડેમ પણ છે. જેની બાજુમાં એલાઈડ પર્વત છે અને તેની ટોચથી ડ્રોન ઓપરેટ કરવામાં આવે છે. ડ્રોનને ઓપરેટ કરીને કદમબનને ટાર્ગેટ કરવામાં આવે છે. આ પર્વતની ઉપર આતંકવાદનો ખોફનાક કિલ્લો જોવા મળી રહ્યો છે. ડ્રોન હુમલા સિવાય પણ વિદ્રોહીઓ પાસે ઘણાં ખતરનાક હથિયાર હાજર છે. L9A1 51 mm light mortar જેવા હથિયાર પણ આ હુમલાખોરો પાસે જોવા મળી રહ્યાં છે, જે એક હાઈ એક્સપોલિબ બોમ્બ છે. હુમલાખોરોએ જણાવ્યું કે, તેઓને શિલોંગમાં નેપામાં જઈને પોલીસ ટ્રેનિંગ એકેડમીમાં ટ્રેનિંગ પણ લીધી છે. A1-51 મોર્ટાર સિવાય તેમની પાસે AK-47, ઈંસાસ રાઈફલ, ઈસાપોર ફેક્ટ્રીમાં બનેલી ૭૬.૪ લાખની સેલ્ફ લોડિંગ રાઈફલ્સ અને સ્ટેન કાર્બાઈન જેવા હથિયાર પણ છે. ઘણાં રિપોર્ટમાં દાવો કરવામાં આવી રહ્યો છે કે, મણિપુરને હથિયાર ચીન અને મ્યાનમાર જેવા દેશો સપ્લાઈ કરી રહ્યાં છે. ડ્રોનથી થતાં વિસ્ફોટક હુમલાથી બચવા માટે લોકો બંકર બનાવી રહ્યાં છે. સ્થાનિક લોકોએ આવા એક નહીં પરંતુ અલગ-અલગ વિસ્તારમાં ઘણાં બંકરો બનાવ્યા છે. રોટેશન વાઈઝ લોકો ૨૪ કલાક ડ્યુટી કરી છે.

### કલબ યુવિ અને કેન્સર કેર ફાઉન્ડેશનના ઉપક્રમે

# રાજકોટના આંગણે અનોખો નવરાત્રી મહોત્સવ યોજાશે, ગુજરાતના હજારો કેન્સરગ્રસ્ત દર્દીઓ ગરબાની રમઝટ બોલાવશે

## આ પ્રસંગે બહેનો-દિકરીઓને એચપીવી વેક્સિનેશન અને મેમોગ્રાફી ટેસ્ટ ગિફ્ટ વાઉચરનું વિતરણ કરાશે અને ૧૦૮ બહેનો દેવી કવચના પાઠ કરશે



**૨ ઓકટોબરના રોજ રાજકોટ ખાતે કેન્સર કેર ફાઉન્ડેશન અને કેન્સર કલબ યુવિના સૌજન્ય દ્વારા આયોજનમાં પોરબંદરના ત્રિવેણીબેન પણ આ કેન્સરગ્રસ્ત નવરાત્રી મહોત્સવમાં ભાગ લઈ રહયા છે અને પોરબંદરનું પ્રતિનિધિત્વ કરશે**

જૂનાગઢ તા. ૧૯

રાજકોટ રંગીલું શહેર હોવાની ઓળખ ધરાવતું હોવા સાથે સ્વાસ્થ્ય સંબંધિત ગમે તે પડકારોની સ્થિતિમાં પણ મોજ કરવા અને આફતને અવસરમાં પલટાવી નાખવાની પણ આગવી ઓળખ ધરાવતું શહેર છે. દેશભરમાં કેન્સરગ્રસ્ત લોકોને પોતાની રીતે પીડા મુક્ત કરાવવા સંભવિત તમામ પ્રયાસો કરનાર રાજકોટની કેન્સર કેર ફાઉન્ડેશન-કેન્સર કલબ દ્વારા થોડા સમય પહેલા કેન્સરમાંથી મુકત થયેલા દેશભરના કેન્સર વોરિયર મહિલાઓના ફેશન શોને યોજવામાં આવ્યા બાદ હવે ગુજરાતભરના કેન્સરગ્રસ્ત દર્દીઓ-વોરિયર્સ માટે પ્રતિષ્ઠિત સંસ્થા ક્લબ યુવીના સૌજન્યથી નવરાત્રીના અવસરે ૨, ઓકટોબર ૨૦૨૪ના રોજ રાજકોટના આંગણે નવતર ગરબા મહોત્સવ સહિતના મેગા કાર્યક્રમોનું આયોજન કરાયું છે.

રાજકોટ સ્પિડવેલ પાર્ટી પ્લોટ, ૧૫૦ ફૂટ રીંગ રોડ-રાજકોટ ખાતે ૨, ઓકટોબર ૨૦૨૪ના સાંજે ૬થી ૧૧ વાગ્યા સુધી યોજનારા આ એક દિવસીય નવરાત્રી મહોત્સવમાં ગુજરાતના કેન્સરગ્રસ્ત વોરિયર બહેનો, ભાઈઓ અને બાળકો મયુર બુધ્ધદેવ અને એમના સાથી નામી કલાકારોના સંગાથે ગીત સંગીત ગરબાની રમઝટ બોલાવશે. આ ૩૦૦૦ જેટલા કેન્સરગ્રસ્ત દર્દીઓ-વોરિયર માટે નવરાત્રી-ગરબા મહોત્સવ સાથે ૧૦૮ બહેનો દ્વારા દેવી કવચના પાઠનું પણ આયોજન કરાયું હોવાનું કેન્સર કેર ફાઉન્ડેશન, રાજકોટના અશ્વિન સોલંકીએ જણાવ્યું હતું. કેન્સર વોરિયરોની સાથે મળીને તેમના કુટુંબીજનો મળીને આ નવરાત્રી મહોત્સવમાં ૯૦૦૦ લોકો જોડાય એવો અંદાજ છે. આ વિષે વધુ માહિતી આપતા તેમણે જણાવ્યું હતું કે, આ સિવાય ૨૦૦ કેન્સર નિષ્ણાંતો અને વિવિધ શાખાના ડોકટરો અને એમના પરિવારના મેમ્બરો પણ કેન્સર હોસ્પિટલના સ્ટાફ મેમ્બરો સાથે આ મહા મહોત્સવમાં જોડાશે. તમામ જ્ઞાતિના લોકો આ ઉત્સવમાં જોડાઈ રહ્યા હોવા સાથે ૧૦૦૦થી વધુ સામાજિક સેવાભાવી સંસ્થાઓ, ટ્રસ્ટીઓ, એમના સભ્યો અને સર્વે દાતાઓ ઉદ્યોગપતિઓ અને સરકારી અને વિવિધ સંસ્થાઓના અધિકારીઓ પણ મોટી સંખ્યામાં આ મહોત્સવમાં ઉપસ્થિત રહેશે.

આયોજન વિષે વધુ માહિતી આપતાં કેન્સર કલબના આયોજકોએ જણાવ્યું હતું કે, આ ઉપરાંત મહોત્સવમાં કોલેજો અને યુનિવર્સિટીના હોદ્દેદારો, સ્ટાફ અને વિદ્યાર્થી બહેનો-ભાઈઓ મોટી સંખ્યામાં જોડાશે. કેન્સર બાબતે જાગૃતિ લાવવા આ પ્રસંગે ઉપસ્થિત રહેનાર તજજ્ઞનો, નિષ્ણાંત તબીબો અને વિવિધ સંસ્થાઓ દ્વારા એમનાથી શક્ય તમામ પ્રયાસો કરવામાં આવશે.

રાસ-ગરબા સાથે સંગીત-નૃત્યના આ મહોત્સવમાં કેન્સરના દર્દીઓને પ્રોત્સાહન, હિંમત વધારવા ઈનામી મદદરૂપ થઈ શકે એવી જાહેરાતો, દવાઓ કે અન્ય પ્રકારના સહયોગ માટેની માહિતી અને માર્ગદર્શનની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. આ પ્રસંગે ઉપસ્થિત રહેનાર તમામ બહેનો-દિકરીઓને આ દિવસે એચપીવી વેક્સિનેશન ગિફ્ટ વાઉચર અને મેમોગ્રાફી ટેસ્ટ ગિફ્ટ વાઉચર પણ વિના મૂલ્યે વિતરીત કરવામાં આવશે.

આ ઉત્સવના ભાગરૂપે આ મેગા નવરાત્રી ઉત્સવ માટે સિસ્ટમ વ્યવસ્થા અને આધુનિક સંગીત લાઈટ, ડેકોરેશન બેઠક વ્યવસ્થા અને ખેલૈયાઓની તમામ જરૂરીયાતને સમજી શકતા કલબ યુવીના પ્રમુખ બિપીનભાઈ બેરા અને તેમની



ટીમ ખૂબ જ જહેમત ઉઠાવી સહયોગ આપી રહ્યા છે. જ્યારે કેન્સર કેર ફાઉન્ડેશનના સભ્યો રૂપલ કોટક, હસાબેન પટેલ, જયોતી શાસ્ત્રી, અલ્પના રાવલ, દિગ્વિજયસિંહ જાડેજા, ભાવેશભાઈ માકડિયા, જલ્પાબેન કુબાવત સહિત આ કાર્યક્રમને સફળ બનાવવા સક્રિય સહયોગ આપી રહ્યા છે.

કેન્સર કેર ફાઉન્ડેશન અને કલબ યુવિના સૌજન્યથી રાજકોટમાં સમગ્ર ગુજરાતના કેન્સર પેશન્ટ બહેનો, ભાઈઓ અને બાળકોએ આ નવરાત્રી ઉત્સવમાં જોડાવવા તેમજ વધુ વિગતો માટે મો. ૯૪૨૬૯-૦૦૮૯૪, ૯૪૨૮૨૭૨૯૭૬, ૯૬૬૪૬૯૬૫૦૧, ૯૭૧૪૦-૬૬૫૧૩, ઉપર સંપર્ક સાધવા એક યાદીમાં જણાવાયું છે.

# ગીર સોમનાથ ડીઝાસ્ટર મેનેજમેન્ટ કંટ્રોલ રૂમની ચોમાસામાં કાર્ય-પરિણામલક્ષી કામગીરી

## જીલ્લામાં ૧૮ સપ્ટેમ્બર સુધી સૌથી વધુ વરસાદ તાલાળામાં ૧૩૨૮ મી.મી. અને સૌથી ઓછો ઉનામાં ૬૨૨ મી.મી.

(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ પાટણ તા. ૧૯

ગીર સોમનાથ જીલ્લા ડીઝાસ્ટર મેનેજમેન્ટ કંટ્રોલ રૂમની સુંદર-પરિણામલક્ષી સક્રિયતાને કારણે જીલ્લામાં ડીઝાસ્ટર દુર્ઘટનાની એક માત્ર ડેથ કે જે કુદરતના હાથમાં હોય છે તેવું એક મૃત્યુ ચોમાસા દરમ્યાન આકાશી વીજળી પડવાથી ગીરગઢડા તાલુકામાં થયેલ છે. જીલ્લા કલેકટર દિગ્વિજયસિંહના માર્ગદર્શન હેઠળ જીલ્લા ડીઝાસ્ટર અધિકારી રાહુલ સોલંકી તથા તેની ટીમે આગોતરૂં આયોજન, જરૂર પડયે મદદ મેળવી શકય તેવા સંપર્કો અને ડેમ દ્વારા છોડાતા પાણીની વિગતો સમયે સમયે હેઠવાસના ગામો-સંબંધકર્તા ખાતાઓ તથા માધ્યમોને પહોંચાડી પ્રસારણ કરાવી ઝીરો કેઝયુલીટી રહે તેવા પ્રયત્નો કરવામાં આવેલ જે સફળ રહયા હતા. આજની સ્થિતિએ ગીર સોમનાથ જીલ્લાના ગેટવાળા ત્રણ અને ગેટ વગરના બે સહિત તમામ જળસંચય ડેમો ૧૦૦ ટકા ભરાયેલા છે. તા.૧૮-૯-૨૪ સુધી સિઝનનો કુલ વરકસાદ ગીરગઢડામાં ૬૮૮ મી.મી., તાલાળામાં ૧૩૨૮ મી.મી., વેરાવળ-પાટણ ૧૧૮૧ મી.મી. સુત્રાપાડામાં ૧૦૪૪ મી.મી. કોડીનારમાં ૯૦૦ મી.મી. અને ઉનામાં ૬૨૨ મી.મી. પડેલ છે.

# યાત્રાધામ દ્વારકામાં ભાદરવી પુનમના શ્રધ્ધાળુંઓનું ઘોડાપુર ઉમટયું

## પુનમ નિમીતે કાળિયા ઠાકોરના અલૌકિક શણગાર કરાયા : ભાવિકોએ દર્શન કરી ધન્યતા અનુભવી



(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા, તા.૧૯

યાત્રાધામ દ્વારકા ખાતે ભાદરવી પુનમના શ્રધ્ધાળુંઓનું ઘોડાપુર ઉમટી પડ્યું હતું. વહેલી સવારથી ભાવિકોથી ગોમતી ઘાટ ઉભરાયું હતું. ભાવિકોએ પવિત્ર ગોમતી સ્નાન કરી પુણ્યનું ભાથું બાંધ્યું હતું. વહેલી સવારે જગતમંદિર ખુલ્લે એ પહેલા છપ્પનસિડીએ કાળિયા ઠાકોરના મંગલાના દર્શન કરવા ભક્તોની કતારો લાગી હતી. પુનમ નિમીતે વારદાર પુજારીએ ઠાકોરજીને અલૌકિક શણગારની ઝાખી કરવામાં આવી હતી. સમગ્ર દિવસ દરમ્યાન છપ્પનસિડી મોક્ષ દ્વારા તેમજ સ્વર્ગ દ્વારે શ્રીજીના દર્શન કરવા ભાવિકોની લાંબી કતારો જોવા મલી હતી. પુનમના સંખ્યાબંધ ભાવિકો કાળિયા ઠાકોરના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

### 'ઓખો જગથી નોખો' નહી પણ અનોખો!

# આંતરરાષ્ટ્રીય ગુન્હેગારોનાં એ.પી. સેન્ટર જેવા મચ્છીમારી બંદર પર સીસીટીવી કેમેરા નહીં પણ ગામમાં લગાવ્યા!

## કેન્દ્ર સરકારની સૂચનાનો પણ ઉલાળિયો તંત્ર કરી રહ્યું હોવાની થતી ચર્ચા ? મચ્છીમાર વેલ્ફેર બોર્ડનાં સભ્યએ ખુદ રજૂઆત કરેલ છે કે અહીંના બંદર પરનાં વ્યવસાયીકો ડ્રગ્સ અને પાકિસ્તાની એજેન્ટો સાથે જોડાયેલ છે



(સુરેશચંદ્ર એમ. ધોકાઈ દ્વારા)

ઓખા તા. ૧૯

દેશ આઝાદ થયો અને બૃહદ મુંબઈ રાજ્યમાંથી મજદૂર દિન પહેલી મેં ૧૯૬૦ નાં રોજ અલગ બનેલા ગુજરાત રાજ્યની રચના સુધી ઓખા ગામનો વહીવટ પ્રજા દ્વારા ચૂંટાયેલા સ્થાનિક પ્રજાનાં પ્રતિનિધિઓ દ્વારા નહિ પણ અહીંના બંદરના અધિકારી દ્વારા ચલાવાતો હતો અને રાજ્યની રચના થતા અહીં આવેલ બંદર- વિદેશી ઓઈલ કંપની બર્માશેલ અને એસ્સો ઓઈલ કંપનીનાં ડેપો અને કેન્દ્ર સરકારની કચેરીઓ કસ્ટમ-લાઈટ હાઉસ-સુરક્ષા એજેન્સીની ઓફિસોને કારણે રાજ્ય સરકારે વસ્તી આધારિત સ્થાનિક સ્વરાજ્યનાં અધિકારોને બદલે સ્પેશયલ કેસમાં ઓખાને નગર પંચાયતનો દરરજો આપેલ છે. જે કારણે ઓખા માટે કહેવાતું ઓખો ભલે દેશનાં પશ્ચિમ વિભાગનો છેલ્લો ભાગ હોય દુનિયાથી નોખો છે અને તળપદી ભાષામાં કહેવત સ્વરૂપે 'ઓખો જગથી નોખો' કહેવાતો પણ અત્યારે આ ઓખો જગથી નોખો નહિ પણ અનોખો હોય તેવું ખુદ તંત્રે સાબિત કરી આપ્યું હોય તેમ આંતરરાષ્ટ્રીય ગુન્હેગારોનાં એ.પી.સેન્ટર જેવા મચ્છીમારી બંદરો ડાલડા અને ફિશિંગ પ્લોટ એરિયામાં સીસીટીવી કેમેરા લગાવવાનાં બદલે તંત્ર દ્વારા ગામમાં હાઈ ડેફીનેશન વાળા સીસીટીવી કેમેરા લગાવી આંતરરાષ્ટ્રીય ગુન્હેગારોને આડકતરી મદદ કરી રહ્યાનું પ્રજામાં ચર્ચાય છે.

તંત્ર દ્વારા ઓખા સમગ્ર ગામમાં સી.સી.ટી.વી. કેમેરા લગાવ્યા જેના કારણોમાં જાણવા મળતી વિગતો મુજબ ગત વર્ષે કચ્છના અખાતમાંથી પકડાયેલ હજારો કરોડ રૂપિયાના ડ્રગ્સને ધ્યાને લઈ કેન્દ્ર સરકારનાં આદેશ અન્વયે અને હાલમાં લોકાર્પણ કરાયેલા ઓખા-બેટ દ્વારકા વચ્ચેના સમુદ્ર સેતુ બ્રીજનાં કારણે વીઆઈપી-વી.વી.આઈ.પી.ઓની વધેલી મુલાકાતોને કારણે તેમની સુરક્ષાનાં પગલે પણ આ કાર્યવાહી જરૂરી હોય પણ તે ફક્ત હાઈવે અને બેટ દ્વારકા આવવા જવા માટેનાં રસ્તા પુરતી હોય અહીં સમગ્ર નગરમાં લગાવવા પાછળનાં કારણો કંઈક આશ્ચર્યજનક કે શંકાસ્પદ હોવાનું નકારી શકાતું નથી. પણ ખરેખર તો ઓખા ગામ મચ્છીમારી બંદરો ડાલડા અને ફિશિંગ પ્લોટ એરિયામાં અન અધિકૃત બાંધકામ અને કબ્જા આધારિત જમીન પર વિકસેલા આ મચ્છીમારી બંદર પર આધારિત છે અને અહીં પણ આશ્ચર્યજનક હકીકત તે છે કે સ્થાનિક કરતા ત્રણ ગણા અન્ય ગામનાં માચ્છીમારો અહીં આવી વર્ષોથી પોતાનો કબજો જમાવી બેસી ગયા છે અને મચ્છીમારી વ્યવસાયનાં બહાને અન્ય પ્રવૃત્તિ ડ્રગ્સની હેરફેર અને પાકિસ્તાન સાથે સંપર્ક કરી રહ્યા હોવાનું ખુદ મચ્છીમાર વેલ્ફેર બોર્ડનાં એક હોદેદાર દ્વારા કેન્દ્ર સરકારને ગત મહીને લેખિત અરજી દ્વારા જણાવી આ મચ્છીમારી બંદરો આંતરરાષ્ટ્રીય ગુન્હેગારોના એ.પી.સેન્ટર બન્યા હોવાનું સાબિત કરે છે. ત્યારે આ બંદરો કે જે આંતરરાષ્ટ્રીય ગુન્હેગારોનાં પ્રવેશદ્વાર જેવા છે ત્યાં જ સી.સી.ટી.વી. કેમેરા નાખવા અત્યંત જરૂરી છે. ત્યાં નાખવાનાં બદલે સમગ્ર નગરમાં નાખી તંત્ર શું દેખાડવા માંગે છે ? તેવો પ્રશ્ન પ્રબુદ્ધ નગરજનોમાં ચર્ચાય રહ્યો છે.

**અહીંનાં મચ્છીમારી બંદરોની જગ્યાની માલિકી કોની તે મોટો વિવાદ છે!**

વર્ષ ૧૯૬૦ માં ગામનો સ્થાનિક પ્રજાકીય સુવાધાઓ પૂરી પાડવાનો જે વહીવટ બંદર ખાતા હસ્તક હતો અને તે નગર પંચાયત હસ્તક ટ્રાન્સફર કરવામાં આવ્યો ત્યારે અગાઉનાં બંદર ખાતા દ્વારા નગર વસાવવા માટે તેમનાં દ્વારા આપવામાં આવેલ જમીન સિવાયની દરેક જમીન પર પોતાની માલિકી હોવાનું જણાવતું લેન્ડ રેકર્ડ ટ્રાન્સફર કરવામાં આવેલ અને અગાઉ જે બંદર ખાતું રાજ્ય સરકાર હસ્તક હતું તેને ત્રીજી નવેમ્બર ૧૯૮૧ માં ગુજરાત મેરી ટાઈમ બોર્ડની રચના થતા તેમાં તબદીલ થયેલ તે કારણે વર્ષ ૧૯૯૦ માં નગર પંચાયત દ્વારા નગરની સમગ્ર જમીનની માલિકી અંગેનો વિવાદ કોર્ટમાં ઉભો કરવામાં આવેલ જે કારણે આ મચ્છીમારી બંદરોની જમીનની માલિકી કોની તેવો પ્રશ્ન ઉભો થયેલ છે.

તે સમયે રાજ્યનાં મત્સ્યોદ્યોગ ખાતા દ્વારા આ મચ્છીમારી બંદર ડાલડાની જમીન પોતાની હોવાનો-ગુજરાત મેરીટાઈમ બોર્ડ દ્વારા વર્ષ ૧૯૫૨ નાં ઈન્ડિયન પોર્ટ એક્ટ મુજબ સમુદ્રનાં પાણીનાં હાઈ ટાઈડ વોટર લેવલથી ૫૦ મીટર સુધીનાં વિસ્તારની માલિકી પોતાની હોય આ જમીનનાં માલિક પોતે હોવાનો દાવો કરવામાં આવેલ જ્યારે નગર પંચાયત દ્વારા ગામતળની આ જમીન હોય આ જમીન પર પોતાનો દાવો દાખલ કરવામાં આવેલ અને તે અન્વયે દ્વારકા કોર્ટ દ્વારા સ્થળ પંચનામું પણ કરવામાં આવેલ અને બાદમાં આ વિવાદ પર લોખંડી પડદો પાડવામાં આવેલ. કારણ કે આ જમીન પર મચ્છીમારી બંદર ડાલડા ચાલુ થયેલ અને આ જમીનનાં વિવાદનાં કારણે જેને મેલ આવ્યો તેણે જે તે અભણ મચ્છીમારોને દબાવી-ધમકાવી રોકડ વહીવટ ચાલુ કરેલ જે આજદિન સુધી ચાલુ છે. જેનો લાભ જેને જેટલો ફાયદો તેવો તેનો કાયદો ન્યાયે આ બંદર કાર્યરત છે અને કરોડો રૂપિયાની કીંમતની આ જમીનનાં લે-વેચનો દર વર્ષે કરોડો રૂપિયાનો વહીવટ તંત્રની મહેરબાની બિન અધિકૃત થાય છે. જેને કારણે આંતરરાજ્ય અને આંતરરાષ્ટ્રીય ગુન્હેગારોને અહીં પોત પોતાના શેલ્ટર હાઉસ ખોલવાની સગવડતા ખુદ સરકારી તંત્ર પૂરૂં પાડી રહ્યો હોય તેવું જણાય છે.

**જમીનની માલિકી કોની તે નક્કી નથી પણ પાલિકા સ્ટ્રીટ લાઈટ-રોડ-પાણી પૂરૂં પાડે છે !**

મચ્છીમારી બંદરોની જમીનનો વિવાદ વર્ષોથી અનિર્ણિત છે અને તે કારણે હકીકતમાં માચ્છીમારો પણ જે તે તંત્રનાં કાયદાનાં સાચા ખોટા અર્થઘટનોનો ભોગ બની જ રહ્યા છે પણ નગરપાલિકા કે વ્યવસાય વેરો અને હંગામી જમીન ભાડાનાં નામે દર વર્ષે લાખો રૂપિયા ઉઘરાવે છે તેના દ્વારા આ બિન અધિકૃત દબાણ કરાયેલ જમીન પર સ્થાનિક રોજગારીનાં બહાના અને પ્રાથમિક જરૂરીયાતનાં બહાના હેઠળ કરોડો રૂપિયાનાં ખર્ચે સુવિધાઓ આપી અહીં આંતરરાજ્ય અને આંતરરાષ્ટ્રીય ગુન્હેગારોને પોત પોતાના શેલ્ટર હાઉસ ખોલવાની સગવડતા પૂરી પાડી રહ્યા હોય તેવું જણાય છે.

**પખવાડીયા પહેલા હવાલાની રકમ ટ્રાન્સફર કરવા અંગે ત્રણ યુવાનોને ઉઠાવાયા છે**

ગત પખવાડિયે કેન્દ્રીય સુરક્ષા એજેન્સી નેશનલ સિક્યુરીટી એજેન્સી (એન.આઈ.એ) દ્વારા અહીંનાં ત્રણ યુવકોને ઈન્ડીયા વાયા દુબઈ વાયા પાકિસ્તાન પૈસાનો હવાલો કરવા અંગે હૈદરાબાદમાં પકડાયેલ આંતકવાદીઓને ફંડ ટ્રાન્સફર કરવાનાં નેટવર્ક અંતર્ગત ઉપાડવામાં આવેલ જેમાં ચાલતી ચર્ચા મુજબ એક શખ્શ હિંદુ અને બે મુસ્લિમ હતા જેમાંથી એક શખ્સ અગાઉ બે વર્ષ અગાઉ પાક મેરીટાઈમ એજન્સી દ્વારા આઈ.બી.એલ. ઉપરથી પકડી પાડી પાક જેલમાં બંદીવાન બનાવેલ અને તેના આ નેટવર્કમાં દુર ઉપયોગ કરવામાં આવ્યાનાં પગલે તેની વિરૂદ્ધ હૈદરાબાદમાં કાયદાકીય કાર્યવાહી ચાલુ કરવામાં આવેલ હોય અને ગઈકાલે અહીં નજીકનાં યાત્રાધામ બેટ-દ્વારકા કે જે આ મચ્છીમારી બંદરોથી ફક્ત ત્રણ નોટીકલ માઈલ દુર છે ત્યાંથી આશરે એક કરોડ રૂપિયાની કીંમતનો ડ્રગ્સનો જથ્થો સમુદ્ર કિનારા પાસેથી બિનવારસુ હાલતમાં મળી આવેલ છે જે દર્શાવે છે કે આ બંદરો હવે કેન્દ્રીય સુરક્ષા એજન્સી નેશનલ સિક્યુરીટી એજેન્સી (એન.આઈ.એ) નાં રડારમાં આવી ગયા છે. ત્યારે આ આંતરરાષ્ટ્રીય ગુન્હેગારોનાં એ.પી. સેન્ટર જેવા મચ્છીમારી બંદર પર સી.સી.ટી.વી. કેમેરા નહીં લગાવવાનો મતલબ આ બંદરોને આંતરરાષ્ટ્રીય ગુન્હેગારોનાં એ.પી. સેન્ટરમાંથી હબમાં તબદીલ કરવા જેવી કાર્યવાહી ચાલતી હોવાનું નકારી શકાતું નથી. હકીકતમાં અહીંના આ મચ્છીમારી બંદરો સ્થાનિક તેમજ રાજ્યના હજારો માણસોને રોજગારી અને કેન્દ્ર સરકારને કરોડો રૂપિયાનું હૂંડિયામણ કમાવી આપે છે પરંતુ સાથે સાથે થોડા તત્વો દ્વારા વર્ષોથી આ બંદરોને આંતરરાષ્ટ્રીય ગુન્હેગારોનાં એ.પી. સેન્ટર બનાવી નાખેલ છે જે સર્વે જાણે છે પણ છતાં કાઈ કાર્યવાહી થતી નાં હોવાનું માની ''સબકા સાથ સબકા વિકાસ''સૂત્રને અપનાવી રહ્યા છે.

ડાલડા અને ફિશિંગ પ્લોટ બંદરો પર બોટો અને મચ્છીમારો પર સઘન ટ્રેકિંગની ખાસ જરૂરીયાત છે. અહીંનાં આ બંદરો પર હકીકતમાં કોણ મચ્છીમાર છે, કોણ માલ ખરીદ-વેચાણ કરતા વ્યાપારી છે, કે કોણ બોટ માલિક છે તેની કોઈ કર્મ કુંડળી અંગે અહીંનાં કોઈપણ સરકારી તંત્રને ખ્યાલ નથી. કારણ કે બોટનાં ૭૫% માલિકો રાજ્યનાં અલગ અલગ બંદરો પરથી આવે છે તેમના પાસે બોટનું રજીસ્ટ્રેશન છે. મચ્છીમાર પાસે ફીશરમેન કાર્ડ છે. વ્યાપારી પાસે નગર પાલિકા નાં વ્યવસાય વેરાનું રજીસ્ટ્રેશન છે. વ્યાપારી પાસે નગરપાલિકાનાં હંગામી જમીન ભાડાની પહોંચ છે. દરેક પાસે ભારતીય હોવાનું આધાર કાર્ડ છે પણ તેમાં સરકારશ્રી દ્વારા કાર્ડ હોલ્ડર દ્વારા ઈચ્છતા ફેરફાર કરવાની સુવિધા વાળા હોય અહીં રહેનારાનાં સાચા સરનામાં કોઈ તંત્રને મળતા નથી. ફક્ત એક રજીસ્ટ્રેશન નંબર હોય પણ તેને વેરીફાઈ કરવાની સુવિધા નાં હોય તેમને માન્ય રાખવા પડે તેવી પરિસ્થિતિ પ્રવર્તે છે. ત્યારે અહીં આવતા-જતા દરેક વ્યક્તિ ની હિલચાલ પર નજર રાખવા માટેની જરૂરીયાત માટે હાઈ ડેફિનેશન વાળા સી.સી.ટી.વી. કેમેરા ગોઠવવા જરૂરી છે અને તેની જ અહીં ખોટ છે.

# SVPI એરપોર્ટ પર બિન-ભારતીય સિમકાર્ડધારકો સહિતના મુસાફરોને મફત Wi-Fi કુપન કિયોસ્ક ઉપલબ્ધ



(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ, તા.૧૯

વૈશ્વિકસ્તરે વૈવિધ્યસભર અદાણી ગ્રુપની ફ્લેગશિપ કંપની અદાણી એન્ટરપ્રાઈઝીસની પેટાકંપની અદાણીએરપોર્ટ હોલ્ડિંગ્સ લિમિટેડ (AAHL) સંચાલિત સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ (SVPIA) મુસાફરોની સુવિધાઓમાં ઉત્તરોત્તર વધારો કરી રહ્યું છે.

તાજેતરમાં એજક્રમને આગળ વધારતા એરપોર્ટ ટર્મિનલ પર બિન-ભારતીય સિમકાર્ડ ધારકો માટે પણ મફત Wi-Fi કુપન કિયોસ્કની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

અમદાવાદ એરપોર્ટ પરથી મુસાફરી કરતા તમામ મુસાફરોને T-1 અને T-2 - બંને ટર્મિનલના પેસેન્જર વિસ્તારોમાં સ્થિત Wi-Fi કૂપન ડિસ્પેન્સર્સહવેબિન-ભારતીય મુસાફરોને પણ Wi-Fiની સુવિધા પૂરી પાડશે.

ફ્રી Wi-Fi સુવિધા કેવી રીતે મેળવશો ?

બિન-ભારતીય સિમ કાર્ડ ધરાવતા મુસાફરો Wi-Fi કૂપન ડિસ્પેન્સર પર પાસપોર્ટ અને બોર્ડિંગ પાસ સ્કેન કરી નિયમો અને શરતોને સ્વીકારતા તેમાં Wi-Fi વાઉચર કોડ જનરેટ કરી શકશે.

Wi-Fi કૂપન ડિસ્પેન્સિંગ કિઓસ્કમાંથી પ્રાપ્ત કોડ દાખલ કરી મુસાફરો 'AMD_FreeWiFi' નામના Wi-Fi સાથે કનેક્ટ થઈ શકે છે. અમદાવાદ એરપોર્ટ ખાતે તેઓ પર ૧૨૦ મિનિટ ફ્રી વાઈ-ફાઈનો આનંદ માણી શકશે. આ નવા Wi-Fi કૂપન ડિસ્પેન્સર્સની સાથે SVPIA પર પ્રવાસીઓ વધુ સગવડતાપૂર્વક મફત Wi-Fi સુવિધાઓ માણી શકશે. SVPIA નવીન ટેકનોલોજીકલ અપડેટ માટે પ્રતિબદ્ધ છે. મુસાફરોની વિકસતી જરૂરિયાતોને પૂરી કરવાની સાથે તેનો ઉદ્દેશ્ય અદ્યતન ટ્રાવેલ હબ તરીકેની સ્થિતી મજબૂત કરવાનો છે.

# જૂનાગઢ શાંતેશ્વર અર્બન હેલ્થ સેન્ટરની સરાહનીય કામગીરી

(પ્રકાશ ભાદરકા દ્વારા)

જૂનાગઢ તા. ૧૯

સીનીયર સીટીઝન અને હેન્ડીકેપ સહીતનાં લોકો અને દર્દીઓ માટે ભારત સરકાર અને રાજય સરકારની વિવિધ સેવા માટે લાભાર્થી અરજદારોનાં ઘરે જવાની સુચના કરેલ છે. પરંતુ લોકોની અજ્ઞાનતાને કારણે આ સુવિધાનો ઉપયોગ કરી શકતા નથી અથવા જે તે વિભાગ દ્વારા કોઈ સુચના આપવામાં આવતી નથી ત્યારે આવા સંજોગોમાં મીઠી વીરડીની જેમ જૂનાગઢ શાંતેશ્વર અર્બન હેલ્થ સેન્ટરની સેવા ઉડીને નજરે આવી છે.

પ્રાપ્ત વિગત અનુસાર જૂનાગઢનાં જોષીપરામાં આવેલ શાંતેશ્વર અર્બન હેલ્થ સેન્ટરનાં ડો. ધીરેનભાઈ રૂપારેલીયા અને દર્શનભાઈ પરમારએ સરદારપરાનાં એક વૃધ્ધ નાગરીક કે ચાલી શકતા પણ નહતા તેને આયુષ્યમાન કાર્ડ કઢવવાનું હોવાથી શાંતેશ્વર અર્બન હેલ્થ સેન્ટરનાં ડો. ધીરેનભાઈ રૂપારેલીયા અને દર્શનભાઈ પરમારએ વૃધ્ધ નાગરીકનાં ઘરે આયુષ્યમાન કાર્ડ માટેની તમામ વિધિ પૂર્ણ કરી સરાહનીય કામગીરી કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે કોરોના સમયે પણ શાંતેશ્વર અર્બન હેલ્થ સેન્ટરની કામગીરી સરાહનીય રહી હતી.

# જૂનાગઢની સગીરા ઉપર દુષ્કર્મ અને દેહ વિક્રયમાં ધકેલવાના ગુનામાં વધુ ૪ની ધરપકડ : કુલ ૧૦ ઝડપાયા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૯

જૂનાગઢ શહેરમાંથી એક સગીરાને તેના કહેવાતા પ્રેમીએ દુષ્કર્મ આચરી તેમજ અન્ય મિત્રોના હવાલે કરી દીધા અને બાદમાં દેહ વિક્રયના વેપલામાં ધકેલી દેવાના પ્રકરણ અંગે પોલીસે આ આખા પ્રકરણની જીણવટભરી તપાસ હાથ ધરી અને દુષ્કર્મ કેસના નરાધમોને ઝડપી લેવા જાળ બિછાવી હતી અને અત્યાર સુધીમાં કુલ ૧૦ શખ્સોની ધરપકડ કરવામાં આવી છે. આ બનાવ અંગે પોલીસે આપેલી વિગત અનુસાર જૂનાગઢની સગીરા સાથે રાજકોટના શખ્સે કરેલા દુષ્કર્મ બાદ તેને દેહ વિક્રયમાં ધકેલી દેવાના ગુનામાં પોલીસે વધુ ચાર શખ્સોને ઝડપી લીધા છે. આ ગુનામાં સગીરાને રાજકોટની અલગ અલગ હોટલમાં લઈ જઈને ૧૪ જેટલા શખ્સો દ્વારા સગીરા સાથે દુષ્કર્મ આચરી દેહવ્યાપારમાં ધકેલી દેવાયાનું ખુલ્યું હતું. જેમાં પોલીસે પકડાયેલા આરોપીઓને રાજકોટ લઈ જઈને તપાસ શરૂ કરી હતી. આ ગુનમાં અત્યાર સુધીમાં કુલ ૧૦ આરોપીઓને પોલીસે ઝડપી લીધા છે. જેમાં રીહાન ઉર્ફે રેહાન યુનુસભાઈ શેખ ના ૪ દિવસના રીમાન્ડ પૂરા થતાં બેયને જેલ હવાલે કરાયા છે. આ સિવાય રાજકોટના આકાશ અર્જુનસિંહ ઓડ, હિરેન જગદીશભાઈ સાપરા, જસ્મીન દિનેશભાઈ મકવાણા અને હાર્દિક દિપકભાઈ ઝાપડાના રીમાન્ડ હજી ચાલુ હોઈ તેઓની પુછપરછ ચાલુ છે. આ સિવાય પોલીસે રાજકોટના બીજા ૪ શખ્સો સત્યુગ ઉર્ફે સત્યમ જીતેશભાઈ ટીમાણીયા, અયાન ઈદ્રીશભાઈ જોધપુરા મુલ્તાની, અરબાઝ ઈમ્તીયાઝભાઈ ખીમાવત અને કૃપાલ કિશોરભાઈ ટીમાણીયાને ઝડપી લીધા છે.

# જૂનાગઢ સહિત સૌરાષ્ટ્રમાં શ્રાધ્ધ પક્ષાની ભાવપુર્વક ઉજવણી

## દામોદરકુંડ ખાતે ભાવિકો ઉમટી પડયા - પિતૃતર્પણ વિધીનાં કાર્યક્રમો



જૂનાગઢ તા.૧૯

જૂનાગઢ સહિત સૌરાષ્ટ્રમાં શ્રાધ્ધ પક્ષનાં પ્રારંભ સાથે ભાવિકો દ્વારા પિતૃતર્પણ વિધીનાં વિવિધ કાર્યક્રમો ભાવભેર યોજવામાં આવી રહયા છે. જૂનાગઢનાં દામોદરકુંડ ખાતે પણ સ્વજનોનાં આત્માની શાંતિ માટે વિધી વિધાન સાથે શાસ્ત્રો વિધીપુર્વક પિતૃતર્પણ માટે કાર્યો કરવામાં આવી રહયા છે.

હિન્દુ ધર્મશાસ્ત્રોમાં ''શ્રાધ્ધ''નું આગવું મહત્વ રહેલું છે. આ શ્રાધ્ધકર્મને પિતૃયજ્ઞ પણ કહેવામાં આવે છે. જયારે મનુષ્ય દેહ છોડીને જીવ આત્મા સ્વરૂપે જાય છે ત્યારે તેની સુક્ષ્મવાસનાઓ પોતાનાં પરિવારજનો પ્રત્યે રહેતી હોય છે. આમ પરિવારનાં મૃત્યુ પામેલા સ્વજનોને તૃપ્ત કરવાની પ્રક્રીયા એટલે શ્રાધ્ધ. જેમ દેવતાઓને પ્રસન્ન કરવા માટે દેવયજ્ઞ કરવામાં આવતા યજ્ઞને પિતૃયજ્ઞ એટલે કે શ્રાધ્ધ તરીકે ઓળખવામાં આવે છે. ખાસ કરીને પોતાનાં સ્વજનોને જે મૃત્યુ પામેલ છે અને શ્રાધ્ધમાં ભળતા હોય છે તેવા પિતૃદેવોને તિથી પ્રમાણે શ્રાધ્ધ કરવામાં આવે છે. આપણે ત્યાં જે સ્વજન મૃત્યુ પામ્યા બાદ શ્રાધ્ધમાં ભળી ગયા હોય છે. તેમને પ્રસન્ન કરવા માટે જે તે પરિવારો દ્વારા પોતાના સ્વજનનું શ્રાધ્ધ કરે છે.

ભાદરવા માસમાં શરૂ થતાં શ્રાધ્ધ પક્ષ દરમ્યાન સ્વજનોનાં શ્રાધ્ધ પર્વની તિથી પ્રમાણે ભાવપુર્વક કરવામાં આવે છે. પિતૃઓને વંદના કરી અને ખાસ ખીર ધરવામાં આવે છે અને આ દિવસે એવું કહેવાય છે કે કાગ સ્વરૂપે આવતા સ્વજનને મકાનનાં છાપરા, અગાસી પર ખીરનો પ્રસાદ ધરવામાં આવે છે. સંસારી જીવનમાં સ્વજનોની અનેક પ્રકારની સેવાનું જેમ વિશેષ મહત્વ રહેલું છે તેમ સ્વજનનાં મૃત્યુ પામેલ નિયત સમયે શ્રાધ્ધ ભાવપુર્વક કરવામાં આવે છે અને પિતૃઓને પ્રસન્ન કરવા પિતૃયજ્ઞ કરાઈ છે અને પિતૃઓના આશિર્વાદ મેળવવામાં આવે છે.

પિતૃઓ પણ શ્રાધ્ધ કર્મ કરવાથી ખુબ જ પ્રસન્ન થાય છે અને પોતાનાં વ્હાલા પરિવારજનોને સુખ, શાંતિ અને સમૃધ્ધી આપી પરિવાર ઉપર કાયમ કૃપા અને આશિર્વાદ વરસાવે છે.

શ્રાધ્ધ પક્ષનો પ્રારંભ થતાં જ જૂનાગઢ સહિત સૌરાષ્ટ્રમાં ભાવભેર ઉજવણી કરવામાં આવી રહી છે અને વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજવામાં આવી રહયા છે. જૂનાગઢ ખાતે આવેલા દામોદરકુંડ ખાતે ભાવિકો દ્વારા શ્રાધ્ધપુર્વક પિતૃઓને પ્રસન્ન કરવા માટેના કાર્યક્રમો યોજી રહયા છે ઉપરાંત પ્રાચી તિર્થધામ, પ્રભાસ પાટણ સહિતનાં વિવિધ ધાર્મિક સ્થળોએ પણ પિતૃતર્પણ માટેનાં શ્રાધ્ધ, પિતૃયજ્ઞ સહિતનાં કાર્યક્રમ યોજાઈ રહયા છે.

### વીજભાર વધારા અંગે વધુ ડીપોઝીટ ભરવા

# પીજીવીસીએલ દ્વારા નોટીસ અપાતા ઘંટી ચાલકો મુશ્કેલીમાં મુકાયા

જૂનાગઢ તા.૧૯

જૂનાગઢમાં અનાજ દળવાની ઘંટી માલીકોને વીજભારનાં બહાને વધારાની ડીપોઝીટ ભરવા અંગે પીજીવીસીએલ દ્વારા નોટીસ પાઠવવામાં આવતાં તેનો ભારે વીરોધ ઉઠવા પામેલ છે. અગાઉ ડીપોઝીટ ભરવામાં આવી હોવા છતાં તંત્ર દ્વારા તઘલખી નિર્ણય લઈ ફરીવાર ડીપોઝીટ ભરવી પડશે તે મતલબની નોટીસ પાઠવવામાં આવતા તેની સામે આગામી દિવસોમાં જંગના મંડાણ શરૂ કરવામાં આવે તેવા નિર્દેશો મળી રહયા છે અને જરૂર પડયે ઉચ્ચ કક્ષાએ પણ રજુઆત કરવામાં આવે તેવા નિર્દેશો મળી રહયા છે દરમ્યાન આ બાબતે પીજીવીસીએલ તંત્રને પણ ઘંટી મહામંડળ જૂનાગઢ વતી આગેવાન હારૂનભાઈ ભટ્ટીએ એક પત્ર પાઠવી રજુઆત કરી છે.

જૂનાગઢ ઘંટી મહામંડળ વતી અગ્રણી હારૂનભાઈ ભટ્ટીએ પીજીવીસીએલ સીટી ડીવીઝનનાં કાર્યપાલક ઈજનેરને એક પત્ર પાઠવી રજુઆત કરતાં જણાવેલ છે કે આપની પેટા વિભાગીય ઓફીસ તરફથી જૂનાગઢ શહેર વિભાગ નીચે આવતા અનાજ દળવાની ઘંટી માલીકોને વધારાની ડીપોઝીટ કરવા અંગે નોટીસો આપવામાં આવેલ છે. તેને ગેરવ્યાજબી ગણાવી છે કારણ કે જે તે ઘંટી માલીકોએ વીજ કનેકશન લેતા સમયે કવોટેશન મુજબ રકમ ભરેલ હોય અને બાદમાં આપના દ્વારા કનેકશન આપવામાં આવતું હોય છે. દરમ્યાન હાલમાં નવા નિયમનાં ચાર્જીસ જુના કનેકશન ધારકો ઉપર લગાવવા તે તદન ગેરવ્યાજબી છે તેમ જણાવી આ અંગે સક્ષમ અધિકારી પાસેથી પરવાનગી મેળવી ઘંટી માલીકોને કાયદામાંથી મુક્તિ અપાવવા વિનંતી કરવામાં આવી છે.

વધુમાં આ અગાઉ પણ વર્ષ ૨૦૧૯માં નોટીસ આપવામાં આવેલી અને ત્યાર બાદ વાંધા અરજી તા.૧૧-૧-૨૦૧૯નાં રોજ સીટી ડીવીઝન ઓફીસમાં કાર્યરત અધિકારીશ્રી પી.એલ.ભીમાણીને આપેલી છે તેમ છતાં ફરી ૨૦૧૯થી ૨૦૨૪ના સમયગાળા બાદ ફરી નોટીસ અપાઈ છે તે ગેરવ્યાજબી છે. પાંચ કિલો ઘઉં, બે કિલો બાજરો દળી પોતાનું અને પરિવારનું ગુજરાન ચલાવતા ઘંટી માલીકોને રૂા.૧૦૦૦૦, રૂા.૧૫૦૦૦ જેવી મોટી રકમ ભરવી પરવડે તેમ નથી જેથી આ બાબતે તાત્કાલીક અસરથી પગલા લઈ યોગ્ય કરવાની રજુઆત સાથે માંગણી પત્રનાં અંતે હારૂનભાઈ ભટ્ટીએ કરી છે.

## પીજીવીસીએલ તંત્રના તઘલખી નિર્ણય અંગે ફલોર મીલ માલીકો વિરોધ કરશે

જૂનાગઢ પીજીવીસીએલ વિભાગ દ્વારા નવા નિયમની ડીપોઝીટ ભરવા માટે પાઠવવામાં આવેલ નોટીસનો વિરોધ કરવામાં આવનાર છે. આ તકે જૂનાગઢ ઘંટી મહામંડળનાં અગ્રણી હારૂનભાઈ ભટ્ટીએ આ તકે સર્વે ઘંટી માલીકોને જણાવે છે કે તેમની નોટીસની ઝેરોક્ષ નકલ તેમજ ફોન નંબર, ગીતા મસાલા મીલ, ભીડ ભંજન મંદિર, જવાહર રોડ, જૂનાગઢ ખાતે આપી જવા યાદીમાં જણાવેલ છે. બધા ફલોરમીલની નોટીસની નકલ આવી ગયા બાદ આ અંગેનાં યોગ્ય પગલા લેવા અને પીજીવીસીએલ પાવર હાઉસ સામે આ પ્રશ્ને વિરોધ પ્રદર્શીત કરવામાં આવશે તેમ હારૂનભાઈ ભટ્ટી(મો.૯૮૨૫૭ ૫૮૮૪૨)ની યાદીમાં જણાવેલ છે.

# ખંભાળિયાના રહેણાંક મકાનમાં ખાતર પાડતા તસ્કરો : દાગીના, રોકડ સહિત રૂા.૧.૫૫ લાખનો મુદ્દામાલ ચોરાયો

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૯

ખંભાળિયામાં રામનગર વિસ્તારમાં આવેલા મેરાજ પાર્ક ખાતે રહેતા અને પાર્લરનું કામ કરતા જાયદાબેન સિકંદરભાઈ અહેમદભાઈ જુણેજા નામના ૩૭ વર્ષના મહિલાના બંધ મકાનમાં સોમવાર તા. ૧૬ ના રોજ સવારે ૮ વાગ્યાથી રાત્રે ૯ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન કોઈ તસ્કરોએ આ રહેણાંક મકાનનું તાળું તોડી, અનધિકૃત રીતે પ્રવેશ કર્યો હતો. અહીં તસ્કરોએ કબાટનું તાળું તોડીને તેમાં રહેલી ૧૨ ગ્રામ વજનની સોનાની બે બંગડી, ૫ ગ્રામનું સોનાનું પેન્ડલ, ૮ ગ્રામનો સોનાનો ચેન મળી, કુલ રૂપિયા ૧,૩૭,૨૩૮ની કિંમતના સોનાના દાગીના ઉપરાંત રૂપિયા ૧૮,૦૦૦ની રોકડ રકમ મળી, કુલ રૂપિયા ૧,૫૫,૨૩૮ની રકમ ચોરી કરીને લઈ ગયા હોવાનું જાહેર થયું છે. જે અંગે ખંભાળિયા પોલીસે અજાણ્યા તસ્કરો સામે જુદી જુદી કલમ હેઠળ ગુનો નોંધી, અહીંના પી.એસ.આઈ. આઈ.આઈ. નોયડા તેમજ તેમની ટીમ દ્વારા વિવિધ દિશાઓમાં તપાસના ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે.

# દ્વારકા નજીકના શિવરાજપુર ખાતે યોજાય છે પાંચ સદીથી મલ્લકુસ્તી મેળો

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૯

દેવભૂમિ દ્વારકાના શિવરાજપુર ગામે કોમી એક્તા સ્વરૂપ જાકુબશા દાદાના ઉર્ષ નિમિતે દર ભાદરવી પૂનમ ના અહી મલ્લકુસ્તી જુનવાણી ઢબે યોજાય છે. અને ૫૦૦ વર્ષ થી યોજાતા આ મેળામાં ગ્રામ્ય લોકો ખુબજ ઉત્સાહથી કુસ્તી લડી આનંદ મેળવે છે. હિંદુ, મુસ્લિમ બંને કોમના લોકો અહીં જાકુબશા દાદાને શીશ ઝુકાવે છે. દ્વારકાથી ૧૦ કિમી દુર આવેલું મુસ્લિમ સ્થાનક હિંદુઓનું પણ માનીતું સ્નાતક ગણાતું જાકુબશા દાદાની દરગાહે તેમના ઉર્ષ નિમિતે મેળો ભરાય છે અને દુરદુરથી અહીં આવીને મલ્લ કુસ્તીબાજો કુસ્તી લડે છે. ૨૦૦ જેટલા કુસ્તીબાજોનો અહી મેળાવડો જોવા મળે છે. અગાઉના વર્ષોમાં રાજા મહારાજાઓ પોતાના સૈન્યમાં ભરતી કરવા આવ કુસ્તી મેળા યોજતા, અને સારા કુસ્તીબાજોને સૈન્યમાં ભરતી કરતા.



ત્યારના સમયથી આ કુસ્તી મેળા અહી યોજાય છે. અને ગામ લોકો તરફથી વિજેતા કુસ્તીબાજો ને પ્રોત્સાહિત કરવામાં આવે છે. મહાભારતના સમયથી આ કુસ્તી મેળો યોજાતા હોવાનું લોકમુખે સાંભળવા મળે છે. જે પરંપરા નવી પેઢીની લોકો દ્વારા હજુ પણ ચાલુ રાખવામાં આવી છે.

આ મેળામાં મોટી સંખ્યામાં માનવ મહેરામણ ઉમટી પડે છે અને ભવ્ય લોક સંસ્કૃતિની ઝલક આ મેળામાં જોવા મળે છે. કુસ્તી સાથે કોમી એકતાના દર્શન પણ આ મેળામાં થાય છે. કહેવાય છે કે અહીં આશરે ૪૫૦ વર્ષ પહેલા ધર્મનિરપેક્ષ જાકુબશા દાદા થઈ ગયા. જેઓને બે ઘેટા હતા આ ઘેટાઓ આજુબાજુના ખેડૂતોનો પાક ચરી જતા જાકુબશા પીરે બંને ઘેટાને પથ્થર બનાવી દેતા આ પત્થર રૂપી ઘેટાઓ આજે પણ અહી પથ્થર રૂપે જોવા મળે છે. ૮૦ થી ૧૦૦ કિલો વજનના પથ્થરોને તે જ વ્યક્તિ માત્ર એક આંગળીથી ઉપાડી શકે જેના પર જાકુબશા દાદાની કૃપા હોય. પછી ભલે તે કુસ્તીબાજ પણ હોય. જો કૃપા ન હોય તો તે ન ઉપાડી શકે. આ પથ્થર આ લોક વાયકાથી અનેક યુવાનો શ્રદ્ધાળુઓ આ પત્થરને ઉપાડવા પોતાની શ્રધ્ધા પુરવાર કરતા જોવા મળતા હોય છે.

# ધારાસભ્ય પબુભા વિરમભા માણેક દ્વારા ગોરેશ્વર ગણેશજીનુંવિસર્જન સાથેપ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીજીના દીર્ઘ આયુષ્ય માટે યજ્ઞનું કરવામાં આવ્યું આયોજન

(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૧૯

૮૨ દ્વારકા કલ્યાણપુર વિધાનસભાના ધારાસભ્ય પબુભા વિરમભા માણેક દ્વારા દ્વારકા નાગેશ્વર રોડ ઉપર સ્થિત નંદી ગૌશાળામાં ગણેશ ચતુર્થીના દિવસે ગોરેશ્વર ગણપતિ મહારાજનું વિધિવિધાનથી સ્થાપન કરવામાં આવ્યું હતું. તેનું ગઈકાલે અનંત ચૌદસ દિવસે વિસર્જન કરવામાં આવ્યું હતું. દરરોજ ગણપતિ મહારાજનું પૂજન, મહાભોગ, આરતી બાદ મહાપ્રસાદનું આયોજન કરવામાં આવતું હતું. ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો જન્મદિવસ હતો તે નિમિત્તે પ્રધાનમંત્રીના દીર્ઘઆયુષ્ય માટે વિશેષ રૂદ્રયાગનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે દેવભૂમિ દ્વારકા જિલ્લા ભાજપ મોરચા સંગઠનના ઉપપ્રમુખ ખેરાજભા કેર, ગુજરાત રાજ્ય યોગ બોર્ડ અંતર્ગત ધનાભા જડિયા, દ્વારકાના પ્રખ્યાત ભાગવત કથાકાર ગિરધરભાઈ જોશી, ગુગ્ગુળી બ્રાહ્મણ જ્ઞાતિ આચાર્ય અને સામાજિક કાર્યકર સન્નીભાઈ પુરોહિત વિશેષ ઉપસ્થિત રહ્યા. યજ્ઞકર્મ સન્નીભાઈના આચાર્ય પદે સંપન્ન થયું હતું. સંગીત સાથે વિશાળ શોભા યાત્રા દ્વારા ગોમતીઘાટ સુધી અનેક ભક્તો જોડાયા હતા. ગોમતીઘાટ પર પૂજન, અર્ચન, આરતી કર્યા બાદ ગણપતિ મહારાજનું વિધિવત વિસર્જન કરી "સર્વજન હિતાય સર્વજન સુખાય" મંત્ર દ્વારા સમસ્ત લોક કલ્યાણ માટેની ધારાસભ્યએ પ્રાર્થના કરી હતી.

# સોમનાથ-જૂનાગઢ હાઈવે ઉપર પ્રભાસ-પાટણ નજદીક વાહન અકસ્માત : એકનું મોત

(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ-પાટણ તા.૧૯

ગઈ રાત્રે ૨૩:૧૦ કલાક પહેલા કોઈપણ સમયે પ્રભાસ-પાટણ થાણાથી ઉતરે ૨ કિમી દુર આશરે સોમનાથ-જૂનાગઢ હાઈવે ડોશીઆમ પાસે એક ફોરવ્હીલ ચાલકે પોતાની કાર બેફીકરાઈ-જીંદગી જોખમાય તે રીતે ચલાવી સોમનાથ બાયપાસ કનકાઈ મંદિરની પાસે વેપાર કરતા રાજા ગોવિંદ વાયલુ(ઉ.વ.૬૬)ને હડફેટે લેતા રાજા ગોવિંદ વાયલુનું મોત થવા પામેલ છે. આ અંગે પરિવારના નરસી રાજા વાયલુએ પ્રભાસ-પાટણ પોલીસ સ્ટેશનમાં ફોરવ્હીલ ચાલક જીજે-૩૨-એએ-૭૨૨૭ની સામે પોલીસ ફરિયાદ નોંધાવેલ છે. પોલીસે બીએનએસ ૨૮૧, ૧૨૫-એ, ૧૨૫-બી, ૧૦૬-૧, એમવી એક્ટ ૧૭૭, ૧૮૪ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરેલ છે.

## :: અવસાન નોંધ ::

જૂનાગઢ : અ.સૌ. લીનાબેન યોગેશભાઈ મણીયાર (ઉ.વ. ૫૬) તે રાજનાં માતા, સ્વ. રસીકલાલ અમૃતલાલ મણીયારનાં પુત્રવધુ, સ્વ. દિનેશભાઈ મણીયાર (બોમ્બે), અશ્વીનભાઈ (એડવોકેટ)ના ભત્રીજા વહુ, રાજેશભાઈ (ઓરીએન્ટલવાળા), સ્વ. સંજયભાઈ (જામનગર), જયશ્રીબેન સંજયભાઈ કકકડ (વેરાવળ)ના ભાભી, મુકેશભાઈ જયંતીલાલ છગ (તાલાળા)ના બહેન તા. ૧૮-૯-૨૪નાં રોજ શ્રીજીચરણ પામેલ છે. સદગતનું બેસણું તથા પિયરપક્ષની સાદડી તેમનાં નિવાસ સ્થાન નોબલ ટાવર, ૬૦૧ નહેરૂપાર્ક સોસાયટી, તા. ૧૯-૯-૨૪ ગુરૂવારે સાંજે


**જાહેર નિવિદા**

ગીર સોમનાથ જીલ્લાના તાબામાં આવતા ડીવીઝન તથા વેરાવળ સીટી/પ્રભાસ પાટણ/મહિલા પો.સ્ટે./સોમનાથ મરીન/સુત્રાપાડા/તાલાલા/કોડીનાર/ઉના/નવાબંદર મરીન/ ગીર ગઢડા ( અન્ય ) પોલીસ સ્ટેશનોમાં તહેવારો તથા ચુટણીલક્ષી તેમજ અન્ય કામ કાજ માટે ખાનગી વાહનો રીકવીઝીટ કરવામાં આવે છે.

૨/- ઉકત જણાવેલ વિગતે ડીવીઝન તથા વેરાવળ સીટી/પ્રભાસ પાટણ/મહિલા પો.સ્ટે./સોમનાથ મરીન/સુત્રાપાડા/તાલાલા/કોડીનાર/ઉના/ નવાબંદર મરીન/ ગીર ગઢડા ( અન્ય ) પોલીસ સ્ટેશનોમાં ૧ વર્ષ માટે ખાનગી વાહન રીકવીઝીટ ( ડ્રાઇવરો સાથે ના) અંગેનો ઇજારો આપવાનો હોય, તેઓએ તમામ વાહનોની જરૂરીયાતનું લીસ્ટ અત્રેની કચેરી, સીબી – ૪ શાખા માંથી મેળવી લેવાનું રહેશે. જે લીસ્ટમાં જણાવ્યા મુજબની તમામ વાહનો પૂરી પાડી શકતા હોય તેવા વેપારીશ્રીએ ભાવ પત્રકો વિગતવાર ભરી બંધ કવરમાં પોલીસ અધિક્ષકની કચેરી, ઇણાજ ખાતે સીબી-૪ શાખામાં મોકલી આપવાના રહેશે. તેમજ જાહેર ખબર પ્રસિધ્ધ થયાના દિન-૭ માં ( રજાના દિવસો બાદ કરતા ) ભાવ પત્રકો મોકલી આપવાના રહેશે. દિન-૭ બાદ મળેલ ભાવ પત્રકો માન્ય ગણવામાં આવશે નહિ.

સ્થળ:- પોલીસ અધિક્ષકશ્રી,ગીર સોમનાથ
તાલાળા વેરાવળ રોડ,મુ.ઇણાજ.
તારીખ: /૦૯/૨૦૨૪.

( મ[illegible].જાડેજા )
પોલીસ અધિક્ષક
ગીર સોમનાથ

માહિતી/જુના/જા.ખ./[illegible]



**ઓનલાઈન જાહેર નિવિદા નં. ૦૬ સને ૨૦૨૪-૨૫**

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, વિદ્યુત માં અને મ પેટા વિભાગ, આઝાદ ચોક, જુનાગઢ-૩૬૨૦૦૧ ફોન નં. ૦૨૮૫ ૨૯૯૦૪૩૬ દ્વારા અંદાજીત કીમત ૧.૫૭ લાખનાં કુલ ૧(એક) કામ માટે ટેન્ડર નોંધાયેલા વિદ્યુત ઇજારદારો પાસેથી માગવામાં આવે છે.

ટેન્ડર ડોક્યુમેન્ટ તથા ઇટેન્ડરીંગ અંગેનું સમયપત્રક તા. ૨૬/૦૯/૨૦૨૪ નાં ૧૬.૦૦ કલાક સુધી https://tender.nprocure.com ઉપર ઉપલબ્ધ રહેશે. બાનાની રકમ, ટેન્ડર ફી તથા અન્ય જરૂરી દસ્તાવેજો સ્કેન કરી ઓનલાઈન ટેન્ડર સાથે (અપલોડ) રજુ કરવાના રહેશે અને તેના જ ટેન્ડરો ખોલવામાં આવશે. (Any modification / correction will be display on website only.)

માહિતી/જુના/જા.ખ./[illegible]



મામલતદાર અને એક્ઝીક્યુટિવ મેજિસ્ટ્રેટની કચેરી,
ઠે. પરબ રોડ, મું. ભેસાણ, જિ. જુનાગઢ
PHONE NO. :(02873)253426, FAX NO. : (02873)253455,
E MAIL : mam-bhesan@gujarat.govt.in

**-:: જાહેર નોટીસ ::-**

કેસ નં. જન્મ-મરણ/૧૭/૨૦૨૪

શ્રી ભોવાનભાઈ રણછોડભાઈ ત્રાપસીયા
મું. જુની ધારીગુંદાળી, તા.ભેંસાણ
મો.૯૭૨૪૪ ૫૩૦૧૮ ...વાદી

વિરૂધ્ધ

જન્મ-મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત કચેરી - જુની ધારીગુંદાળી
તા.ભેંસાણ, જી.જુનાગઢ ...પ્રતિવાદી

જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩ (૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ દ્વારા આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી ભોવાનભાઈ રણછોડભાઈ ત્રાપસીયા દ્વારા તેમના નાના ભાઈ ગોરધન રણછોડ ત્રાપસીયાનો જન્મ તા.૦૭/૦૧/૧૯૪૯ના રોજ ગામ મોજે:ધારીગુંદાળી, તા.ભેંસાણ, જિ. જુનાગઢ મુકામે થયેલ પરંતુ જે તે વખતે કાયદાની અજ્ઞાનતાને કારણે તેમના ભાઈની જન્મ નોંધ ગ્રામ પંચાયત કચેરી- ધારીગુંદાળી, તા.ભેંસાણ, જિ.જુનાગઢના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, જન્મની નોંધ કરાવવા અરજી કરેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધા યા તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસ સુધીમાં અત્રેની કોર્ટમાં જરૂરી આધાર પુરાવાઓ સાથે વાંધો રજૂ કરવો અન્યથા આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ તારીખ :- ૧૯મી માહે : જુલાઈ સને : ૨૦૨૪ નાં રોજ મારી સહી તથા સિકકા કરી આપ્યા.

સહી અવાચ્ય
મામલતદાર અને એક્ઝીક્યુટિવ મેજીસ્ટ્રેટ
ભેસાણ

# જૂનાગઢ જીલ્લા ભાજપ કાર્યાલયની બિલ્ડીંગ જ ગેરકાયદેસર : જવાહર ચાવડાનો વધુ એક ધડાકો




## "શરતભંગ કરીને તેમજ બાંધકામના નિયમોનો ઉલાળીયો કરીને ભાજપ કાર્યાલયની ઈમારત ખડકી દેવાઈ : ૨૦૧૭માં જ આ અંગે ફરિયાદ કરવામાં આવી હતી"

જૂનાગઢ તા.૧૯

ભાજપના વરિષ્ઠ નેતા અને ભૂતપૂર્વ કેબીનેટ મંત્રી જવાહર ચાવડાએ આજે વધુ એક ધડાકો કર્યો છે. જેમાં તેમણે જણાવ્યું છે કે, ખામધ્રોળ ચોકડી ખાતે આવેલ ભાજપ કાર્યાલયની ઈમારતમાં શરત ભંગ કરીને ભાજપ કાર્યાલય ઉભુ કરી દેવામાં આવ્યું છે. ભાજપ કાર્યાલયની ઈમારત જ અનઅધિકૃત રીતે બનાવવામાં આવેલ હોય, તેની જાણ ૨૦૧૭માં જ તત્કાલીન કલેકટરને કરવામાં આવી હતી. તેમ જવાહર ચાવડાએ જણાવ્યું છે.

હાલમાં જવાહર ચાવડાએ જીલ્લા ભાજપ પ્રમુખ કિરીટ પટેલ સામે મોરચો માંડી દીધો છે. કિરીટ પટેલે જીલ્લા ભાજપ પ્રમુખ પદના હોદાના તોરમાં આવીને ભાજપ કાર્યાલનું બાંધકામ નિયમોનો ઉલાળીયો કરીને કર્યુ છે. કિરીટ પટેલ વોંકળાના દબાણો કરવામાં પણ શિરમોર રહ્યા છે. કિરીટ પટેલ દ્વારા નિર્મિત ક્રિષ્ના આર્કેડ નામની બિલ્ડીંગ ખોટી મંજુરી, ખોટું બાંધકામ કરી કાયમી દબાણ કર્યુ છે. જવાહર ચાવડાએ કિરીટ પટેલ સામે કરેલ આક્ષેપો તેમજ ભાજપ કાર્યાલયની બિલ્ડીંગ ગેરકાનુની હોવાનો ધડાકો કરીને ભારે ચકચાર મચાવી દીધી છે. જવાહર ચાવડા હવે ભાજપમાં જ રહીને આરપારની લડાઈ લડી રહ્યા હોવાનું ચિત્ર ઉપસી રહ્યું છે. જવાહર ચાવડાએ કિરીટ પટેલ સહિતનાઓ સામે મોરચો ખોલી દેતાં ભાજપમાં રહેલા અનેક અસંતુષ્ટ જુથો ભારે ગેલમાં આવી ગયા છે.

બીજી તરફ ભાજપ મોવડી મંડળ પણ જવાહર ચાવડા અને કિરીટ પટેલની લડાઈ અને ભાજપની આંતરીક જુથબંધીને કેવી રીતે કંટ્રોલ કરવી તે અંગે ભારે વિમાસણમાં મુકાઈ ગઈ છે. જવાહર ચાવડાએ તેમના પત્રમાં જણાવ્યું હતું કે, ૨૦૧૭માં જ તેમણે કલેકટરને એવો પત્ર પાઠવ્યો હતો કે, ખામધ્રોળ ચોકડી ખાતે શરતભંગ થયેલી જમીન પર ગેરકાયદેસર રીતે મંજુરી મેળવ્યા વિના જ ભાજપ કાર્યાલયનું બિલ્ડીંગ ઉભુ કરી દેવામાં આવ્યું છે. તે અંગે તકેદારી રાખવા અને ભાજપ કાર્યાલયના અનઅધિકૃત બાંધકામ અંગે સરકારને જાણ કરવા પત્રમાં જણાવ્યું હતું. આમ, જૂનાગઢ જીલ્લા ભાજપ કાર્યાલનો વિવાદ ખુદ ભાજપના જ નેતા અને પૂર્વ મંત્રીએ ખુલ્લો પાડયો છે. બાંધકામના નિયમોનું ખુલ્લેઆમ ઉલ્લંઘન કરવામાં આવ્યું છે. મારજીન મુકવામાં આવ્યું નથી વગેરે પ્રકારની અનેક ગેરરીતીઓ આચરવામાં આવી છે.

જવાહર ચાવડાએ વિગતોમાં જણાવ્યું છે કે, ખામધ્રોળ ચોકડી પાસે સર્વે નં.૯૦/પી-૧ તથા ૯૦/પી-૧/પી-૧ના પ્લોટ નં.૧ અને ૨ની બિનખેતીની જમીન પર જીલ્લા ભાજપ કાર્યાલય બન્યું છે. તેમાં શરતભંગ થવા બદલ બિનખેતીની મંજુરી રદ કરવા તા.૪ જુલાઈ ૨૦૧૭ના માણાવદરના કોંગી ધારાસભ્ય તરીકે જવાહરભાઈ ચાવડાએ માંગણી કરી હતી. કલેકટરને ફરિયાદમાં જણાવ્યા પ્રમાણે તા.૧૬-૦૪-૨૦૧૪ના બિનખેતી હુકમની મોટાભાગની શરતનો ભંગ થાય છે, જેમાં આ જમીન રહેણાક હેતુ માટે ઉપયોગ કરવાની હોવા છતાં ભાજપ કાર્યાલય દીનદયાળ ભવનના નામે મંજુરી મેળવ્યા વગર બાંધકામ પૂર્ણ કરેલ છે જે શરત-૬ મુજબ શરતભંગ છે. લેઆઉટ પ્લાનમાં બતાવ્યા પ્રમાણે પ્લોટની બાકીની જગ્યા ખુલ્લી મુકી દેવાની રહે છે. તેના બદલે માર્જીન મુકવામાં આવ્યું નથી તે બિનખેતીના હુકમ અનુક્રમ નં.-૮ મુજબ શરતભંગ છે.

રહેણાક હેતુ માટેની બિનખેતી કરવા જુડા દ્વારા મંજુર કરવામાં આવેલા નકશા મુજબ નેશનલ હાઈવે-૮ ડીની મધ્ય રેખાથી ૨૪ મીટર બાંધકામ રેખા મુકીને પ્લાન મંજુર કરવાની મુળ શરત મુજબ ૨૪ મીટર બાદ બાંધકામ કરવાની મંજુરી મેળવી નથી અને બાંધકામ પૂર્ણ કરવામાં આવ્યું ત્યાં સુધી ૨૪ મીટરની બાબત જળવાતી નથી. આ સહિતની અનેક શરતો ટાંકીને જવાહર ચાવડાએ ધારાસભ્ય તરીકે કલેકટરને ફરિયાદ કરી ભાજપના કાર્યાલયવાળી જગ્યાનો બિનખેતી હુકમ રદ કરવા માંગણી કરી હતી. ત્યારથી લઈ આજ સુધી કોઈ જાતનો તંત્રએ તેને જવાબ નહીં આપ્યો હોવાનું જણાવ્યું છે. હવે તેણે સમગ્ર મામલે વડાપ્રધાનને ફરિયાદ કરી છે.

## જૂનાગઢમાં ચોરી, છળકપટથી મેળવેલી ૧૪ સાયકલો સાથે એક શખ્સને ઝડપી લેતી પોલીસ



જૂનાગઢ તા.૧૯

જૂનાગઢ શહેરમાં અલગ-અલગ જગ્યાએથી ચોરી, છળકપટથી મેળવેલી ૧૪ સાયકલો સાથે એક શખ્સને પોલીસે ઝડપી લઈ તેના વિરૂધ્ધ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

આ બનાવ અંગે પોલીસે આપેલી વિગત અનુસાર જૂનાગઢ એ-ડીવીઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં 'મિલ્કત' સંબંધી તથા ચોરી જેવા ગુનાઓ ડામવા એ-ડીવીઝન પોલીસ સ્ટેશનનાં પીઆઈ બી.બી. કોળીએ સર્વેલન્સ પોલીસ સ્ટાફનાં ઈન્ચાર્જ પીએસઆઈ જે.આર. વાજાને કડક કાર્યવાહી કરવા સુચના આપવામાં આવી હતી. દરમયાન એ-ડીવીઝન પોલીસ સ્ટેશનનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતો તે દરમ્યાન બાતમી મળેલ કે, હરસુખભાઈ નાનજીભાઈ સોલંકી રહે.જૂનાગઢ ઈન્દીરાનગર વાળો કેફી પીણું પીધેલી હાલતમાં પકડાયેલ આ શખ્સ પાસે ચોરી, છળકપટથી મેળવેલ સાયકલો તેનાં ઘરે સંતાડી રાખેલ છે. જે બાતમીનાં આધારે આરોપીને સાથે રાખી તપાસ કરતાં તેના રહેણાંક મકાને ડેલામાંથી કુલ ૧૪ સાયકલ રૂા.૪૦,૦૦૦ની મળી આવતાં આ શખ્સને સાયકલો સાથે પોલીસ સ્ટેશન લાવી અને આરોપી વિરૂધ્ધ ગુનો દાખલ કરી ધોરણસરની કાર્યવાહી કરવામાં આવી છે.

## સમસ્ત સુન્ની યુવા સંધી મુસ્લીમ સમાજ જૂનાગઢ જીલ્લા

## આગામી રવિવારે વંથલી સ્થિત લાયન સ્કુલ ખાતે વિનામૂલ્યે સર્વરોગ નિદાન કેમ્પ યોજાશે

જૂનાગઢ તા.૧૯

જૂનાગઢ શહેર જીલ્લાની અગ્રણી સામાજીક સંસ્થા સમસ્ત સુન્ની યુવા સંધી મુસ્લીમ સમાજ, જૂનાગઢ જીલ્લા દ્વારા આગામી તા.૨૨-૦૯-૨૦૨૪, રવિવારના રોજ ફ્રી સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. વંથલી નજીક આવેલ લાયન સ્કુલ, સાંતલપુર ધાર વંથલી ખાતે સવારના ૮-૦૦ થી બપોરના ૧ કલાક સુધી સર્વરોગ નિદાન કેમ્પ યોજાશે. આ કેમ્પમાં તમામ પ્રકારના સામાન્ય રોગો, સ્ત્રી રોગો, હાડકાના રોગો, ચામડી-વાળના રોગો, દાંત-કીડની-કેન્સર સહિતના રોગોની સારવાર માટે નિદાન કેમ્પમાં નિષ્ણાંત ડોકટરો સેવા આપશે. જેમાં ડો.એમ.એમ. દોલકીયા-ઓર્થોપેડીક, ડો.જયંત પંડયા યુરો સર્જન, ડો.યાસીન વાજા-ડેન્ટલ સર્જન, ડો.હીના સીડા, ડો.આકીબ બુખારી, ડો.ઝયનબ હલવાઈ, ડો.મોઈન સીડા સહિતના ડોકટરો કેમ્પમાં સેવા આપશે. જાવિદભાઈ ઠેબાના માર્ગદર્શન હેઠળ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. કેમ્પને સફળ બનાવવા માટે સમસ્ત સુન્ની યુવા સંધી મુસ્લીમ સમાજના પ્રમુખ અમીનભાઈ સીડા, જૂનાગઢ શહેર પ્રમુખ બશીરભાઈ સાંધ, ચેરમેન તૈયબભાઈ સેતા, સામાજીક કાર્યકર હાજીભાઈ ઠેબા, વંથલી તાલુકા પ્રમુખ અમીનભાઈ નોતીયાર તેમજ સમગ્ર યુવા ટીમ ભારે જહેમત ઉઠાવી રહી છે.

## જૂનાગઢમાં યુવાને ઉંઘની ગોળીઓ પી જતા સારવાર દરમ્યાન મૃત્યું

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૯

જૂનાગઢના ગોધાવાવ પાટી વિસ્તારમાં રહેતા યુવાને કોઈ કારણોસર નીંદરની ગોળીઓ પી જતા સારવાર દરમ્યાન મોત નિપજયાનું એ ડીવીઝન પોલીસ મથકે નોંધાયું છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર એ ડીવીઝન પોલીસ મથકે પરેશભાઈ શાંતિલાલ ટીયાળીયાએ જાહેર કરેલ કે પોતાના મૃતક ભાઈ હિતેષભાઈ ટીયાળીયા (ઉ.વ.૪૦)એ કોઈ કારણોસર નિંદરની ગોળીઓ પી જતા સારવાર દરમ્યાન તેઓનું મૃત્યું થયાનું જાહેર કરતા પોલીસે ધોરણસરની કાર્યવાહી કરી છે.

## માણાવદરના શેરડી ગામે સાયકલ ઉપર ૧૧ કેવી વાયર પડતા યુવાનનું મોત

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૯

માણાવદરના શેરડી ગામે સાયકલ લઈ જઈ રહેલ યુવાન પર ૧૧ કેવીનો વાયર પડતા ઈલેકટ્રીક શોક લાગતા મોત થયાનું માણાવદર પોલીસ મથકે નોંધાયું છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર માણાવદર પોલીસ મથકે વીજય લાલજી મકવાણાએ જાહેર કરેલ કે મૃતક જયેશ ભરતભાઈ રાઠોડ (ઉ.વ.૨૦) વાળાઓ સાયકલ લઈને ઘરે જતા હોય દરમ્યાન સાયકલ ઉપર ૧૧ કેવીનો વાયર પડતા ઈલેકટ્રીક શોક લાગતા મોત નિપજયાનું જાહેર કરતા પોલીસે ધોરણસરની કાર્યવાહી કરી છે.





